

'મારું જીવન એ જ મારો સંદેશ'

# ગાંધીજીનું જીવન
# ના જ શબ્દોમાં

GJ
891.474
G 151 K

નવજીવન

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.474 G 151 K
00130365

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130365
Date 14-9-2010
SIMLA

પાંચ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૮૩

પહેલી આવૃત્તિ, પ્રત ૧૫,૦૦૦, માર્ચ ૧૯૮૩
ઓગણીસમું પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦, સપ્ટેમ્બર ૨૦૦૭
કુલ પ્રત : ૧,૦૭,૦૦૦

આ પુસ્તક નવજીવન ટ્રસ્ટ તરફથી
રાહત દરે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ISBN 81-7229-039-X

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

યુનેસ્કો (સંયુક્ત રાષ્ટ્રસંઘના કેળવણી, વિજ્ઞાન અને સંસ્કારના વિષયોનું મંડળ) એ દુનિયાની આજની વિષમ સ્થિતિમાં ગાંધીજીના જીવન, કાર્ય અને સંદેશાનો દુનિયાના લોકોને પરિચય કરાવવાના આશયથી 'All Men Are Brothers' નામનો ગાંધીજીનાં લખાણોનો સંગ્રહ ૧૯૫૯માં પ્રસિદ્ધ કર્યો હતો. એ સંગ્રહની રચના એવી રીતે કરવામાં આવી હતી કે ગાંધીજીના વિશાળ સાહિત્ય સુધી જે વાચક ન પહોંચી શકે તે પણ આ સંગ્રહ મારફત તેમનાં કાર્ય, વિભૂતિ અને કાર્યપદ્ધતિનો તથા તેમના વિચારોનો પરિચય કરી શકે. આ સંગ્રહ ફ્રેન્ચ અને સ્પૅનિશ ભાષામાં પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

નવજીવને એ અંગ્રેજી સંગ્રહની ભારતીય આવૃત્તિ તથા હિંદી અને ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કર્યા છે. ત્રણે ભાષાની આ આવૃત્તિઓને સારો એવો આવકાર મળ્યો છે અને અત્યાર સુધીમાં એની ત્રણ ત્રણ આવૃત્તિઓ થઈ ચૂકી છે.

આ નાનકડું પુસ્તક (ગાંધીજીનું જીવન - એમના જ શબ્દોમાં) 'આપણે સૌ એક પિતાનાં સંતાન' નામે પ્રસિદ્ધ થયેલા યુનેસ્કો દ્વારા પ્રકાશિત સંગ્રહનું પહેલું પ્રકરણ છે. તેમાં ગાંધીજીના જન્મથી માંડીને ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખે તેમનું અવસાન થયું તેના વીસ કરતાં પણ ઓછા કલાક અગાઉ સુધીનું તેમનું જીવન અને વિચારો સમાવી લેવામાં આવ્યા છે. આ અત્યંત ટૂંકો છતાં સંપૂર્ણ એવો સંક્ષેપ હાલના નૅશનલ બુક ટ્રસ્ટના ચૅરમૅન શ્રી કૃષ્ણ કૃપાલાણીએ કરેલો છે. તેમણે આ પ્રકરણને સ્વતંત્ર નાના પુસ્તકરૂપે છાપવાની સંમતિ આપી તે બદલ અમે તેમના આભારી છીએ.

સામાન્ય પ્રજામાં અને ખાસ કરીને યુવાન પેઢીમાં ગાંધીજીના જીવન વિશે જાણવાની જે જિજ્ઞાસા ઊભી થઈ છે તેને સંતોષવા 'ગાંધીજીનું જીવન - એમના જ શબ્દોમાં'ની આ આવૃત્તિ રાહત દરે સુલભ કરવામાં આવી રહી છે. આશા છે કે ગુજરાતી વાચકો તરફથી તેને સુંદર આવકાર મળશે. આની હિંદી અને અંગ્રેજી આવૃત્તિ પણ બે મહિનાની અંદર જ પ્રસિદ્ધ કરવાની યોજના છે, જેથી તે દેશભરના વાચકોની જિજ્ઞાસા સંતોષી શકે.

૪-૦૩-૧૯૮૩

# એક લાખ નકલો ખપી ગઈ છે

'ગાંધીજીનું જીવન - એમના જ શબ્દોમાં'ની પહેલી આવૃત્તિ ૧૯૮૩માં પ્રસિદ્ધ થઈ હતી. અમારી અપેક્ષા પ્રમાણે, સામાન્ય પ્રજામાં અને યુવાન પેઢીમાં ગાંધીજીના જીવન વિશે જાણવાની જે જિજ્ઞાસા ઊભી થઈ છે તેને કારણે, આ નાનકડા પુસ્તકને અભૂતપૂર્વ આવકાર મળ્યો છે. તેનું ઓગણીસમું પુનર્મુદ્રણ થઈ રહ્યું છે ત્યારે તેણે કુલ એક લાખ નકલનો આંકડો વટાવી દીધો છે. અમને આશા જ નહીં પણ ખાતરી છે કે 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ની જેમ જ આ પુસ્તકનું પણ વરસો સુધી પુનર્મુદ્રણ થતું રહેશે અને આ નાનકડું પુસ્તક વાંચ્યા પછી વાચક ગાંધીજીની સંપૂર્ણ આત્મકથા વાંચવા પ્રેરાશે. પુસ્તકની કિંમત પરથી વાચક જોઈ શકશે કે નવજીવન તરફથી આ પુસ્તક રાહત દરે વાચકોના હાથમાં મૂકવામાં આવે છે.

૧૬-૦૫-૨૦૦૬

## ગાંધીજીનું જીવન
## એમના જ શબ્દોમાં

મારે આત્મકથા ક્યાં લખવી છે ? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાંત જેવી થઈ જશે એ ખરું છે. પણ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. ૧

રાજ્યપ્રકરણી ક્ષેત્રમાંના મારા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નાહીં પણ થોડેઘણે અંશે સુધરેલું કહેવાતું જગત પણ જાણે છે. એની કિંમત મારે મન ઓછામાં ઓછી છે. અને તેથી એ પ્રયોગોની મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યું છે એની કિંમત પણ જૂજ જ છે. કેટલીક વેળા તો એ વિશેષણે મને અતિશય દુઃખ પણ દીધું છે. એ વિશેષણથી હું ફુલાઈ ગયો હોઉં એવી એક પણ ક્ષણ મને યાદ નથી. પણ મારા આધ્યાત્મિક પ્રયોગો, જે હું જ જાણી શકું અને જેમાંથી મારી રાજ્યપ્રકરણી ક્ષેત્ર ઉપરની શક્તિ પણ ઉદ્ભવી છે તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું. જો એ ખરેખર આધ્યાત્મિક હોય તો એમાં તો ફૂલણશીને સ્થાન જ નથી. એમાંથી તો કેવળ નમ્રતાની જ વૃદ્ધિ થાય. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુદ્ધ રીતે જોઈ શકું છું. ૨

મારે જે કરવું છે, જેની હું ત્રીસ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે

તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે, અને મારું રાજ્યપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધીન છે. પણ મૂળથી જ મારો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારું શક્ય છે તે બધાને સારું શક્ય છે. તેથી મારા પ્રયોગો ખાનગી નથી થયા, નથી રહ્યા. એ સહુ જોઈ શકે એમાં મને તેની આધ્યાત્મિકતા ઓછી થતી હોય એમ નથી લાગતું. એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે જે આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે, પણ એવી વસ્તુ આપવી એ મારી શક્તિ ઉપરાંતની વાત થઈ. મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ. ૩

આ પ્રયોગોને વિશે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિશે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિશે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારું છેવટનાં જ છે, એ ખરાં છે અથવા તો એ જ ખરાં છે, એવો દાવો હું કોઈ દિવસ કરવા ઇચ્છતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દૃષ્ટિએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે. જો ન લાગે તો મારે એના ઉપર કોઈ પણ કાર્ય ન રચવું જોઈએ. પણ હું તો પગલે પગલે જે જે વસ્તુઓને જોઉં તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય

એવા બે ભાગ પાડી લઉં અને જેને ગ્રાહ્ય વસ્તુ સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું. ૪

મારું જીવન એકરૂપ છે, અખંડ છે, અને મારી બધી પ્રવૃત્તિઓ એકબીજા જોડે સંકળાયેલી છે. અને એ બધીનો ઉદ્ભવ મારા અખૂટ માનવપ્રેમમાંથી થયેલો છે. ૫

ગાંધીકુટુંબ પ્રથમ તો ગાંધિયાણાનો વેપાર કરનારું હોય એમ જણાય છે. પણ મારા દાદાથી માંડીને ત્રણ પેઢી થયાં તો એ કારભારું કરતું આવેલું છે. ઉત્તમચંદ ગાંધી અથવા ઓતા ગાંધી ટેકીલા હશે એમ લાગે છે. તેમને રાજખટપટને લીધે પોરબંદર છોડવું પડેલું, ને જૂનાગઢ રાજ્યમાં આશ્રય લીધેલો. તેમણે નવાબસાહેબને સલામ ડાબે હાથે કરી. કોઈએ આ દેખાતા અવિનયનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો: 'જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચૂક્યો છે.' ૬

પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિશે આસક્ત પણ હશે. તેમનો છેલ્લો વિવાહ ચાળીસમા વર્ષ પછી થયેલો. તેઓ લાંચથી દૂર ભાગતા, તેથી શુદ્ધ ન્યાય આપતા એવી અમારા કુટુંબમાં અને બહાર વાયકા હતી. ૭

માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે.... કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે. ૮

આ માતાપિતાને ત્યાં... હું સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ને દિવસે, એટલે સને ૧૮૬૯ના ઑક્ટોબરની બીજી તારીખે, પોરબંદર અથવા સુદામાપુરીમાં જન્મ પામ્યો.... બચપણ પોરબંદરમાં જ ગયું. કોઈ નિશાળમાં મને મૂકવામાં આવેલો એવું યાદ છે.

મુશ્કેલીથી થોડા પાડા શીખેલો. તે કાળે છોકરાઓની સાથે હું મહેતાજીને માત્ર ગાળ દેતાં શીખેલો એટલું યાદ છે, અને બીજું કાંઈ જ યાદ નથી. તેથી હું અનુમાન કરું છું કે મારી બુદ્ધિ મંદ હશે, અને યાદશક્તિ કાચી હશે. ૯

હું અતિશય શરમાળ છોકરો હતો. નિશાળમાં મારા કામ સાથે જ કામ હતું. ઘંટ વાગવાને સમયે પહોંચવું અને નિશાળ બંધ થયે ઘેર ભાગવું. 'ભાગવું' શબ્દ ઈરાદાપૂર્વક લખું છું કેમ કે મને કોઈની સાથે વાતો કરવાનું ન ગમતું. 'કોઈ મારી મશ્કરી કરશે તો?' એવી બીક પણ રહેતી. ૧૦

હાઈસ્કૂલના પહેલા જ વર્ષનો, પરીક્ષા વખતનો એક બનાવ નોંધવા યોગ્ય છે. કેળવણીખાતાના ઈન્સ્પેક્ટર જાઈલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. તેમણે પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખાવ્યા. તેમાં એક શબ્દ 'કેટલ' (Kettle) હતો. તેની જોડણી મેં ખોટી લખી. માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો. પણ હું શાનો ચેતું ? મને એમ ભાસી ન શક્યું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું કહે. માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું. બધા છોકરાના પાંચે શબ્દ ખરા પડ્યા ને એકલો હું ઠોઠ ઠર્યો ! મારી 'મૂર્ખાઈ' મને માસ્તરે પાછળથી સમજાવી; પણ મારા મન ઉપર તે સમજૂતીની કશી અસર ન થઈ. મને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડ્યું. ૧૧

તેર વર્ષની ઉંમરે મારા વિવાહ થયા એની નોંધ લેતાં અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બારતેર વર્ષનાં બાળકો પડ્યાં છે તેમને જોઉં છું ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે, અને બાળકોને મારી સ્થિતિમાંથી બચ્યાને સારું

મુબારકબાદી આપવાની ઈચ્છા થાય છે. તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી. ૧૨

એ વેળાએ મને તો, સારાં કપડાં પહેરશું, વાજાં વાગશે, ફુલેકાં ચડશે, સારાં ભોજનો મળશે, એક નવી બાળા સાથે વિનોદ કરશું, વગેરે અભિલાષા ઉપરાંત બીજું વિશેષ હોય એવું સ્મરણ નથી. વિષય ભોગવવાની વૃત્તિ તો પાછળથી આવી. ૧૩

એ પ્રથમ રાત્રિ ! બે નિર્દોષ બાળકોએ વગર જાણ્યે સંસારમાં ઝંપલાવ્યું. ભાભીએ શિખામણ આપી કે મારે પહેલી રાતે કેમ વરતવું. ધર્મપત્નીને કોણે શિખામણ આપી હશે એ તો મેં પૂછ્યું હોય એવું યાદ નથી. હજી પુછાય એમ છે. પણ પૂછવાની ઈચ્છા સરખીયે થતી નથી. વાંચનાર એટલું જાણે કે અમે બંને એકબીજાથી ડરતાં હતાં એવો ભાસ આવે છે. એકબીજાથી શરમાતાં તો હતાં જ. વાતો કેમ કરવી, શી કરવી, એ હું શું જાણું ? મળેલી શિખામણ પણ મદદ શું કરે ? પણ કંઈ શીખવવું તે પડે ?... ધીમે ધીમે એકબીજાને ઓળખતાં થયાં, બોલતાં થયાં. અમે બંને સરખી ઉંમરનાં છીએ. મેં તો ધણીપણું આદર્યું. ૧૪

મારે કહેવું જોઈએ કે હું મારી સ્ત્રી પરત્વે વિષયાસક્ત હતો. નિશાળમાંયે તેના વિચાર આવે, રાત્રિ ક્યારે પડે અને ક્યારે અમે મળીએ એ વિચાર રહ્યા જ કરે. વિયોગ અસહ્ય હતો. મારી કેટલીક કાલીઘેલી વાતોથી હું કસ્તૂરબાઈને જગાડ્યા જ કરું. આ આસક્તિની જ સાથે જો મારામાં કર્તવ્યપરાયણતા ન હોત તો રોગથી પીડાઈ મૃત્યુને વશ થયો હોત, અથવા આ જગતમાં વૃથા જીવી રહ્યો હોત, એમ મને ભાસે છે. સવાર થાય એટલે નિત્યકર્મો તો કરવાં જ

જોઈએ, કોઈને છેતરી ન જ શકાય, આવા મારા વિચારોથી હું ઘણાં સંકટોમાંથી બચ્યો. ૧૫

મારું પોતાનું સ્મરણ એવું છે કે મને મારી હોશિયારી વિશે કંઈ માન નહોતું. ઈનામ કે શિષ્યવૃત્તિ મળે તો મને આશ્ચર્ય થતું. પણ મારા વર્તન વિશે મને બહુ ચીવટ હતી. વર્તનમાં ખોડ આવે તો મને રડવું જ આવે. શિક્ષકને ઠપકો આપવો પડે એવું મારે હાથે કંઈ પણ થાય અથવા શિક્ષકને તેવું ભાસે એ મને અસહ્ય થઈ પડે. એક વખત માર ખાવો પડ્યો હતો એવું મને સ્મરણ છે. મારનું દુઃખ નહોતું, પણ હું દંડને પાત્ર ગણાયો એ મહાદુઃખ હતું. હું ખૂબ રડ્યો. ૧૬

હાઈસ્કૂલમાં મને થોડા જ અંગત મિત્રો હતા. જેને એવી મિત્રતાનું નામ આપી શકાય એવા બે મિત્રો જુદે જુદે વખતે મારે હતા એમ કહી શકાય. એ પૈકીની એક મિત્રતા... મારી જિંદગીનું દુઃખદ પ્રકરણ છે. એ સંગ ઘણાં વર્ષો સુધી ચાલ્યો. તે સંગ કરવામાં મારી સુધારક દૃષ્ટિ હતી. ૧૭

મારી ગણતરી બરાબર નહોતી એમ હું પાછળથી જોઈ શક્યો. સુધારો કરવા સારુ પણ માણસે ઊંડા પાણીમાં ઊતરવું નહીં જોઈએ. જેને સુધારવા છે તેની સાથે મિત્રતા હોય નહીં. મિત્રતામાં અદ્વૈતભાવના હોય. એવી મિત્રતા જગતમાં ક્વચિત જ જોવામાં આવે છે. મિત્રતા સરખા ગુણવાળા વચ્ચે શોભે ને નભે.. મિત્રો એકબીજાની ઉપર અસર પાડ્યા વિના ન જ રહે. એટલે મિત્રતામાં સુધારાને અવકાશ બહુ ઓછો હોય છે. મારો અભિપ્રાય એવો છે કે અંગત મિત્રતા અનિષ્ટ છે, કેમ કે મનુષ્ય દોષને ઝટ ગ્રહણ કરે છે. ગુણ ગ્રહણ કરવાને સારુ પ્રયાસની આવશ્યકતા છે. જેને આત્માની, ઈશ્વરની મિત્રતા જોઈએ છે તેણે એકાકી રહેવું ઘટે છે,

અથવા આખા જગતની સાથે મૈત્રી કરવી ઘટે છે. ઉપરના વિચાર યોગ્ય હોય કે અયોગ્ય, મારો અંગત મિત્રતા કેળવવાનો પ્રસંગ નિષ્ફળ નીવડ્યો. ૧૮

આ મિત્રનાં પરાક્રમો મને મુગ્ધ કરતાં. તે ગમે તેટલું દોડી શકતા. તેમની ઝડપ તો બહુ સરસ હતી. લાંબું અને ઊંચું ખૂબ કૂદી શકે. માર સહન કરવાની શક્તિ પણ તેવી જ. આ શક્તિનું પ્રદર્શન પણ મને વખતોવખત કરાવે. પોતાનામાં જે શક્તિ ન હોય તે બીજાનામાં જોઈને મનુષ્ય આશ્ચર્ય પામે જ છે. તેવું મને થયું. આશ્ચર્યમાંથી મોહ પેદા થયો. મારામાં દોડવા-કૂદવાની શક્તિ નહીં જ જેવી હતી. હું પણ આ મિત્રના જેવો બળવાન થાઉં તો કેવું સારું ! ૧૯

વળી હું બીકણ હતો. ચોરના, ભૂતના, સર્પાદિના ભયોથી ઘેરાયેલો રહેતો. આ ભય મને પીડતા પણ ખૂબ. રાતના એકલા ક્યાંયે જવાની હિંમત ન મળે. અંધારામાં તો ક્યાંયે ન જાઉં. દીવા વિના સૂવું લગભગ અશક્ય. રખે અહીંથી ભૂત આવે, ત્યાંથી ચોર, ત્રીજી જગ્યાએથી સર્પ ! એટલે દીવો તો જોઈએ જ. ૨૦

આ મારી નબળાઈઓની પેલા મિત્રને ખબર હતી. તે તો જીવતા સર્પોને પણ હાથે પકડે એમ મને કહે. ચોરથી ન જ ડરે. ભૂતને તો માને જ નહીં. આ બધું માંસાહારને પ્રતાપે છે એમ તેણે મને ઠસાવ્યું. ૨૧

આ બધાંની મારા મન ઉપર પૂરી અસર થઈ.... માંસાહાર સારી વસ્તુ છે, તેથી હું બળવાન ને હિંમતવાન થઈશ, દેશ આખો માંસાહાર કરે તો અંગ્રેજોને હરાવી શકાય, એમ હું માનતો થયો. ૨૨

જ્યારે જ્યારે આવું ખાણું ખાવામાં આવે ત્યારે ત્યારે ઘેર જમવાનું તો ન જ બને. માતા જ્યારે જમવા બોલાવે ત્યારે, 'આજે ભૂખ

નથી, પચ્યું નથી,' એવાં બહાનાં કાઢવા પડે. આમ કહેતાં દરેક વેળા મને ભારે આઘાત પહોંચતો. આ જૂઠું, તેય માની સામે ! વળી જો માતાપિતા જાણે કે દીકરા માંસાહારી થયા છે તો તો તેમના પર વીજળી જ પડે. આ ખ્યાલો મારું હૃદય કોરી ખાતા હતા.

તેથી મેં નિશ્ચય કર્યો: 'માંસ ખાવું આવશ્યક છે; તેનો પ્રચાર કરી હિંદુસ્તાનને સુધારશું; પણ માતાપિતાને છેતરવાં અને જૂઠું બોલવું એ માંસ ન ખાવા કરતાંયે ખરાબ છે. તેથી માતાપિતાના જીવતાં માંસ ન ખવાય. તેમના મૃત્યુ પછી સ્વતંત્ર થયે ખુલ્લી રીતે માંસ ખાવું, ને તે સમય ન આવે ત્યાં સુધી માંસાહારનો ત્યાગ કરવો.'

આ નિશ્ચય મેં મિત્રને જણાવી દીધો ને ત્યારથી માંસાહાર છૂટ્યો તે છૂટ્યો જ. ૨૩

એક વેળા મને આ ભાઈ વેશ્યાવાડમાં લઈ ગયા. ત્યાં એક બાઈના મકાનમાં મને યોગ્ય સૂચનાઓ આપીને મોકલ્યો. મારે કંઈ તેને પૈસા વગેરે આપવાના નહોતા. હિસાબ થઈ ચૂક્યો હતો. મારે તો માત્ર ગોઠડી કરવાની હતી. હું મકાનમાં પુરાયો તો ખરો. પણ જેને ઈશ્વર ઉગારવા ઇચ્છે તે પડવા ઇચ્છતો છતો પવિત્ર રહી શકે છે. આ કોટડીમાં હું તો આંધળો જ થઈ ગયો. મને બોલવાનું ભાન ન રહ્યું. શરમનો માર્યો સ્તબ્ધ થઈ એ બાઈની પાસે ખાટલા ઉપર બેઠો, પણ બોલી જ ન શક્યો. બાઈ ગુસ્સે થઈ ને મને બેચાર 'ચોપડી'ને દરવાજો જ બતાવ્યો. તે વેળા તો મારી મરદાનગીને લાંછન લાગ્યું એમ મને થયું, ને ધરતી મારગ દે તો તેમાં પેસી જવા ઇચ્છ્યું. પણ આમ ઊગર્યાને સારુ મેં ઈશ્વરનો સદાય પાડ માન્યો છે. આવા જ પ્રસંગ મારી જિંદગીમાં બીજા ચાર આવેલા છે. તેમાંના ઘણામાં, મારા પ્રયત્ન વિના, સંજોગોને લીધે હું બચ્યો છું

એમ ગણાય. વિશુદ્ધ દૃષ્ટિએ તો એ પ્રસંગોમાં હું પડ્યો જ ગણાઉં. મેં વિષયની ઇચ્છા કરી એટલે હું તે કરી ચૂક્યો. છતાં, લૌકિક દૃષ્ટિએ, ઇચ્છા કર્યા છતાં પ્રત્યક્ષ કર્મથી જે બચે છે તેને આપણે બચ્યો ગણીએ છીએ. અને હું આ પ્રસંગોમાં એ જ રીતે, એટલે જ અંશે બચ્યો ગણાઉં. ૨૪

જેમ ન પડવાનો પ્રયત્ન કરતો છતો મનુષ્ય પડે છે એવું આપણે અનુભવીએ છીએ, તેમ જ પડવા ઇચ્છતો છતો અનેક સંજોગોને કારણે મનુષ્ય બચી જાય છે એ પણ અનુભવસિદ્ધ વાત છે. આમાં પુરુષાર્થ ક્યાં છે, દૈવ ક્યાં છે, અથવા કયા નિયમોને વશ વર્તીને મનુષ્ય છેવટે પડે છે અથવા બચે છે, એ પ્રશ્નો ગૂઢ છે. તેનો ઉકેલ આજ લગી થયો નથી અને છેવટનો નિર્ણય થઈ શકશે કે નહીં એ કહેવું કઠિન છે. ૨૫

અમ્ દંપતી વચ્ચે કેટલોક અંતરાય પડતો અને કંકાસ થતો તેનું કારણ આ મિત્રતા પણ હતું.... હું પ્રેમી તેવો જ વહેમી પતિ હતો. મારા વહેમમાં વૃદ્ધિ કરનાર આ મિત્રતા હતી, કેમ કે મિત્રની સચ્ચાઈ પર મને અવિશ્વાસ જ નહોતો. આ મિત્રની વાતો માનીને મેં મારી ધર્મપત્નીને કેટલુંક દુ:ખ દીધું છે. તે હિંસાને સારું મેં મને કદી માફી નથી આપી. એવાં દુ:ખો હિંદુ સ્ત્રી જ સાંખતી હશે. અને તેથી મેં હંમેશાં સ્ત્રીને સહનશીલતાની મૂર્તિરૂપે કલ્પી છે. ૨૬

એ વહેમનો સર્વથા નાશ તો જ્યારે મને અહિંસાનું સૂક્ષ્મ જ્ઞાન થયું ત્યારે જ થયો. એટલે કે જ્યારે હું બ્રહ્મચર્યનો મહિમા સમજ્યો, ને સમજ્યો કે પત્ની પતિની દાસી નથી પણ તેની સહચારિણી છે, સહધર્મિણી છે, બંને એકબીજાનાં સુખદુ:ખનાં સરખાં ભાગીદાર છે, અને જેટલી સ્વતંત્રતા સારું-નઠારું કરવાની પતિને છે, તેટલી જ સ્ત્રીને છે. એ વહેમના કાળને જ્યારે સંભારું છું ત્યારે મને મારી

મૂર્ખતા ને વિષયાંધ નિર્દયતા ઉપર ક્રોધ આવે છે, ને મિત્રતાની મારી મૂર્છાને વિશે દયા ઊપજે છે. ૨૭

છ કે સાત વર્ષથી માંડીને હવે સોળ વર્ષનો થયો ત્યાં સુધી અભ્યાસ કર્યો, પણ ક્યાંય ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. શિક્ષકો પાસેથી સહેજે મળવું જોઈએ તે ન મળ્યું એમ કહેવાય. એમ છતાં વાતાવરણમાંથી કંઈક ને કંઈક તો મળ્યા જ કર્યું. અહીં ધર્મનો ઉદાર અર્થ કરવો જોઈએ. ધર્મ એટલે આત્મભાન, આત્મજ્ઞાન. ૨૮

પણ એક વસ્તુએ જડ ઘાલી – આ જગત નીતિ ઉપર નભેલું છે. નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે. સત્ય તો શોધવું જ રહ્યું. દિવસે દિવસે સત્યનો મહિમા મારી નજર આગળ વધતો ગયો. સત્યની વ્યાખ્યા વિસ્તાર પામતી ગઈ અને હજુ પામતી રહી છે. ૨૯

અસ્પૃશ્યતાને હું હિંદુ ધર્મમાં મહાન પાપ માનું છું. મારા આ વિચારો આજકાલના નથી. દક્ષિણ આફ્રિકામાં કફોડી સ્થિતિમાં આવી ગયા પછી આવ્યા છે એમ પણ નથી. એ વિચાર મારી નાસ્તિકતામાંથી જન્મ્યા છે એ પણ ખરું નથી. કેટલાક એમ માને છે કે ખ્રિસ્તીઓ સાથેના સંબંધમાંથી, ખ્રિસ્તી ધર્મનાં પુસ્તકોમાંથી વિચારો મારામાં ઊતર્યા છે. એ ભાઈઓ અહીંયાં હાજર હોત તો હું એમને સમજાવત કે એ તેમની ભ્રમણા છે.

જે વખતે મને બાઈબલ પર મોહ ન હતો, મેં બાઈબલ વાંચ્યું પણ નહતું, ખ્રિસ્તી ધર્મ પાળનારાઓના સંબંધમાં હું બિલકુલ નહોતો આવ્યો, ત્યારના મારા આ વિચારો બંધાયેલા છે.

મારી ઉંમર બાર વર્ષ કે તે નજીકની હતી ત્યારથી હું એ વસ્તુ સમજતો. અમારા કુટુંબમાં મેલું સાફ કરવા ઉકો નામનો એક

અંત્યજ આવતો. ઉકાને કેમ ન અડી શકું એ હું માતાને પૂછતો. કેટલીક વાર ઉકાને અડી પણ જતો. માતા મને નાહવાનો હુકમ કરતી એટલે હું નાહી તો લેતો, પણ સાથે વિનોદ પણ કરતો કે ઉકાને ન અડકવામાં ધર્મ નથી, ધર્મ હોઈ જ ન શકે. પિતૃભક્ત અને માતૃભક્ત હોવા છતાં કોઈ વાર ઝઘડો પણ કરતો. માતાને હું કહેતો કે એમાં તમને સમજ નથી પડતી. ઉકાને અડવામાં બાધ નથી. ૩૦

સને ૧૮૮૭ની સાલમાં મેં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. ૩૧

પાસ થયા પછી કૉલેજમાં જઈ આગળ ભણતર ચલાવવું એમ વડીલોની ઇચ્છા હતી. મુંબઈમાં પણ કૉલેજ અને ભાવનગરમાં પણ કૉલેજ. ભાવનગરનું ખરચ ઓછું તેથી ભાવનગર શામળદાસ કૉલેજમાં જવાનો ઠરાવ થયો. ત્યાં મને કાંઈ આવડે નહીં, બધું મુશ્કેલ લાગે, અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં ન પડે રસ ને ન પડે સમજ. આમાં દોષ અધ્યાપકોનો નહોતો, મારી કચાશનો જ હતો. તે કાળના શામળદાસ કૉલેજના અધ્યાપકો તો પહેલી પંક્તિના ગણાતા. પહેલી ટર્મ (એટલે સત્ર) પૂરી કરી ઘેર આવ્યો. ૩૨

કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર એક વિદ્વાન, વ્યવહારકુશળ બ્રાહ્મણ... રજાના દિવસોમાં ઘેર આવ્યા. માતુશ્રી અને વડીલ ભાઈ સાથે વાતો કરતાં મારા ભણતર વિશે પૂછપરછ કરી. હું શામળદાસ કૉલેજમાં છું એમ સાંભળી કહ્યું: 'જમાનો બદલાયો છે.... તમારે તેને વિલાયત મોકલવો જોઈએ. મારો દીકરો કેવળરામ કહે છે કે ત્યાં ભણતર સહેલું છે. ત્રણ વર્ષમાં ભણીને પાછો આવશે. ખરચ પણ ચારપાંચ હજારથી વધારે નહીં થાય. જુઓને પેલા નવા બારિસ્ટર આવ્યા છે તે કેવા દમામથી રહે છે ! તેને કારભારું જોઈએ તો આજે મળે. મારી તો સલાહ છે કે

મોહનદાસને તમારે આ વર્ષે જ વિલાયત મોકલી દેવો.' ૩૩

માતુશ્રીને તો કંઈ ગમ ન પડી.... કોઈ કહે, જુવાનિયા વિલાયત જઈ વંઠી જાય છે; કોઈ કહે, તેઓ માંસાહાર કરે છે; કોઈ કહે, દારૂ વિના ન જ ચાલે. માતાએ આ બધું મને સંભળાવ્યું. મેં કહ્યું, 'પણ તું મારો વિશ્વાસ નહીં રાખે ? હું તને છેતરીશ નહીં. સોગન ખાઈને કહું છું કે એ ત્રણે વસ્તુથી હું બચીશ. એવું જોખમ હોય તો જોશીજી કેમ જવા દે ?'... મેં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. માતાએ આજ્ઞા આપી. ૩૪

અભ્યાસને ખાતર લંડન આવવાનો ઈરાદો મારા મનમાં પાકો થયો તે અગાઉ લંડન શું છે એ જાણવાનું મારું કુતૂહલ સંતોષવાને અહીં આવવાનો ઘાટ મેં મનમાં ને મનમાં ઘડ્યો હતો. ૩૫

અઢાર વર્ષની ઉંમરે હું વિલાયત ગયો.... બધું જ અજાણ્યું – લોકો વિચિત્ર, રહેણી વિચિત્ર, ઘરો પણ વિચિત્ર. ઘરોમાં રહેવાની રીતભાત પણ તેવી જ. શું બોલતાં ને શું કરતાં એ રીતભાતના નિયમનો ભંગ થતો હશે એનું પણ થોડું જ ભાન. સાથે ખાવાપીવાની પરહેજી અને ખાઈ શકાય તેવો ખોરાક લૂખો અને રસ વિનાનો લાગે. એટલે મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. વિલાયત ગમે નહીં ને પાછા દેશ જવાય નહીં. વિલાયત આવ્યો એટલે ત્રણ વર્ષ પૂરાં કરવાનો જ આગ્રહ હતો. ૩૬

મારા ખોરાકનો પ્રશ્ન બહુ મોટો થઈ પડ્યો. મીઠું-મસાલા વિનાનાં શાકો ભાવે નહીં. ઘરધણી બાઈ મારે સારુ શું રાંધે ?... મિત્ર માંસાહાર કરવાનું રોજ સમજાવે. હું તો પ્રતિજ્ઞાની આડ બતાવી મૂંગો થાઉં.... એક દિવસ મિત્રે મારી પાસે બેંથમનો ગ્રંથ વાંચવાનું શરૂ કર્યું. ઉપયોગિતાવાદ વિશે વાંચ્યું. હું ગભરાયો. ભાષા ઊંચી, હું માંડ સમજું. તેનું તેમણે વિવેચન કર્યું. મેં ઉત્તર

આપ્યો: 'મને માફ કરો એમ ઇચ્છું છું. હું આવી ઝીણી વાતો નહીં સમજું. માંસ ખાવું જોઈએ એ હું કબૂલ કરું છું. પણ મારી પ્રતિજ્ઞાનું બંધન હું નહીં તોડી શકું. એને વિશે દલીલ હું નહીં કરી શકું.' ૩૭

હું રોજ દસબાર માઈલ ચાલું. કોઈ ગરીબડા ભોજનગૃહમાં જઈ પેટ ભરીને રોટી ખાઈ લઉં, પણ સંતોષ ન વળે. આમ ભટકતાં એક દિવસ હું ફેરિંગ્ડન સ્ટ્રીટ પહોંચ્યો ને 'વેજિટેરિયન રેસ્ટરાં' (અન્નાહારી વીશી) એવું નામ વાંચ્યું. બાળકને મનગમતી વસ્તુ મળવાથી જે આનંદ થાય તે મને થયો. હર્ષઘેલો હું અંદર દાખલ થાઉં તેના પહેલાં તો મેં દરવાજા પાસેની કાચની બારીમાં વેચવાનાં પુસ્તકો જોયાં. તેમાં મેં સૉલ્ટનું 'અન્નાહારની હિમાયત' નામનું પુસ્તક જોયું. એક શિલિંગ આપી ખરીદ્યું ને પછી જમવા બેઠો. વિલાયતમાં આવ્યા પછી પેટ ભરીને ખાવાનું પ્રથમ અહીં મળ્યું. ઈશ્વરે મારી ભૂખ ભાંગી.

સૉલ્ટનું પુસ્તક વાંચ્યું. મારા પર તેની છાપ સરસ પડી. આ પુસ્તક વાંચ્યાની તારીખથી હું મરજિયાત એટલે વિચારથી અન્નાહારમાં માનતો થયો. માતાની પાસે કરેલી પ્રતિજ્ઞા હવે મને વિશેષ આનંદદાયી થઈ પડી; અને જેમ અત્યાર સુધીમાં બધા માંસાહારી થાય તો સારું એમ માનતો હતો, અને પ્રથમ કેવળ સત્ય જાળવવાને ખાતર અને પાછળથી પ્રતિજ્ઞા જાળવવાને ખાતર જ માંસત્યાગ કરતો હતો, ને ભવિષ્યમાં કોઈ દહાડો પોતે છૂટથી ઉઘાડી રીતે માંસ ખાઈ બીજાને ખાનારની ટોળીમાં ભેળવવાની હોંશ રાખતો હતો, તેમ હવે જાતે અન્નાહારી રહી બીજાને તેવા બનાવવાનો લોભ લાગ્યો. ૩૮

જે નવો ધર્મ સ્વીકારે છે તેની તે ધર્મના પ્રચારને લગતી ધગશ

તે ધર્મમાં જન્મેલાના કરતાં વધારે જોવામાં આવે છે. અન્નાહાર એ વિલાયતમાં તો નવો ધર્મ જ હતો, અને મારે સારુ પણ તેમ જ ગણાય, કેમ કે બુદ્ધિથી તો હું માંસાહારનો હિમાયતી થયા પછી વિલાયત ગયો હતો. અન્નાહારની નીતિનો જ્ઞાનપૂર્વક સ્વીકાર તો મેં વિલાયતમાં જ કર્યો. એટલે મારે સારુ નવા ધર્મમાં પ્રવેશ કર્યા જેવું થયું હતું, નવધર્મીની ધગશ મારામાં આવી હતી. તેથી જે લત્તામાં તે વેળા હું રહેતો હતો તે લત્તામાં અન્નાહારી મંડળની સ્થાપના કરવાનો ઠરાવ કર્યો. આ લત્તો બેઝવૉટરનો હતો. તે લત્તામાં સર એડવિન આર્નલ્ડ રહેતા હતા. તેમને ઉપપ્રમુખ થવા નોતર્યા; તે થયા. દાક્તર ઓલ્ડફિલ્ડ પ્રમુખ થયા. હું મંત્રી બન્યો. ૩૯

અન્નાહારી મંડળની કાર્યવાહક સમિતિમાં હું ચૂંટાયો... અને ત્યાં દરેક વખતે હાજરી પણ ભરતો, પણ બોલવાને જીભ જ ન ઊપડે... મને બોલવાનું મન ન થતું એમ નાહીં, પણ શું બોલવું ?... મારું શરમાળપણું વિલાયતમાં છેવટ સુધી રહ્યું. કોઈને મળવા જતાંય જ્યાં પાંચસાત માણસનું મંડળ એકઠું થાય ત્યાં હું મૂંગો બની જાઉં. ૪૦

પણ મારી આવી શરમાળ પ્રકૃતિથી મારી ફજેતી થવા ઉપરાંત મને નુકસાન થયું નથી, ફાયદો થયો છે, એમ હવે જોઈ શકું છું. બોલવાનો સંકોચ મને પ્રથમ દુ:ખકર હતો તે હવે સુખકર છે. મોટો ફાયદો તો એ થયો કે, હું શબ્દોની કરકસર શીખ્યો. ૪૧

સન ૧૮૯૦માં પારીસમાં મહાપ્રદર્શન ભરાયું હતું. તેની તૈયારીઓ વિશે હું વાંચતો. પારીસ જોવાની તો તીવ્ર ઈચ્છા હતી જ. આ પ્રદર્શન જોવા જાઉં તો બેવડો લાભ થાય એમ વિચાર્યું. પ્રદર્શન જોવા જાઉં તો બેવડો લાભ થાય એમ વિચાર્યું. પ્રદર્શનમાં એફિલ

ટાવર જોવાનું ખેંચાણ બહુ હતું. એ ટાવર કેવળ લોખંડનો છે. એક હજાર ફૂટ ઊંચો છે. એક હજાર ફૂટ ઊંચું મકાન ઊભું જ ન રહી શકે એવી તે પહેલાં કલ્પના હતી. ૪૨

પ્રદર્શનની વિશાળતા અને વિવિધતા સિવાય બીજું મને કંઈ યાદ નથી. એફિલ ટાવર ઉપર તો બેત્રણ વેળા ચડેલો, એટલે તેનું સ્મરણ ઠીક છે. પહેલે મજલે ખાવાની સગવડ પણ હતી. એટલે ઊંચે ભોજન કર્યાનું કહી શકવા ખાતર ત્યાં ખાણું ખાધું ને સાડા સાત શિલિંગમાં દીવાસળી મેલી.

પારીસનાં પ્રાચીન દેવળો યાદ રહી ગયાં છે. તેમની ભવ્યતા, તેમની અંદર મળતી શાંતિ ન ભુલાય તેવાં છે. નૉત્રદામની કારીગરી ને અંદરનું ચિત્રકામ યાદ રહી ગયાં છે. જેમણે લાખો રૂપિયા આવાં સ્વર્ગીય દેવળોમાં નાખ્યા હશે તેમનામાં ઊંડે ઊંડે ઈશ્વરપ્રેમ તો હશે જ એમ લાગેલું. ૪૩

એફિલ ટાવર વિશે બે બોલ આવશ્યક છે. એફિલ ટાવર હાલ શો અર્થ સારે છે એ હું જાણતો નથી. પ્રદર્શનમાં ગયા પછી પ્રદર્શન વિશે વર્ણનો તો વાંચવામાં આવે જ. તેમાં તેની સ્તુતિ પણ સાંભળી ને નિંદા પણ સાંભળી. નિંદા કરનારામાં અગ્રેસર ટૉલ્સ્ટૉય હતા એવું મને યાદ છે. તેમણે લખેલું કે એફિલ ટાવર મનુષ્યની મૂર્ખાઈનું ચિહ્ન છે, તેના જ્ઞાનનું પરિણામ નથી. તેમના લેખમાં તેમણે જણાવ્યું હતું કે, દુનિયાના ચાલતા ઘણા નશાઓમાં તમાકુનું વ્યસન એક રીતે સહુથી વધારે ખરાબ છે. જે કુકર્મ કરવાની હિંમત દારૂ પીવાથી ન આવે તે બીડી પીવાથી આવે છે. દારૂ પીનાર ગાંડો બને છે, જ્યારે બીડી પીનારની અક્કલને ધૂમસ ચડે છે, ને તેથી તે હવાઈ કિલ્લા બાંધવા મંડી જાય છે. એફિલ ટાવર આવા વ્યસનનું પરિણામ છે એવો ટૉલ્સ્ટૉયે પોતાનો અભિપ્રાય જાહેર કર્યો હતો.

એફિલ ટાવરમાં કશું સૌન્દર્ય તો નથી જ. પ્રદર્શનને તેણે કશી શોભા આપી એમ ન કહી શકાય. એક નવી વસ્તુ છે, મોટી વસ્તુ છે, તે જોવાને હજારો માણસો ચડ્યા. એ ટાવર પ્રદર્શનનું એક રમકડું હતું. ને જ્યાં સુધી આપણે મોહને વશ છીએ ત્યાં સુધી આપણે પણ બાળક છીએ, એ વસ્તુ આ ટાવર સારી રીતે સિદ્ધ કરે છે એ તેની ઉપયોગિતા ભલે મનાઓ. ૪૪

પરીક્ષાઓ પસાર કરી. ૧૮૯૧ની દસમી જૂને હું બારિસ્ટર કહેવાયો, અગિયારમીએ ઇંગ્લેંડની હાઈકોર્ટમાં અઢી શિલિંગ આપી મારું નામ નોંધાવ્યું, બારમી જૂને હિંદુસ્તાન તરફ પાછો વળ્યો. ૪૫

વડીલ ભાઈએ તો મારા ઉપર ઘણી આશાઓ બાંધેલી. તેમને પૈસાનો, કીર્તિનો અને હોદ્દાનો લોભ પુષ્કળ હતો. તેમનું હૃદય બાદશાહી હતું. ઉદારતા ઉડાઉપણા સુધી તેમને લઈ જતી. આથી તેમ જ તેમના ભોળપણાથી તેમને મિત્રો કરતાં વાર ન લાગતી. આ મિત્રવર્ગની મારફત તેઓ મારે સારુ કેસો લાવવાના હતા. હું કમાણી ખૂબ કરવાનો છું એમ પણ તેમણે માની લીધું હતું, અને તેથી ઘરખર્ચ વધારી મૂક્યું હતું. મારે સારુ વકીલાતનું ક્ષેત્ર પણ તૈયાર કરવામાં પોતે બાકી નહોતી રાખી. ૪૬

પણ મારાથી ચારપાંચ માસથી વધારે મુંબઈમાં રહેવાય તેમ હતું જ નહીં, કેમ કે ખર્ચ વધતું જાય ને આવક કાંઈ જ નહીં.

આમ મેં સંસારમાં પ્રવેશ કર્યો. બારિસ્ટરી મને વસમી લાગવા માંડી. આડંબર ઘણો, આવડત થોડી. જવાબદારીનો ખ્યાલ મને કચડવા લાગ્યો. ૪૭

મુંબઈથી નિરાશ થઈ રાજકોટ ગયો. નોખી ઑફિસ ખોલી. કંઈક ગાડું ચાલ્યું. અરજીઓ ઘડવાનું કામ મળવા લાગ્યું, ને દર માસે સરેરાશ ત્રણસેં રૂપિયાની આવક થવા લાગી. ૪૮

દરમિયાન ભાઈની પાસે પોરબંદરની એક મેમણ પેઢીનું કહેણ આવ્યું : 'અમારો વેપાર દક્ષિણ આફ્રિકામાં છે. અમારી પેઢી મોટી છે. અમારો એક મોટો કેસ ચાલે છે. દાવો ચાળીસ હજાર પાઉંડનો છે. કેસ ઘણો વખત થયાં ચાલી રહ્યો છે. અમારી પાસે સારામાં સારા વકીલ-બારિસ્ટરો છે. જો તમારા ભાઈને મોકલો તો તે અમને મદદ કરે ને તેને પણ કંઈક મદદ મળે. તે અમારો કેસ અમારા વકીલને સારી રીતે સમજાવી શકશે. વળી, તે નવો મુલક જોશે ને ઘણા નવા માણસોની ઓળખાણ કરશે.' ૪૯

આ કંઈ વકીલાત ન કહેવાય. આ નોકરી હતી. પણ મારે તો જ્યાંત્યાંથી હિંદુસ્તાન છોડવું હતું. નવો મુલક જોવા મળશે ને અનુભવ મળશે તે જુદો. ૧૦૫ પાઉંડ ભાઈને મોકલીશ એટલે ઘરખર્ચમાં કંઈક મદદ થશે. આમ વિચાર કરી મેં તો પગાર વિશે રકઝક કર્યા વિના શેઠ અબદુલ કરીમની દરખાસ્ત કબૂલ રાખી ને દક્ષિણ આફ્રિકા જવા તૈયાર થયો. ૫૦

વિલાયત જતાં વિયોગદુ:ખ થયું હતું તે દક્ષિણ આફ્રિકા જતાં ન થયું. માતા તો ચાલી ગઈ હતી. મેં દુનિયાનો ને મુસાફરીનો અનુભવ લીધો હતો. રાજકોટ-મુંબઈ વચ્ચે તો આવજા હતી જ. એટલે વિયોગ માત્ર પત્નીની સાથેનો આ વેળા દુ:ખકર હતો. વિલાયતથી આવ્યા પછી એક બીજા બાળકની પ્રાપ્તિ થઈ હતી. અમારી વચ્ચેના પ્રેમમાં હજુ વિષય તો હતો જ. છતાં તેમાં નિર્મળતા આવવા લાગી હતી. વિલાયતથી મારા આવ્યા પછી અમે સાથે બહુ થોડું રહ્યાં હતાં, અને હું પોતે ગમે તેવો પણ શિક્ષક બન્યો હતો તેથી, તથા પત્નીમાં કેટલાક સુધારા કરાવ્યા હતા તેથી, તે નિભાવવા ખાતર પણ સાથે રહેવાની આવશ્યકતા અમને બંનેને જણાતી હતી. આમ આફ્રિકા મને ખેંચી રહ્યું હતું. તેણે વિયોગને સહ્ય બનાવ્યો. ૫૧



Acc. No. 130365
Date 14-9-2010

નાતાલનું બંદર ડરબન કહેવાય છે અને નાતાલ બંદરને નામે પણ ઓળખાય છે. મને લેવાને અબદુલ્લા શેઠ આવ્યા હતા. સ્ટીમર ડક્કામાં આવી અને નાતાલના લોકો સ્ટીમર ઉપર પોતાના મિત્રોને લેવા આવ્યા ત્યાં જ હું સમજી ગયો કે અહીં હિંદીને બહુ માન નથી. અબદુલ્લા શેઠને ઓળખનારા જે પ્રમાણે તેમની સાથે વર્તતા હતા તેમાંયે એક પ્રકારની તોછડાઈ હું જોઈ શકતો હતો, જે મને ડંખતી હતી. અબદુલ્લા શેઠને આ તોછડાઈ સદી ગઈ હતી. મને જેઓ જોતા હતા તે કંઈક કુતૂહલથી નિહાળતા હતા. મારા પોશાકથી હું બીજા હિંદીઓમાંથી કંઈક તરી આવતો હતો. મેં તે વેળા 'ફ્રૉકકોટ' વગેરે પહેર્યાં હતાં અને માથે બંગાળી ઘાટની પાઘડી પહેરી હતી. ૫૨

બીજે કે ત્રીજે દિવસે મને ડરબનની કોર્ટ જોવાને લઈ ગયા. ત્યાં કેટલીક ઓળખાણો કરાવી. કોર્ટમાં પોતાના વકીલની પાસે મને બેસાડ્યો. મૅજિસ્ટ્રેટ મારી સામું જોયા કરે. તેણે મને પાઘડી ઉતારવા કહ્યું. મેં ઉતારવાની ના પાડી, ને કોર્ટ છોડી. ૫૩

સાતમે કે આઠમે દહાડે હું ડરબનથી રવાના થયો (પ્રિટોરિયા જવા માટે). મારે સારુ પહેલા વર્ગની ટિકિટ કઢાવી.... નાતાલની રાજધાની મૅરિત્સબર્ગમાં ટ્રેન નવેક વાગ્યે પહોંચી. અહીં પથારી આપવામાં આવતી હતી. કોઈ રેલવેના નોકરે આવી પૂછ્યું, 'તમારે પથારી જોઈએ છે?'

મેં કહ્યું, 'મારી પાસે પથારી છે.'

તે ચાલ્યો ગયો. દરમિયાન એક ઉતારુ આવ્યો. તેણે મારી સામું જોયું. મને ભાતીગર જોઈ મૂંઝાયો. બહાર નીકળ્યો. એકબે અમલદારોને લઈ આવ્યો. કોઈએ મને કંઈ ન કહ્યું. છેવટે એક અમલદાર આવ્યો. તેણે કહ્યુ, 'આમ આવો, તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

મેં કહ્યું, 'મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.'

પેલે જવાબ આપ્યો: 'તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

'હું કહું છું કે, મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે ને હું તેમાં જ જવા ધારું છું.'

અમલદાર બોલ્યો, 'એમ નહીં બને. તમારે ઊતરવું પડશે, ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે.'

મેં કહ્યું, 'ત્યારે ભલે સિપાઈ ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું.'

સિપાઈ આવ્યો. તેણે હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેટિંગ રૂમમાં પેઠો, મારું હાથપાકીટ સાથે રાખ્યું. બાકી સામાનને હું ન અડક્યો. રેલવેવાળાએ સામાન ક્યાંક મૂક્યો.

આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઊંચાણના ભાગોમાં બહુ સખત હોય છે. મૅરિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો? ટાઢે થથર્યો. કોટડીમાં દીવો નહોતો. મધરાતને સુમારે એક ઉતારુ આવેલો. તે કંઈ વાત કરવા માગતો હોય એમ લાગ્યું, પણ હું વાત કરવાની મનોદશામાં નહોતો.

મેં મારો ધર્મ વિચાર્યો: 'કાં તો મારે મારા હકોને સારુ લડવું અથવા પાછા જવું, નહીં તો જે અપમાન થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું, અને કેસ પૂરો કરીને દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામરદી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો

ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં. અને તેનો વિરોધ રંગદ્વેષ દૂર કરવા પૂરતો જ કરવો.'

આવો નિશ્ચય કરી બીજી ટ્રેનમાં ગમે તે રીતે પણ આગળ જવું જ એમ નિશ્ચય કર્યો. ૫૪

મારું પ્રથમ પગલું તો પ્રિટોરિયામાં વસતા બધા હિંદીઓની એક સભા ભરી તેમની આગળ (ટ્રાન્સવાલમાંની તેમની) સ્થિતિનો ચિતાર મૂકવાનું હતું. ૫૫

આ મારું જિંદગીનું પહેલું ભાષણ ગણાય. મેં તૈયારી ઠીક કરી હતી. મારે સત્ય વિશે બોલવું હતું. વેપારમાં સત્ય ન ચાલે એવું હું વેપારીઓને મોઢેથી સાંભળતો આવ્યો હતો. એ વાત હું ત્યારે નહોતો માનતો. આજ પણ નથી માનતો. વેપારને અને સત્યને ન બને એમ કહેનારા વેપારીમિત્ર આજ પણ પડ્યા છે. તેઓ વેપારને વ્યવહાર કહે છે, સત્યને ધર્મ કહે છે, અને દલીલ કરે છે કે વ્યવહાર એક વસ્તુ છે, ધર્મ બીજી. વ્યવહારમાં શુદ્ધ સત્ય ન જ ચાલે, તેમાં તો યથાશક્તિ જ સત્ય બોલાયચલાય, એવી તેઓની માન્યતા. આ સ્થિતિનો મેં મારા ભાષણમા સારી પેઠે વિરોધ કર્યો ને વેપારીઓને તેમની બેવડી ફરજનું ભાન કરાવ્યું. પરદેશમાં આવવાથી તેમની જવાબદારી દેશમાં હોય તેના કરતાં વધી, કેમ કે ખોબા જેટલા હિંદીઓની રહેણીકરણી ઉપરથી હિંદના કરોડોનું માપ થતું હતું. ૫૬

પગથી ઉપર ચાલવાનો પ્રશ્ન મારે સારુ જરા ગંભીર પરિણામવાળો નીવડ્યો. હું હંમેશાં પ્રેસિડન્ટ સ્ટ્રીટમાં થઈને એક ખુલ્લા મેદાનમાં ફરવા જતો. આ મહોલ્લામાં પ્રેસિડન્ટ ક્રુગરનું ઘર

હતું. એ ઘરને વિશે આડંબર જરાયે નહોતો. તેને ફરતું કમ્પાઉન્ડ પણ ન હતું. બીજાં પડખેનાં ઘરોમાં અને આમાં કશો તફાવત માલૂમ ન પડે. લક્ષાધિપતિઓનાં ઘણાનાં ઘર પ્રિટોરિયામાં આ ઘર કરતાં ઘણાં મોટાં, શોભીતાં ને વાડવાળાં હતાં. પ્રેસિડન્ટની સાદાઈ પ્રખ્યાત હતી. આ ઘર કોઈ અમલદારનું છે એમ તેની સામે એક સિપાઈ ફરતો હોય તે ઉપરથી જ જણાય. આ સિપાઈની લગોલગ થઈને જ લગભગ હંમેશાં હું જાઉં. પણ સિપાઈ મને કંઈ ન કરે.

સિપાઈ વખતોવખત બદલાય. એક વેળા એક સિપાઈએ, ચેતવ્યા વિના, પગથી પરથી ઊતરી જવાનું કહ્યા વિના, મને ધક્કો માર્યો, લાત મારી, ને ઉતારી મૂક્યો. હું તો વિમાસણમાં જ પડ્યો. લાત મારવાનું કારણ હું પૂછવા જાઉં તે પહેલાં કોટ્સ જે ઘોડેસવાર થઈ તે જ વેળા ત્યાંથી પસાર થતા હતા તેમણે મને પોકારીને કહ્યું :

'ગાંધી, મેં બધું જોયું છે. તારે કેસ કરવો હોય તો હું સાક્ષી આપીશ. મને બહુ દિલગીરી થાય છે કે તારી ઉપર આવી રીતે હુમલો થયો.'

મેં કહ્યું : 'તેમાં દિલગીરીનું કારણ નથી. સિપાઈ બિચારો શું જાણે? તેને મન તો કાળા એટલા કાળા જ. તે હબસીઓને પગથી ઉપરથી આમ જ ઉતારતો હશે એટલે તેણે મને પણ ધક્કો માર્યો. મેં તો નિયમ જ કર્યો છે કે મારી જાત ઉપર વીતે તેને સારુ મારે અદાલતે ન જ ચડવું.' ૫૭

આ બનાવે હિંદી નિવાસીઓ પ્રત્યેની મારી લાગણી વધારે તીવ્ર કરી.... આમ મેં હિંદીઓની હાડમારીઓનો વાંચીને, સાંભળીને અને અનુભવીને અભ્યાસ કર્યો. મેં જોયું કે સ્વમાન જાળવવા ઇચ્છનાર હિંદીને સારુ દક્ષિણ આફ્રિકા યોગ્ય મુલક નથી. આ

સ્થિતિ કેમ બદલી શકાય એ વિચારોમાં મારું મન વધારે ને વધારે રોકાવા લાગ્યું. ૫૮

પ્રિટોરિયામાં મને જે એક વર્ષ મળ્યું તે મારા જીવનમાં અમૂલ્ય હતું. જાહેર કામ કરવાની મારી શક્તિનું કંઈક માપ મને અહીં મળ્યું, તે શીખવાનું અહીં મળ્યું. ધાર્મિક ભાવના એની મેળે તીવ્ર થવા લાગી. અને ખરી વકીલાત પણ અહીં જ શીખ્યો એમ કહેવાય. ૫૯

મેં જોયું કે વકીલનું કર્તવ્ય પક્ષકારોની વચ્ચે પડેલી તૂટ સાંધવાનું છે. આ શિક્ષણે મારા મનમાં એવી જડ ઘાલી કે મારી વીસ વર્ષની વકીલાતનો મુખ્ય કાળ મારી ઑફિસમાં બેઠાં સેંકડો કેસોની સમાધાનીઓ કરાવવામાં જ ગયો. તેમાં મેં ખોયું નહીં, દ્રવ્ય ખોયું એમ પણ ન કહેવાય. આત્મા તો ન જ ખોયો. ૬૦

જેની જેવી ભાવના તેવું તેને થાય, એ નિયમ મારે વિશે લાગુ પડતો મેં અનેક વેળા જોયો છે. લોકની એટલે ગરીબની સેવાની મારી પ્રબળ ઇચ્છાએ ગરીબોની સાથે મારું અનુસંધાન સદાય અનાયાસે કરી આપ્યું છે. ૬૧

હજુ મને વકીલાત શરૂ કર્યાને બેચાર માસ ભાગ્યે જ થયા હતા. કૉંગ્રેસની* પણ બાળવય હતી. તેટલામાં એક દિવસ એક ફાટેલાં કપડાં પહેરેલો, ધ્રૂજતો, મોંઢેથી લોહી ઝેરતો, જેના આગલા બે દાંત પડી ગયા હતા એવો, મદ્રાસી હિંદી ફેંટો હાથમાં રાખીને રોતો રોતો મારી સમક્ષ આવી ઊભો. તેને તેના માલિકે સખત માર માર્યો હતો. મારો મહેતો જે તામિલ જાણતો હતો તેની મારફત મેં તેની સ્થિતિ જાણી. બાલાસુંદરમ એક પ્રતિષ્ઠિત ગોરાને ત્યાં

* નાતાલની ધારાસભામાં પસાર થનારા હિંદી મતાધિકાર પ્રતિબંધન કાયદાની સામે આંદોલન ચલાવવા ગાંધીજીએ રચેલી નાતાલ ઇંડિયન કૉંગ્રેસ.

મજૂરી કરતો હતો. માલિકને કંઈ ગુસ્સો ચડ્યો હશે, તે ભાન ભૂલ્યો ને તેણે બાલાસુંદરમને સારી પેઠે માર માર્યો. પરિણામે બાલાસુંદરમના બે દાંત તૂટી ગયા.

મેં તેને દાક્તરને ત્યાં મોકલ્યો. તે કાળે ગોરા દાક્તરો જ મળતા. ઈજા વિશેના પ્રમાણપત્રની મને ગરજ હતી. તે મેળવી બાલાસુંદરમને હું મૅજિસ્ટ્રેટ પાસે લઈ ગયો. ત્યાં બાલાસુંદરમનું સોગંદનામું રજૂ કર્યું. એ વાંચી મૅજિસ્ટ્રેટ માલિક ઉપર ગુસ્સે થયો. તેના ઉપર તેણે સમન કાઢવાનો હુકમ કર્યો. ૬૨

બાલાસુંદરમના કેસની વાત ગિરમીટિયામાં ચોમેર ફેલાઈ ને હું તેમનો બંધુ ઠર્યો. મને આ વાત ગમી. મારી ઑફિસે ગિરમીટિયાઓની સેર શરૂ થઈ ને તેમનાં સુખદુઃખ જાણવાની મને ભારે સગવડ મળી. ૬૩

બીજાને નામોશ કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતા હશે એ કોયડો હજુ લગી હું ઉકેલી શક્યો નથી. ૬૪

આમ જો હું કોમી સેવામાં ઓતપ્રોત થઈ ગયો હતો તો તેનું કારણ આત્મદર્શનની અભિલાષા હતું. ઈશ્વરની ઓળખ સેવાથી જ થશે એમ ધારી સેવાધર્મનો સ્વીકાર કર્યો હતો. હિંદની સેવા કરતો હતો કેમ કે તે સેવા મને સહજપ્રાપ્ત હતી. તેની મને આવડત હતી, તેને મારે શોધવા નહોતું જવું પડ્યું. હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં – આત્મદર્શનના પ્રયત્નમાં. ૬૫

શુદ્ધ રાજનિષ્ઠા મેં જેટલી મારે વિશે અનુભવી છે તેટલી ભાગ્યે જ બીજામાં મેં જોઈ હોય. એ રાજનિષ્ઠાનું મૂળ સત્ય ઉપરનો મારો સ્વાભાવિક પ્રેમ હતો એમ હું જોઈ શકું છું, રાજનિષ્ઠાનો કે બીજી

કોઈ વસ્તુનો ડોળ મારાથી કોઈ દિવસ કરી જ નથી શકાયો. નાતાલમાં જ્યારે હું કોઈ સભામાં જતો ત્યારે ત્યાં 'ગૉડ સેવ ધ કિંગ' તો ગવાય જ. મને લાગ્યું કે મારે પણ તે ગાવું જોઈએ. બ્રિટિશ રાજનીતિમાં ખોડો ત્યારે પણ હું જોતો, છતાં એકંદરે મને તે નીતિ સારી લાગતી. બ્રિટિશ અમલનું ને અમલદારોનું વલણ એકંદરે પ્રજાનું પોષક છે એમ હું ત્યારે માનતો.

દક્ષિણ આફ્રિકામાં ઊલટી નીતિ જોતો, રંગદ્વેષ જોતો. તે ક્ષણિક અને સ્થાનિક છે એમ માનતો. તેથી રાજનિષ્ઠામાં હું અંગ્રેજોની હરીફાઈ કરવા મથતો. ખંતથી અંગ્રેજોના રાષ્ટ્રગીત 'ગૉડ સેવ ધ કિંગ'નો સૂર મેં શીખી લીધો. તે સભાઓમાં ગવાય તેમાં મારો સૂર ભેળવતો. અને જે જે પ્રસંગો આડંબર વિના વફાદારી બતાવવાના આવે તેમાં હું ભાગ લેતો.

એ રાજનિષ્ઠાને મારી જિંદગીભરમાં મેં કોઈ દિવસ વટાવી નથી. મારો અંગત લાભ સાધવાનો મને વિચાર સરખોયે નથી થયો. વફાદારીને કરજ સમજી મેં સદાય તે અદા કરી છે. ૬૬

હવે હું દક્ષિણ આફ્રિકામાં ત્રણ વર્ષ રહી ચૂક્યો હતો. લોકોને હું ઓળખતો થયો હતો. તેઓ મને ઓળખતા થયા હતા. સને ૧૮૯૬ની સાલમાં મેં છ માસને સારુ દેશ જવાની પરવાનગી માગી. મેં જોયું કે મારે દક્ષિણ આફ્રિકામાં લાંબી મુદત રહેવું જોઈશે. મારી વકીલાત ઠીક ચાલતી હતી એમ કહેવાય. જાહેર કામમાં મારી હાજરીની જરૂર લોકો જોતા હતા. હું પણ જોતો હતો. તેથી મેં દક્ષિણ આફ્રિકામાં કુટુંબ સહિત રહેવાનો નિશ્ચય કર્યો અને તે સારુ દેશ જઈ આવવું દુરસ્ત ધાર્યું. ૬૭

કુટુંબ સહિત દરિયાની આ મારી પહેલી મુસાફરી હતી.... જે સમય વિશે હું લખી રહ્યો છું તે સમયે હું માનતો કે સુધરેલા

ગણાવાને સારુ અમારો બાહ્યાચાર બને ત્યાં લગી યુરોપિયનોને મળતો હોવો જોઈએ. આમ કરવાથી જ પો પડે ને પો પડ્યા વિના દેશસેવા ન થાય.... તેથી પત્નીનો અને બાળકોનો પોશાક મેં જ પસંદ કર્યો.... પારસી વધારેમાં વધારે સુધરેલા ગણાય. એટલે, જ્યાં યુરોપિયન પોશાકનું અનુકરણ અઠીક જ લાગ્યું ત્યાં પારસીનું કર્યું.... તેટલી જ લાચારીથી અને એથીયે વધુ અણગમાથી ખાવામાં છરીકાંટાનો ઉપયોગ કરવા માંડ્યો. જ્યારે મારો મોહ ઊતર્યો ત્યારે વળી પાછો તેમણે બૂટમોજાં, છરીકાંટા ઇત્યાદિનો ત્યાગ કર્યો. ફેરફારો જેમ દુ:ખકર્તા હતા તેમ ટેવ પડ્યા પછી તેનો ત્યાગ પણ દુ:ખકર હતો. પણ અત્યારે હું જોઉં છું કે અમે બધાં સુધારાની કાંચળી ઉતારીને હળવાં થયાં છીએ. ૬૮

અમે ૧૮મી કે ૧૯મી ડિસેમ્બરે ડરબનના બારામાં લંગર કર્યું. ૬૯

મુંબઈ છોડ્યા પછી ત્રેવીસ દિવસ સુધી અમારી સ્ટીમરોને સૂતકમાં – કવૉરૅન્ટીનમાં – રાખવી એવો હુકમ આપવામાં આવ્યો. પણ આ સૂતકના હુકમનો હેતુ કેવળ આરોગ્ય નહોતો.

અમને પાછા હાંકી કાઢવાની હિલચાલ ડરબનમાંના ગોરા શહેરીઓ કરી રહ્યા હતા, તે પણ આ હુકમમાં કારણભૂત હતી.... એટલે, અમારું સૂતક કેવળ આરોગ્યના નિયમોને જ આભારી નહોતું. કેમે કરીને એજંટને અથવા ઉતારુઓને દબાવીને અમને પાછા કાઢવા હતા. એજંટને તો ધમકી હતી જ. હવે અમારા ઉપર પણ ધમકીઓ આવી : 'જો તમે પાછા નહીં જાઓ તો તમને દરિયામાં ડુબાવી દેવામાં આવશે. પાછા જશો તો તમારું પાછા જવાનું ભાડું પણ કદાચ તમને મળે.' હું ઉતારુઓમાં ખૂબ ફર્યો. તેમને ધીરજ આપી. ૭૦

છેવટે, ઉતારુઓ ઉપર અને મારા ઉપર અલ્ટિમેટમ આવ્યાં. બંનેને જીવના જોખમની ધમકી આપવામાં આવી હતી. બંનેએ નાતાલના બંદરમાં ઊતરવાના પોતાના હક વિશે લખ્યું, ને ગમે તે જોખમે તે હકને વળગી રહેવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

છેવટે, ત્રેવીસ દહાડે, એટલે ૧૮૯૭ના જાનેવારીની ૧૩મી તારીખે સ્ટીમરને મુક્તિ મળી ને ઉતારુઓને ઊતરવાનો હુકમ બહાર પડ્યો. ૭૧

અમે આગબોટમાંથી ઊતર્યા તેવા જ કેટલાક છોકરાઓએ મને ઓળખી કાઢ્યો, અને 'ગાંધી, ગાંધી' એમ બૂમ પાડી. લાગલા જ બેચાર માણસો એકઠા થયા ને બૂમો વધી....અમે આગળ ચાલ્યા. ટોળું પણ વધતું ગયું. સારી પેઠે ભીડ થઈ....પછી મારા ઉપર કાંકરાના, સડેલાં ઈંડાંના, વરસાદ વરસ્યા. મારી પાઘડી કોઈએ ઉડાડી દીધી. લાતો શરૂ થઈ. મને તમ્મર આવી. મેં પડખેના ઘરની જાળી પકડી શ્વાસ લીધો. ત્યાં ઊભું રહેવાય એમ તો નહોતું જ. તમાચા પડવા લાગ્યા.

એટલામાં પોલીસના વડાની સ્ત્રી, જે મને ઓળખતી હતી, તે આ રસ્તે થઈને જતી હતી. મને જોતાં જ તે મારે પડખે આવી ઊભી, ને જોકે તડકો નહોતો છતાં પોતાની છત્રી ઉઘાડી. આથી ટોળું કંઈક નમ્યું. હવે ઘા કરે તો મિસિસ અલેક્ઝાંડરને બચાવીને જ કરવા રહ્યા. ૭૨

મરહૂમ મિ. ચેમ્બરલેને મારા ઉપર હુમલો કરનારાઓ પર કામ ચલાવવા ને મને ન્યાય મળે એમ થવાને તાર કર્યો. મિ. એસ્કંબે મને પોતાની પાસે બોલાવ્યો. મને ઈજા થઈ તે માટે દિલગીરી બતાવીને કહ્યું: 'તમારો વાળ સરખો વાંકો થાય તેમાં હું રાજી ન જ હોઉં એ તો તમે માનશો જ.... હવે જો તમે હુમલો

કરનારાઓને ઓળખી શકો તો તેમને પકડાવવા તથા તેમના ઉપર કામ ચલાવવા હું તૈયાર છું. મિ. ચેમ્બરલેન પણ તેવી માંગણી કરે છે.'

મેં જવાબ આપ્યો: 'મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી. હુમલો કરનારાઓમાંથી એકબેને કદાચ હું ઓળખું, પણ તેમને સજા કરવાથી મને શો લાભ? વળી, હું હુમલો કરનારાઓને દોષિત પણ નથી ગણતો. તેમને તો એમ કહેવામાં આવ્યું કે, મેં હિંદુસ્તાનમાં અતિશયોક્તિ કરી નાતાલના ગોરાઓને વગોવ્યા. આ વાત તેઓ માને ને ગુસ્સો કરે તેમાં નવાઈ શી? દોષ તો ઉપરીઓનો અને, મને કહેવા દો તો, તમારો ગણાય. તમે લોકોને સીધી રીતે દોરી શકતા હતા. પણ તમે સુધ્ધાં રૉઈટરના તારને માન્યો ને મેં અતિશયોક્તિ કરી હશે એમ કલ્પી લીધું. મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી. જ્યારે ખરી હકીકત જાહેર થશે ને લોકો જાણશે ત્યારે તેઓ પસ્તાશે. ૭૩

જે દહાડે હું ઊતર્યો તે જ દહાડે, એટલે પીળો વાવટો ઊતર્યો કે તુરત, 'નાતાલ ઍડ્વરટાઈઝર'નો પ્રતિનિધિ મને મળી ગયો હતો. તેણે મને ખૂબ પ્રશ્નો પૂછ્યા, ને તેના ઉત્તરમાં હું એકેએક આરોપનો જવાબ સંપૂર્ણતાએ આપી શક્યો હતો.... આ ખુલાસાની તેમ જ હુમલો કરનારાઓ ઉપર ફરિયાદ માંડવાના મેં કરેલા ઈનકારની અસર એટલી બધી પડી કે ગોરાઓ શરમાયા. છાપાંઓએ મને નિર્દોષ ઠરાવ્યો ને હુલ્લડ કરનારાઓને નિંદ્યા. એમ પરિણામે મને તો લાભ જ થયો. અને મારો લાભ તે કાર્યનો જ લાભ હતો. હિંદી કોમની પ્રતિષ્ઠા વધી ને મારો માર્ગ વધારે સરળ થયો. ૭૪

મારો ધંધો ઠીક ચાલતો હતો. પણ તેથી સંતોષ નહોતો રહેતો.

જીવન વધારે સાદું થવું જોઈએ, કંઈક શારીરિક સેવાકાર્ય હોવું જોઈએ, એવી ગડમથલ મનમાં ચાલ્યા જ કરતી... તેથી મેં ડૉ. બૂથની ઈસ્પિતાલમાં બે કલાક કામ કરી શકાય તેટલો સમય મારા વખતમાંથી બચાવવાનો નિશ્ચય કર્યો, રોજ સવારના ત્યાં જવાનું રહેતું. આવતાંજતાં તેમ જ ઈસ્પિતાલમાં કામ કરતાં હંમેશાં લગભગ બે કલાક જતા. આ કામથી મને કંઈક શાંતિ થઈ. મારું કામ દરદીના કેસ સમજી લઈ તે દાક્તરને સમજાવવાનું અને દાક્તર બતાવે તે દવા તૈયાર કરી દરદીને આપવાનું હતું. આ કામથી હું દુઃખી હિંદીઓના ગાઢ સંબંધમાં આવ્યો. તેમનામાંનો મોટો ભાગ તામિલ અથવા તેલુગુ અગર તો ઉત્તર હિંદુસ્તાની ગિરમીટિયાઓનો હોય.

આ અનુભવ મને ભવિષ્યમાં બહુ ઉપયોગી નીવડ્યો. બોઅર લડાઈ વેળા ઘાયલોની શુશ્રૂષાના કામમાં ને બીજા દરદીઓની માવજત કરવામાં મને તે ખૂબ ખપ લાગ્યો. ૭૫

છેલ્લા બાળકના જન્મ વખતે મારી કસોટી પૂરેપૂરી થઈ. પ્રસૂતિની વેદના એકાએક શરૂ થઈ. દાક્તર ઘરે નહીં. દાઈને તેડાવવાની હતી. તે પાસે હોત તોપણ તેનાથી પ્રસવ કરાવવાનું કામ ન થઈ શકત. પ્રસવ વખતમાં બધું કાર્ય મારે હાથે જ કરવું પડ્યું. ૭૬

મેં જોયું કે, પોતાનાં બાળકોને યોગ્ય રીતે ઉછેરવાં હોય તો મા અને બાપ બંનેએ બાળકોના ઉછેર વગેરેનું સામાન્ય જ્ઞાન મેળવી લેવું જોઈએ. મેં તો મારી આ વિષયની કાળજીના લાભ ડગલે ડગલે જોયા છે. જે સામાન્ય તંદુરસ્તી મારાં બાળકો આજે ભોગવે છે તે જો મેં તે વિશે સામાન્ય જ્ઞાન મેળવી તેનો અમલ ન કર્યો હોત તો ન ભોગવી શકત. આપણામાં એવો વહેમ છે કે, પહેલા પાંચ વર્ષ બાળકને કેળવણી પામવાપણું હોતું નથી. ખરી વાત એ

છે કે, પહેલાં પાંચ વર્ષમાં બાળક જે પામે છે તે પછી પામતું જ નથી. બાળકની કેળવણી માતાના ઉદરમાંથી શરૂ થાય છે એમ હું અનુભવથી કહી શકું છું. ૭૭

આ વિચારો જે સમજુ દંપતી કરશે, તે તો કદી દંપતીસંગને વિષયવાસના સંતોષવાનું સાધન નહીં બનાવે; પણ જ્યારે તેમને સંતતિની ઈચ્છા થશે ત્યારે જ સંગ કરશે. રતિસુખ એક સ્વતંત્ર વસ્તુ છે એમ માનવામાં મને તો ઘોર અજ્ઞાન જ જણાય છે. જનનક્રિયા ઉપર સંસારની હસ્તીનો આધાર છે. સંસાર એ ઈશ્વરની લીલાનું સ્થાન છે, તેના મહિમાનું પ્રતિબિંબ છે. તેની સુવ્યવસ્થિત વૃદ્ધિને અર્થે જ રતિક્રિયા નિર્માયેલી છે એમ સમજનાર વિષયવાસનાને મહાપ્રયત્ને કરીને પણ રોકશે; અને રતિભોગને પરિણામે જે સંતતિ થાય તેની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રક્ષા કરવાને અંગે મેળવવું જોઈએ તે જ્ઞાન મેળવશે ને તેનો ઉપયોગ પોતાની પ્રજાને આપશે. ૭૮

સારી પેઠે ચર્ચા કર્યા પછી અને પુખ્ત વિચારો કર્યા પછી સને ૧૯૦૬ની સાલમાં મેં (બ્રહ્મચર્યનું) વ્રત લીધું. વ્રત લેતાં લગી મેં ધર્મપત્ની સાથે મસલત નહોતી કરી; પણ વ્રતને સમયે કરી. તેના તરફથી મને કશો વિરોધ ન થયો. આ વ્રત લેતાં તો મને બહુ ભારે પડ્યું. મારી શક્તિ ઓછી હતી. વિકારોને દબાવવાનું કેમ શક્ય બનશે? સ્વપત્ની સાથે વિકારી સંબંધનો ત્યાગ એ નવાઈની વાત લાગતી હતી. છતાં એ જ મારું કર્તવ્ય હતું એ હું સ્પષ્ટ જોઈ શકતો હતો. મારી દાનત શુદ્ધ હતી. શક્તિ ઈશ્વર આપી રહેશે એમ વિચારી મેં ઝંપલાવ્યું.

આજે વીસ વર્ષ પછી તે વ્રતનું સ્મરણ કરતાં મને સાનંદાશ્ચર્ય થાય છે. સંયમ પાળવાની વૃત્તિ તો ૧૯૦૧થી પ્રબળ હતી, ને હું તે પાળી

પણ રહ્યો હતો; પણ જે સ્વતંત્રતા અને આનંદ હું હવે ભોગવવા લાગ્યો તે સન ૧૯૦૬ પહેલાં ભોગવ્યાનું મને સ્મરણ નથી. કેમ કે, તે વખતે હું વાસનાબદ્ધ હતો. ગમે ત્યારે તેને વશ થઈ શકતો. હવે વાસના મારા ઉપર સવારી કરવા અસમર્થ થઈ. ૭૯

પણ જો આમ હું આમાંથી રસ લૂંટતો હતો તો તેની કઠિનતા નહોતો અનુભવતો એમ પણ કોઈ ન માને. આજે છપ્પન વર્ષ પૂરાં થયાં છે, ત્યારે પણ કઠિનતાનો અનુભવ તો થાય જ છે. તે અસિધારાવ્રત છે એમ વધારે ને વધારે સમજું છું. નિરંતર જાગૃતિની આવશ્યકતા જોઉં છું.

બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો સ્વાદેન્દ્રિય ઉપર કાબૂ મેળવવો જ જોઈએ. જો સ્વાદને જિતાય તો બ્રહ્મચર્ય અતિશય સહેલું છે એ મેં જાતે અનુભવ્યું. તેથી હવે પછીના મારા ખોરાકના પ્રયોગો કેવળ અન્નાહારની દૃષ્ટિએ નહીં, પણ બ્રહ્મચર્યની દૃષ્ટિએ થવા લાગ્યા. ૮૦

ખાવાપીવાની સાથે આત્માને સંબંધ નથી, તે નથી ખાતો, નથી પીતો, જે પેટમાં જાય છે તે નહીં, પણ જે વચનો અંદરથી નીકળે છે તે હાનિલાભ કરે છે વગેરે દલીલો હું જાણું છું. તેમાં તથ્યાંશ છે, પણ દલીલમાં ઊતર્યા વિના અહીં તો મારો દૃઢ નિશ્ચય જ મૂકી દઉં છું કે જે મનુષ્ય ઈશ્વરથી ડરીને ચાલવા ઇચ્છે છે, જે ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરવા ઇચ્છે છે, એવા સાધક ને મુમુક્ષુને સારુ પોતાના ખોરાકની પસંદગી – ત્યાગ અને સ્વીકાર – એટલાં જ આવશ્યક છે, જેટલાં વિચાર અને વાચાની પસંદગી – ત્યાગ અને સ્વીકાર – આવશ્યક છે. ૮૧

ભોગો ભોગવવાનો આરંભ તો કર્યો પણ તે ટકી ન શક્યો. રાચરચીલું વસાવતાં તો મને તે ઉપર મોહ ન જ ઊપજી શક્યો.

એટલે ઘર વસાવ્યું તેવો જ મેં ખરચ ઓછું કરવાનો આરંભ કર્યો. ધોબીનું ખરચ પણ વધારે લાગ્યું. અને વળી ધોબી નિયમિતપણે કપડાં ન આપે તેથી બેત્રણ ડઝન ખમીસથી ને તેટલા કૉલરથી પણ મારું ન નભે. કૉલર રોજ બદલવા; ખમીસ રોજ નહીં તો એકાંતરે બદલવાં. એટલે બે તરફથી ખરચ થાય. આ મને નકામું જણાયું. એટલે ધોવાનો સરંજામ વસાવ્યો. ધોવાની કળાની ચોપડી વાંચી ધોવાનું શીખ્યો. પત્નીને પણ શીખવ્યું. કંઈક બોજો તો વધ્યો જ, પણ નવું હતું એટલે વિનોદ થતો.

મારો પહેલો હાથે ધોયેલો કૉલર તો હું કદી ભૂલું તેમ નથી. એમાં આર વધારે ચડેલ ને ઈસ્તરી પૂરી ગરમ નહોતી. વળી, કૉલર દાઝી જવાની બીકે ઈસ્તરી બરોબર દાબી નહીં, તેથી તે અક્કડ બન્યો પણ તેમાંથી આર ખર્યા કરતો હતો! આવે હાલે હું કોર્ટમાં ગયો અને બારિસ્ટરોને મજાક કરવાનું સાધન બન્યો. પણ મારામાં આવી મજાક સાહન કરવાની શક્તિ તે કાળે પણ ઠીક હતી. ૮૨

જેમ ધોબીની ગુલામીમાંથી હું છૂટ્યો તેમ હજામની ગુલામીમાંથી પણ છૂટવાનો પ્રસંગ આવ્યો. હજામત તો વિલાયત જનારા સહુ હાથે કરતાં શીખે જ. પણ વાળ કાપવાનું કોઈ શીખતા હોય એવો મને ખ્યાલ નથી. પ્રિટોરિયામાં હું એક વેળા એક અંગ્રેજ હજામની દુકાને પહોંચ્યો. તેણે મારી હજામત કરવાની ઘસીને ના પાડી, ને ના પાડવામાં જે તિરસ્કાર બતાવ્યો તે વધારાનો. મને દુ:ખ થયું. હું પહોંચ્યો બજારમાં. વાળ કાપવાનો સંચો ખરીદ્યો ને અરીસાની સામે ઊભા રહી વાળ કાપ્યા. વાળ જેમતેમ કપાયા તો ખરા; પણ પાછળના કાપતાં બહુ મુશ્કેલી પડી. સીધા તો ન જ કપાયા. કોર્ટમાં હસાહસ.

'તારે માથે ઉંદર ફરી ગયા છે?'

મેં કહ્યું: 'ના; મારા કાળા માથાનો સ્પર્શ ધોળા હજામ કેમ કરે ? એટલે જેવાતેવા પણ હાથે કાપેલા વાળ મને વધારે પ્રિય છે.'

આ જવાબથી મિત્રોને આશ્ચર્ય ન થયું.

ખરું જોતાં પેલા હજામનો કશો દોષ નહોતો. જો તે શ્યામ વર્ણના લોકોના વાળ કાપે તો તેની કમાણી જાય. ૮૩

બોઅર યુદ્ધ જ્યારે થયું ત્યારે મારી પોતાની લાગણી કેવળ બોઅરો તરફ હતી. પણ આવી બાબતમાં વ્યક્તિગત વિચારો મુજબ કામ કરવાનો અધિકાર મને હજુ પ્રાપ્ત નથી થયો એમ હું માનતો હતો. આ બાબતની ગડમથલનું સૂક્ષ્મ નિરીક્ષણ મેં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં કર્યું છે, તેથી અહીં કરવા નથી ઈચ્છતો. જિજ્ઞાસુને તે ઈતિહાસ વાંચી જવા સૂચવું છું. અહીં તો એટલું જ કહેવું બસ છે કે, બ્રિટિશ રાજ્ય તરફની મારી વફાદારી મને તે યુદ્ધમાં ભાગ લેવા બળાત્કારે ઘસડી ગઈ. મને લાગ્યું કે જો હું બ્રિટિશ રૈયત તરીકે હકો માગી રહ્યો હતો, તો બ્રિટિશ રૈયત તરીકે બ્રિટિશ રાજ્યના રક્ષણમાં ભાગ આપવાનો મારો ધર્મ હતો. હિંદુસ્તાનની સંપૂર્ણ ઉન્નતિ બ્રિટિશ સામ્રાજ્યમાં થઈ શકે એવો મારો અભિપ્રાય તે કાળે હતો. તેથી, જેટલા સાથીઓ મળ્યા તેટલા મેળવીને અને અનેક મુસીબતો વેઠીને અમે ઘાયલ થયેલાઓની શુશ્રૂષા કરનારી એક ટુકડી ઊભી કરી. ૮૪

આ રીતે, દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સેવા કરતાં હું પોતે ઘણી વસ્તુઓ એક પછી એક અનાયાસે શીખી રહ્યો હતો. સત્ય એક વિશાળ વૃક્ષ છે. તેને જેમ સેવે તેમ તેમાંથી અનેક ફળો નીપજતાં જોવામાં આવે છે. તેને અંત જ હોતો નથી. જેમ જેમ તેમાં ઊંડે ઊતરીએ તેમ તેમ તેમાંથી રત્નો મળ્યાં કરે છે, સેવાના પ્રસંગો જડ્યા કરે છે. ૮૫

મનુષ્ય અને તેનું કામ એ બે નોખી વસ્તુ છે. સારાં કામ પ્રત્યે આદર અને નઠારાં પ્રત્યે તિરસ્કાર હોવો જ જોઈએ. સારાંનરસાં કામ કરનાર પ્રત્યે હંમેશાં આદર અથવા દયા હોવાં જોઈએ. આ વસ્તુ સમજવે સહેલી છે છતાં તેનો અમલ ઓછામાં ઓછો થાય છે. તેથી જ આ જગતમાં ઝેર ફેલાયા કરે છે.

સત્યની શોધના મૂળમાં આવી અહિંસા રહેલી છે. તે હાથ ન આવે ત્યાં લગી સત્ય મળે જ નહીં એમ હું પ્રતિક્ષણ અનુભવ્યા કરું છું. તંત્રની સામે ઝઘડો શોભે, તંત્રીની સામે ઝઘડો કરવો તે પોતાની સામે કર્યા બરોબર છે. કેમ કે બધા એક જ પીંછીથી દોરાયેલા છીએ, એક જ બ્રહ્માની પ્રજા છીએ. તંત્રીમાં તો અનંત શક્તિ રહેલી છે. તંત્રીનો અનાદર – તિરસ્કાર કરવા જતાં તે શક્તિઓનો અનાદર થાય ને તેમ થતાં તંત્રીને તેમ જ જગતને નુકસાન પહોંચે. ૮૬

મારા જીવનમાં એવા બનાવો બન્યા જ કર્યા છે કે જે વડે હું અનેક ધર્મીઓના અને અનેક જાતિઓના ગાઢ પરિચયમાં આવી શક્યો છું. એ બધાઓના અનુભવો પરથી એમ કહી શકાય કે મેં સગાં અને પરાયાં, દેશી અને પરદેશી, ગોરા અને કાળા, હિંદુ અને મુસલમાન અથવા ખ્રિસ્તી, પારસી કે યહૂદી વચ્ચે ભેદ નથી જાણ્યો. મારું હૃદય એવા ભેદને ઓળખી જ નથી શક્યું એમ કહી શકું છું. ૮૭

હું સંસ્કૃતનો ઊંડો અભ્યાસી નથી. વેદઉપનિષદનો અર્થ હું વાંચી ગયો છું. એનો વિદ્વાનના જેવો અભ્યાસ નથી કર્યો. એનું મારું જ્ઞાન ઉપરચોટિયું છે. એ શાસ્ત્રનો હિંદુ તરીકે જેવો અભ્યાસ કરવો જોઈએ તેવો મેં કર્યો છે. ૨૧ વર્ષની ઉંમરે મેં બીજા ધર્મોનો પણ અભ્યાસ કર્યો. એક કાળ એવો પણ હતો કે જ્યારે મારે હિંદુ

રહેવું કે ખ્રિસ્તી થવું એ વિશે મારા મનમાં ભારે મૂંઝવણ થઈ રહી હતી. જ્યારે મારો આત્મા શાંત થયો ત્યારે મને લાગેલું કે હિંદુ ધર્મ એ જ મારે માટે મોક્ષનું દ્વાર છે. હિંદુ ધર્મ પરનો મારો વિશ્વાસ જ્ઞાનપૂર્વક દઢ થયો. તે વખતે પણ હું એમ માનતો કે હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાને ધર્મ માન્યો નથી. અને જો માનેલો હોય તો હિંદુ ધર્મ મારે માટે નથી. ૮૮

આત્મકથામાત્રની ઈતિહાસ તરીકેની અપૂર્ણતા ને તેની મુશ્કેલીઓ વિશે મેં પૂર્વે વાંચેલું તેનો અર્થ આજે હું વધારે સમજું છું. સત્યના પ્રયોગોની આત્મકથામાં જેટલું મને યાદ છે તેટલું બધુંય હું નથી જ આપતો એ હું જાણું છું. સત્યને દર્શાવવા સારુ મારે કેટલું આપવું જોઈએ એની કોને ખબર? અથવા એકતરફી અધૂરા પુરાવાની કિંમત ન્યાયમંદિરમાં શી અંકાય? લખાયેલાં પ્રકરણો ઉપર કોઈ નવરો મારી ઊલટતપાસ કરવા બેસે તો કેટલું બધું અજવાળું આ પ્રકરણો ઉપર પાડે? અને જો વળી તે ટીકાકારની દૃષ્ટિએ તપાસ કરે તો કેવાં 'પોકળો' પ્રગટ કરી જગતને હસાવે ને પોતે ફુલાય?

આમ વિચારતાં ઘડીભર એમ જ થઈ આવે છે કે આ પ્રકરણો લખવાનું માંડી વાળવું એ જ વધારે યોગ્ય ન હોય? પણ આરંભેલું કામ અનીતિમય છે એમ જ્યાં લગી સ્પષ્ટ ન દેખાય ત્યાં લગી ન જ છોડવું એ ન્યાયે, જ્યાં સુધી અંતર્યામી ન અટકાવે ત્યાં સુધી આ પ્રકરણો લખ્યા કરવાં એ નિશ્ચય ઉપર આવું છું. ૮૯

વર્તમાનપત્રો સેવાભાવથી જ ચાલવાં જોઈએ એ હું 'ઇંડિયન ઓપીનિયન'*ના પહેલા માસની કારકિર્દીમાંથી જ જોઈ ગયો. વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ

* દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ કાઢેલું છાપું.

ગામનાં ગામ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.

આ વિચારસરણી સાચી હોય તો દુનિયામાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે? પણ નકામાંને બંધ કોણ કરે? કોણ કોને નકામું ગણે? કામનું ને નકામું સાથે સાથે ચાલ્યાં જ કરવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી. ૯૦

આ પહેલાં ('અનટુ ધિસ લાસ્ટ' વાંચ્યા પહેલાં) રસ્કિનનું એક પણ પુસ્તક મેં વાંચ્યુ નહોતું. વિદ્યાભ્યાસના કાળમાં પાઠ્યપુસ્તકો બહાર મારું વાચન નહીં જેવું જ ગણાય. કર્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી સમય ઘણો થોડો બચે. એટલે આજ લગી પણ એમ જ કહેવાય કે મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. આ અનાયાસે અથવા પરાણે પળાયેલા સંયમથી મને નુકસાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું એમ કહી શકાય. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એવું તો આ પુસ્તક જ કહેવાય. તેનો મેં પાછળથી તરજુમો કર્યો, ને તે 'સર્વોદય'ને નામે છપાયેલું છે.

મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું. ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં બધી સારી

ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી. ૯૧

ઘર માંડીને બેઠા પછી સ્થિર થઈને બેસવાપણું મારે નસીબે રહ્યું જ નથી. જોહાનિસબર્ગમાં હું થાળે પડ્યા જેવું લાગ્યું તેવી જ અણધારી બિના બની. નાતાલમાં ઝૂલુ 'બળવો' થયાના સમાચાર વાંચ્યા. મને કંઈ ઝૂલુ લોક સાથે વેર નહોતું; તેમણે એક પણ હિંદીનું નુકસાન નહોતું કર્યું. 'બળવા'ની યોગ્યતા વિશે પણ મને શંકા હતી. પણ અંગ્રેજી સલ્તનતને તે કાળે હું જગતનું કલ્યાણ કરનારી સલ્તનત માનતો. મારી વફાદારી હાર્દિક હતી. તે સલ્તનતનો ક્ષય હું ન ઇચ્છતો. એટલે બળ વાપરવા વિશેની નીતિઅનીતિનો વિચાર મારાં પગલાંમાં મને રોકે તેમ નહોતું. નાતાલ ઉપર આપત્તિ આવે તો તેની પાસે રક્ષણને સારું સ્વયંસેવકોનું લશ્કર હતું. ને આપત્તિ વેળાએ તેમાં કામ પૂરતી ભરતી પણ થાય. મેં વાંચ્યું કે સ્વયંસેવકોનું લશ્કર આ બળવો શમાવવા નીકળી પડ્યું હતું. ૯૨

બળવાના સ્થળ ઉપર પહોંચતાં મેં જોયું કે બળવા જેવું તો કંઈ ન કહેવાય. કોઈ સામે થતું હતું એમ જોવામાં ન આવ્યું. બળવો માનવાનું કારણ એ હતું કે એક ઝૂલુ સરદારે ઝૂલુ લોકોની ઉપર મુકાયેલો નવો કર ન આપવાની તેમને સલાહ આપી હતી, અને કર ઉઘરાવવા ગયેલા એક સારજન્ટને તેણે કાપી નાખ્યો હતો. ગમે તે હો, મારું હૃદય તો ઝૂલુઓની તરફ હતું. અને મથક ઉપર પહોંચતાં જ્યારે અમારે ભાગે મુખ્યત્વે ઝૂલુ જખમીઓની સારવાર કરવાનું જ કામ આવ્યું ત્યારે હું બહુ રાજી થયો. દાક્તર અમલદારે અમને વધાવી લીધા. તેણે કહ્યું, 'ગોરા કોઈ આ જખમીઓની સારવાર કરવા તૈયાર નથી થતા. હું એકલો કોને પહોંચું? તેમના જખમ સડે છે. હવે તમે આવ્યા એ તો હું આ નિર્દોષ લોકો ઉપર ઈશ્વરની કૃપા જ થઈ સમજું છું. 'આમ કહી મને પાટા, જંતુનાશક

પાણી વગેરે આપ્યું ને પેલા દરદીઓની પાસે લઈ ગયો. દરદીઓ અમને જોઈને ખુશ થઈ ગયા. ગોરા સિપાહીઓ જાળિયાંમાંથી ડોકિયાં કરી અમને જખમો સાફ કરતા રોકવાનો પ્રયત્ન કરે, અમે ન માનીએ એટલે ચિડાય, અને ઝૂલુઓને વિશે જે ભૂંડા શબ્દો બોલે તેથી તો કાનના કીડા ખરે. ૯૩

જે દરદીઓની સારવારનું કામ અમને સોંપવામાં આવ્યું હતું તેમને લડાઈમાં જખમી થયેલા કોઈ ન માને. આમાંનો એક ભાગ શકથી પકડાયેલા કેદીઓનો હતો. તેમને જનરલે ચાબખા ખાવાની સજા કરી હતી. આ ચાબખાથી પડેલા ઘા સારવારને અભાવે પાકી ઊઠ્યા હતા. બીજો ભાગ જેઓ ઝૂલુ મિત્રો ગણાતા તેમનો હતો. આ મિત્રોને તેમણે મિત્રતા દર્શાવનારાં નિશાન પહેર્યાં હતાં તોપણ ભૂલથી સિપાહીઓએ ઘાયલ કર્યા હતા. ૯૪

'ઝૂલુબંડ'માં મને ઘણા અનુભવો થયા ને બહુ વિચારો કરવાનું મળ્યું. બોઅર યુદ્ધમાં લડાઈની ભયંકરતા મને એટલી નહોતી લાગી જેટલી અહીં લાગી. અહીં લડાઈ નહીં પણ મનુષ્યનો શિકાર હતો એમ, મને જ નહીં પણ, કેટલાક અંગ્રેજો જેમની સાથે વાતો થતી તેમને પણ લાગેલું. સવારના પહોરમાં લશ્કર જઈને ગામડામાં ફટાકા ફોડતું હોય તેમ તેમની બંદૂકોના અવાજ અમને દૂર રહેલાને આવતા. આ અવાજો સાંભળવા ને આમાં રહેવું મને વસમું લાગ્યું. પણ હું કડવો ઘૂંટડો કરી પી ગયો અને મારે હાથે જે કામ આવ્યું તે તો કેવળ ઝૂલુ લોકોની સેવાનું જ આવ્યું. અમે જો ન જોડાયા હોત તો બીજા કોઈ આ સેવા ન કરત એ તો હું જોઈ શક્યો. આથી મેં મારા અંતરાત્માને શાંત કર્યો. ૯૫

મનવચનકાયાથી બ્રહ્મચર્યનું પાલન કેમ થાય એ એક ફિકર, અને સત્યાગ્રહના યુદ્ધને સારુ વધારેમાં વધારે વખત કેમ બચી શકે

અને વધારે શુદ્ધિ કેમ થાય એ બીજી ફિકર. આ બે ફિકરોએ મને ખોરાકમાં વધારે સંયમ ને વધારે ફેરફારો કરવા પ્રેર્યો. વળી પૂર્વે જે ફેરફારો હું મુખ્યત્વે આરોગ્યની દષ્ટિએ કરતો ને હવે ધાર્મિક દષ્ટિ થવા લાગ્યા.

આમાં ઉપવાસ અને અલ્પાહારે વધારે સ્થાન લીધું. જેનામાં વિષયવાસના વર્તે છે તેનામાં જીભના સ્વાદો પણ સારી પેઠે હોય છે. આ સ્થિતિ મારી પણ હતી. જનનેન્દ્રિય તેમ જ સ્વાદેન્દ્રિય પર કાબૂ મેળવતાં મને અનેક વિટંબણાઓ નડી છે, ને હજુ બેઉની ઉપર પૂરો જય મેળવ્યો છે એવો દાવો હું નથી કરી શકતો. મને પોતાને મેં અત્યાહારી માનેલો છે. મિત્રોએ જેને મારો સંયમ માન્યો છે તેને મેં પોતે કદી સંયમ માન્યો જ નથી. જે અંકુશ રાખતાં હું શીખ્યો તેટલો પણ ન રાખી શક્યો હોત તો હું પશુ કરતાં પણ ઊતરત ને ક્યારનો નાશ પામ્યો હોત. મારી ખામીઓનું મને ઠીક દર્શન હોવાથી મેં તેને દૂર કરવા ભારે પ્રયત્નો કર્યા છે એમ કહી શકાય, અને તેથી હું આટલાં વર્ષો લગી આ શરીરને ટકાવી શક્યો છું ને તેની પાસેથી કાંઈક કામ લઈ શક્યો છું. ૯૬

આ ભાન હોવાથી ને એવો સંગ અનાયાસે મળી આવવાથી મેં એકાદશીના ફળાહાર અથવા ઉપવાસ આદર્યા. જન્માષ્ટમી ઈત્યાદિ બીજી તિથિઓ પણ રાખવાનો આરંભ કર્યો, પણ સંયમની દષ્ટિએ ફળાહાર તેમ જ અન્નાહાર વચ્ચે હું બહુ ભેદ ન જોઈ શક્યો. જેને આપણે અનાજ તરીકે ઓળખીએ છીએ તેમાંથી જે રસો આપણે લઈએ છીએ, તે રસો ફળાહારમાંથી પણ મળી રહે છે ને ટેવ પાડ્યા પછી તો તેમાંથી વધારે રસ મળે છે એમ મેં જોયું. તેથી તિથિઓને દિવસે નકોરડા ઉપવાસને અથવા એકટાણાને વધારે મહત્ત્વ આપતો થયો. વળી, પ્રાયશ્ચિત્તાદિનું કંઈ

નિમિત્ત મળે તો તે નિમિત્તે પણ એકટાણાં ઉપવાસ કરી નાખતો.

આમાંથી મેં એ પણ અનુભવ્યું કે શરીર વધારે સ્વચ્છ થવાથી રસો વધ્યા, ભૂખ વધારે સારી થઈ, ને મેં જોયું કે ઉપવાસાદિ જેટલે અંશે સંયમનું સાધન છે તેટલે જ અંશે તે ભોગનું સાધન પણ થઈ શકે છે. આ જ્ઞાન થયા પછી તેના સમર્થનમાં એ જ પ્રકારના મારા તેમ જ બીજાઓના અનુભવો તો કેટલાયે થયા છે. મારે તો જોકે શરીર વધારે સારું ને કસાયેલું કરવું હતું, તોપણ હવે મુખ્ય હેતુ તો સંયમ સાધવાનો – રસો જીતવાનો હતો. તેથી ખોરાકની વસ્તુમાં ને તેના માપમાં ફેરફારો કરવા લાગ્યો. પણ રસો તો પાછળ ને પાછળ જ હતા. જે વસ્તુનો ત્યાગ કરું ને તેને બદલે જે લઉં તેમાંથી નવા જ ને વધારે રસો છૂટે ! ૯૭

અનુભવે મને શીખવ્યું કે એવા રસોમાં મહાલવું એ પણ અયોગ્ય હતું. એટલે કે માણસ રસને સારુ નહીં પણ શરીર નભાવવા સારુ જ ખાય. પ્રત્યેક ઈન્દ્રિય જ્યારે કેવળ શરીરને અને શરીર વાટે આત્માનાં દર્શનને જ અર્થે કાર્ય કરે ત્યારે તેમાંના રસો શૂન્યવત્ થાય છે, ને ત્યારે જ તે સ્વાભાવિકપણે વર્તે છે એમ કહેવાય.

આવી સ્વાભાવિકતા મેળવવા સારુ જેટલા પ્રયોગો કરાય તેટલા ઓછા જ છે. અને તેમ કરતાં અનેક શરીરોની આહુતિ અપાય તેને પણ આપણે તુચ્છ ગણીએ. અત્યારે પ્રવાહ ઊલટો ચાલે છે. નાશવંત શરીરને શોભાવવા, તેનું આયુ વધારવા આપણે અનેક પ્રાણીઓનાં બલિદાન આપીએ છીએ, છતાં તેમાં શરીર અને આત્મા બંને હણાય છે. ૯૮

પહેલો જેલનો અનુભવ મને ૧૯૦૮માં થયો. તે દરમિયાન મેં જોયું કે જેલમાં જે કેટલાક નિયમો કેદીઓ પાસે પળાવવામાં

આવતા હતા તે નિયમો સંયમીએ અથવા બ્રહ્મચારીએ સ્વેચ્છાએ પાળવા જોઈએ. જેમ કે, કેદીઓએ સૂર્યાસ્ત પહેલાં પાંચ વાગ્યા સુધીમાં ખાઈ લેવું. તેમને – હિંદીઓ તેમ જ હબસી કેદીઓને – ચા કે કૉફી ન મળે. મીઠું ખાવું હોય તો નોખું લે. સ્વાદને સારુ તો કંઈ ખવાય જ નહીં. ૯૯

ત્યાં તો મહામહેનતે અમે અંતે જોઈતો ફેરફાર કરાવી શક્યા હતા, પણ કેવળ સંયમની દૃષ્ટિએ વિચારતાં તો બંને પ્રતિબંધો રૂડા જ હતા. પરાણે મુકાયેલો આવો પ્રતિબંધ ન ફળે, પણ સ્વેચ્છાએ પાલન કરેલો આવો પ્રતિબંધ બહુ ઉપયોગી થઈ પડે. તેથી જેલમાંથી નીકળ્યા બાદ એ ફેરફારો મેં તુરત કર્યા. બને ત્યાં લગી ચા લેવાનું બંધ કર્યું ને સાંજે વહેલા જમવાની ટેવ પાડી, જે આજે સ્વાભાવિક થઈ પડી છે. ૧૦૦

ઈન્દ્રિયદમનના હેતુથી થયેલા ઉપવાસની જ વિષયોને રોકવારૂપ અસર થાય. કેટલાક મિત્રોનો અનુભવ એવો પણ છે કે, ઉપવાસને અંતે વિષયેચ્છા અને સ્વાદો તીવ્ર થાય છે. એટલે કે, ઉપવાસ દરમિયાન વિષય રોકવાની ને સ્વાદને જીતવાની સતત ભાવના હોય તો જ તેનું શુભ ફળ આવે. ૧૦૧

ઉપવાસાદિ સંયમીના માર્ગમાં એક સાધનરૂપે આવશ્યક છે. પણ તે જ બધું નથી. અને જો શરીરના ઉપવાસની સાથે મનનો ઉપવાસ ન હોય, તો તે દંભમાં પરિણમે અને નુકસાનકારક નીવડે. ૧૦૨

ટૉલ્સ્ટૉય આશ્રમમાં પ્રથમથી જ રિવાજ પાડ્યો હતો કે, જે કામ અમે શિક્ષકો ન કરીએ તે બાળકોની પાસે ન કરાવવું, ને હંમેશાં તેમની સાથે સાથે એ જ કામ કરનાર એક શિક્ષક હોય. એટલે બાળકો હોંશથી શીખ્યાં. ૧૦૩

પાઠ્યપુસ્તકોની જે બૂમ વખતોવખત સાંભળવામાં આવે છે તેની મને કદી ગરજ લાગી નહોતી. જે પુસ્તકો હતાં તેમનો પણ બહુ ઉપયોગ કર્યાનું મને યાદ નથી. દરેક બાળકને ઘણાં પુસ્તકો અપાવવાની મેં જરૂર નહોતી જોઈ. વિદ્યાર્થીનું પાઠ્યપુસ્તક શિક્ષક જ હોય એમ મને લાગ્યું છે. શિક્ષકોએ પુસ્તકોમાંથી શીખવેલું એવું થોડું જ મને યાદ છે. જેઓએ પોતાને મુખેથી શીખવેલું તેનું સ્મરણ આજે પણ રહી ગયું છે.

બાળકો આંખેથી ગ્રહણ કરે છે તેના કરતાં કાનેથી સાંભળેલું ઓછા પરિશ્રમથી ને ઘણું વધારે ગ્રહણ કરી શકે છે. બાળકોની પાસે હું એક પણ પુસ્તક પૂરું વંચાવી ગયો હોઉં એવું મને યાદ નથી. પણ ઘણાં પુસ્તકોમાંનું મેં જે પચાવ્યું હતું તે તેમને મારી ભાષામાં કહી ગયો, તે તેમને આજે પણ યાદ હશે એમ માનું છું. વંચાવેલું યાદ રાખવામાં તેમને ક્લેશ થતો, મેં સંભળાવેલું તેઓ તે જ ક્ષણે મને ફરી સંભળાવી જતા. વાંચવામાં તેમને કંટાળો આવતો. સાંભળવામાં, જ્યારે હું પોતે થાકને લીધે કે બીજા કારણસર મંદ અને નીરસ ન હોઉં ત્યારે, તેઓ રસ લેતા ને સાંભળતા. તેમને પ્રશ્નો ઊઠતા તેનો ઉકેલ કરવામાં મને તેમની ગ્રહણશક્તિનું માપ આવી જતું. ૧૦૪

શરીરની કેળવણી શરીરની કસરતથી અપાય, બુદ્ધિની બુદ્ધિની કસરતથી, તેમ આત્માની આત્માની કસરતથી. આત્માની કસરત શિક્ષકના વર્તનથી જ પામી શકાય. એટલે યુવકોની હાજરી હો યા ન હો, તેમ છતાં શિક્ષકે સાવધાન રહેવું જોઈએ. ૧૦૫

હું જૂઠું બોલું ને મારા શિષ્યોને સાચા બનાવવાનો પ્રયત્ન કરું તે ફોગટ જાય. ડરપોક શિક્ષક શિષ્યોને વીરતા નહીં શીખવી શકે. વ્યભિચારી શિક્ષક શિષ્યોને સંયમ કેમ શીખવે ? મેં જોયું કે મારે

મારી પાસે રહેલાં યુવકો અને યુવતીઓની સમક્ષ પદાર્થપાઠરૂપે થઈને રહેવું જોઈએ. આથી મારા શિષ્યો મારા શિક્ષક બન્યા. મારે અર્થે નહીં તો તેમને અર્થે મારે સારા થવું ને રહેવું જોઈએ એમ હું સમજ્યો, ને ટૉલ્સ્ટૉય આશ્રમનો મારો ઘણોખરો સંયમ આ યુવકો અને યુવતીઓને આભારી છે.

આશ્રમમાં એક યુવક બહુ તોફાન કરે, જૂઠું બોલે, કોઈને ગણકારે નહીં, બીજાઓની સાથે લડે. એક દહાડો તેણે બહુ જ તોફાન કર્યું. હું ગભરાયો. વિદ્યાર્થીઓને કદી દંડ ન દેતો. આ વખતે મને બહુ ક્રોધ ચડ્યો. હું તેની પાસે ગયો. તેને સમજાવતાં તે કેમે સમજે નહીં. મને છેતરવાનો પણ તેણે પ્રયત્ન કર્યો. મેં મારી પાસે પડેલી આંકણી ઉપાડીને તેની બાંય ઉપર દીધી. દેતાં હું ધ્રૂજી રહ્યો હતો. આ તે જોઈ ગયો હશે. આવો અનુભવ કોઈ વિદ્યાર્થીને મારી તરફથી પૂર્વે કદી નહોતો થયો. વિદ્યાર્થી રડી પડ્યો. મારી પાસે માફી માગી. તેને લાકડી વાગી ને દુઃખ થયું તેથી તે નહોતો રડ્યો. તે સામે થવા ધારે તો મને પહોંચી વળે તેટલી શક્તિ ધરાવતો હતો. તેની ઉંમર સત્તર વર્ષની હશે. બાંધે મજબૂત હતો. પણ મારી આંકણીમાં તે મારું દુઃખ જોઈ ગયો. આ બનાવ પછી તે કદી મારી સામે નહોતો થયો. પણ મને તે આંકણી મારવાનો પશ્ચાતાપ આજ લગી રહ્યો છે. મને ભય છે કે મેં તેને મારીને મારા આત્માનું નહીં પણ મારી પશુતાનું દર્શન કરાવ્યું હતું.

બાળકોને માર મારીને શીખવવાની સામે હું હંમેશાં રહ્યો છું. એક જ પ્રસંગ મને યાદ છે કે જ્યારે મેં મારા દીકરાઓમાંથી એકને માર્યો હતો. આંકણી મારવામાં મેં યોગ્ય કર્યું કે કેમ તેનો નિર્ણય આજ લગી હું કરી શક્યો નથી. આ દંડની યોગ્યતા વિશે મને શંકા છે, કેમ કે તેમાં ક્રોધ ભર્યો હતો અને દંડ કરવાનો ભાવ હતો. જો

કેવળ તેમાં મારા દુઃખનું જ પ્રદર્શન હોત તો હું એ દંડને યોગ્ય ગણત. પણ આમાં રહેલી ભાવના મિશ્ર હતી. ૧૦૬

ત્યાર બાદ એવા જ દોષ યુવકોના થયા, પણ મેં દંડનીતિ ન જ વાપરી. આમ આત્મિક જ્ઞાન આપવાના પ્રયત્નમાં હું પોતે આત્માના ગુણને વધારે સમજવા લાગ્યો. ૧૦૭

એ દિવસોમાં મારે જોહાનિસબર્ગ અને ફિનિક્સ બંને જગ્યાએ જવુંઆવવું પડતું. એક વખત જોહાનિસબર્ગમાં હતો ત્યારે મારા ઉપર બે વ્યક્તિઓના ભયંકર પતનના સમાચાર આવ્યા. સત્યાગ્રહની મહાન લડતમાં ક્યાંયે નિષ્ફળતા જેવું દેખાય તેથી મને આઘાત ન પહોંચતો, પણ આ બનાવે મારી ઉપર વજ્ર સમો પ્રહાર કર્યો. હું ઘવાયો. મેં તે જ દહાડે ફિનિક્સની ગાડી લીધી. ૧૦૮

રસ્તામાં મેં મારો ધર્મ જાણી લીધો, અથવા જાણી લીધો એમ માન્યું એમ કહીએ. મને લાગ્યું કે પોતાની રક્ષા નીચે રહેલાના પતનને સારુ વાલી કે શિક્ષક થોડેઘણે અંશે પણ જવાબદાર છે. આ બનાવમાં મારી જવાબદારી મને સ્પષ્ટ જણાઈ. મારી પત્નીએ મને ચેતવણી આપી જ હતી. પણ હું સ્વભાવે વિશ્વાસુ હોવાથી મેં તેની ચેતવણીને નાહોતી ગણકારી. વળી મને ભાસ્યું કે, જો હું આ પતનને સારુ પ્રાયશ્ચિત્ત કરીશ તો જ આ પતિત થયેલાં મારું દુઃખ સમજી શકશે, ને તેથી તેમને પોતાને દોષનું ભાન થશે ને કંઈક માપ આવશે. તેથી મેં સાત દિવસના ઉપવાસ અને સાડા ચાર માસ એકટાણું કરવાનું વ્રત લીધું. ૧૦૯

મારા ઉપવાસથી સહુને કષ્ટ તો થયું, પણ તેથી વાતાવરણ શુદ્ધ થયું. પાપ કરવાની ભયંકરતા સહુને જણાઈ, અને વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓ અને મારી વચ્ચેનો સંબંધ વધારે મજબૂત અને સરળ થયો. ૧૧૦

વકીલાતના ધંધામાં મેં કદી અસત્યનો પ્રયોગ નથી કર્યો, ને વકીલાતનો મોટો ભાગ કેવળ સેવા અર્થે જ અર્પિત હતો, અને તેને સારુ ખીસાખર્ચ ઉપરાંત હું કશું ન લેતો; કેટલીક વેળા ખીસાખર્ચ પણ જાતે કરતો.... વકીલાતના ધંધામાં જૂઠું બોલ્યા વિના ન જ ચાલે એમ હું વિદ્યાર્થી તરીકે પણ સાંભળતો. મારે તો જૂઠું બોલીને નહોતું પદ જોઈતું કે નહોતો પૈસો જોઈતો. એટલે એ વાતોની અસર મારી ઉપર નહોતી પડતી. દક્ષિણ આફ્રિકામાં આની કસોટી તો ઘણી વાર થયેલી. હું જાણું કે સામા પક્ષના સાક્ષીઓને ભણાવવામાં આવ્યા છે, ને હું જરાક પણ અસીલને કે સાક્ષીને જૂઠું બોલવામાં ઉત્તેજન આપું, તો અસીલનો કેસ જિતાય. પણ મેં હંમેશાં આ લાલચને જતી કરી છે. એવા એક જ પ્રસંગનું મને સ્મરણ છે કે જ્યારે અસીલનો કેસ જીત્યા પછી મને એવો શક પડ્યો કે અસીલે મને છેતર્યો છે. મારા અંતરમાં પણ હંમેશાં એમ જ રહેતું કે, જો અસીલનો કેસ સાચો હોય તો જીત મળજો અને ખોટો હોય તો હાર થજો. ફી લેવામાં મેં હારજીત ઉપર ફીનો દર કદી મુકરર કર્યાનું મને સ્મરણ નથી. અસીલ હારે કે જીતે, હું તો હંમેશાં મહેનતાણું જ માગતો ને જીત થતાં પણ તેની જ આશા રાખતો. અસીલને પ્રથમ જ કહી દેતોઃ 'જૂઠો કેસ હોય તો મારી પાસે ન આવજો. સાક્ષીને ભણાવવાનું કામ કરાવવાની મારા તરફથી આશા જ ન રાખશો.' છેવટે મારી શાખ તો એવી જ પડી હતી કે જૂઠા કેસ મારી પાસે ન જ આવે. એવા અસીલો પણ મારી પાસે હતા કે જેઓ પોતાના ચોખ્ખા કેસ મારી પાસે લાવે, ને જરા પણ મેલા હોય તો તે બીજા વકીલ પાસે લઈ જાય. ૧૧૧

વકીલાત કરતાં એક એવી ટેવ પણ મેં પાડી હતી કે મારું અજ્ઞાન હું ન અસીલો પાસે છુપાવતો, ન વકીલો પાસે. જ્યાં જ્યાં મને ખબર

ન પડે ત્યાં ત્યાં અસીલને બીજા વકીલ પાસે જવાનું કહેતો અથવા મને રાખે તો વધારે અનુભવી વકીલની સલાહ લઈને કામ કરવાનું કહેતો. નિખાલસતાને લીધે અસીલોનો અખૂટ પ્રેમ ને વિશ્વાસ સંપાદન કરી શક્યો હતો. મોટા વકીલની પાસે જતાં જે ફી આપવી પડે તેના પૈસા પણ તેઓ રાજી થઈને આપતા. આ વિશ્વાસ ને પ્રેમનો પૂરેપૂરો ઉપયોગ મને જાહેર કામમાં મળ્યો. ૧૧૨

સન ૧૯૧૪માં જ્યારે સત્યાગ્રહની લડતનો અંત આવ્યો ત્યારે ગોખલેની ઇચ્છાથી મારે ઇંગ્લંડ થઈને દેશ જવાનું હતું.... લડાઈ ચોથી ઑગસ્ટે જાહેર થઈ. અમે છઠ્ઠીએ વિલાયત પહોંચ્યા. ૧૧૩

મને લાગ્યું કે વિલાયતમાં વસતા હિંદીઓએ લડાઈમાં પોતાનો ફાળો ભરવો જોઈએ. અંગ્રેજ વિદ્યાર્થીઓએ લડાઈમાં સેવા કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો હતો. હિંદીઓ તેથી ઓછું ન કરી શકે. આ દલીલોની સામે પુષ્કળ દલીલો થઈ. આપણી અને અંગ્રેજોની સ્થિતિ વચ્ચે હાથીઘોડાનો તફાવત છે. એક ગુલામ અને બીજા સરદાર. એવી સ્થિતિમાં ગુલામ સરદારની ભીડમાં સ્વેચ્છાએ સરદારને કેમ મદદ કરી શકે? ગુલામીમાંથી છૂટા થવા ઇચ્છનાર ગુલામનો ધર્મ સરદારની ભીડનો ઉપયોગ છૂટા થવા સારુ કરવો એ નથી? આ દલીલ તે વેળા મને કેમ ગળે ઊતરે? જોકે હું બેની સ્થિતિનો ભેદ સમજી શકયો હતો, પણ મને આપણી સ્થિતિ છેક ગુલામીની નહોતી લાગતી. મને તો એમ લાગતું હતું કે, અંગ્રેજી પદ્ધતિમાં દોષ હતો તેના કરતાં કેટલાક અંગ્રેજી અમલદારોમાં દોષ વધારે હતો. તે દોષ આપણે પ્રેમથી દૂર કરી શકીએ. જો અંગ્રેજોની મારફતે અને તેમની મદદથી આપણે આપણી સ્થિતિ સુધારવા ઇચ્છતા હતા, તો આપણે તેમની ભીડને વખતે તેમને મદદ કરીને સ્થિતિ સુધારવી જોઈએ. રાજ્યપદ્ધતિ દોષમય હોવા છતાં મને

જેમ તે આજે અસહ્ય લાગે છે તેમ તે વેળા અસહ્ય નહોતી લાગતી. પણ જેમ પદ્ધતિ ઉપરથી મારો વિશ્વાસ આજે ઊઠી ગયો છે ને તેથી હું આજે અંગ્રેજી રાજ્યને મદદ ન કરું, તેમ જેમનો વિશ્વાસ પદ્ધતિ ઉપરથી જ નહીં પણ અંગ્રેજી અમલદારો ઉપરથી પણ ઊઠી ચૂક્યો હતો કે કેમ મદદ કરવા તૈયાર થાય? ૧૧૪

મેં આ અંગ્રેજોની આપત્તિને આપણી માગણી કરવાનો વખત ન માની લડાઈ દરમ્યાન હકો માગવાનું મુલતવી રાખવાના સંયમમાં સભ્યતા અને દીર્ઘદષ્ટિ જોયાં. તેથી મારી સલાહ ઉપર હું મક્કમ રહ્યો ને જેમને ભરતીમાં નામ લખાવવાં હોય તે લખાવે એમ સૂચવ્યું. ૧૧૫

યુદ્ધની અનીતિ અમે સૌ સ્વીકારતા હતા. મારી ઉપર હુમલો કરનારની ઉપર કામ ચલાવવા હું તૈયાર નહોતો, તો બે રાજ્યો વચ્ચે લડાઈ ચાલતી હોય, તેમાં ગુણદોષની મને ખબર ન હોય, તેમાં મારાથી કેમ ભાગ લઈ શકાય? જોકે બોઅર યુદ્ધમાં મેં ભાગ લીધાનું મિત્રો જાણતા હતા, તોપણ તેમણે માની લીધેલું કે ત્યાર બાદ મારા વિચારોમાં ફેરફાર થયો હશે.

હકીકતમાં જે વિચારશ્રેણીને વશ થઈ હું બોઅર યુદ્ધમાં પડ્યો હતો તેનો જ ઉપયોગ આ વેળા પણ કર્યો હતો. યુદ્ધમાં ભાગ લેવો એ અહિંસાની સાથે ગડ બેસે તેવું નથી એ હું બરોબર જોતો હતો. પણ કર્તવ્યનું ભાન થવું એ હંમેશાં દીવા જેવું સ્પષ્ટ નથી હોતું. સત્યના પૂજારીને ઘણી વેળા ગોથાં ખાવાં પડે છે. ૧૧૬

દક્ષિણ આફ્રિકામાં તેમ જ ઇંગ્લંડમાં ઘાયલોને મેદાન પરથી લાવવા માટે માણસોની ભરતી કરીને તથા હિંદમાં રંગરૂટોની ભરતી કરીને, મેં યુદ્ધના કાર્યને મદદ નહોતી કરી પણ બ્રિટિશ સામ્રાજ્યને નામે ઓળખાતી સંસ્થાને કરી હતી. બ્રિટિશ સામ્રાજ્ય આખરે

કલ્યાણકારી સંસ્થા છે એમ હું તે કાળે માનતો હતો. યુદ્ધ માટેની મારી સૂગ તે વખતે પણ આજના જેટલી જ ઊંડી હતી; અને તે વખતે હું બંદૂક મારી ખાંધે ચડાવી શક્યો ન હોત. પણ માણસનું જીવન સીધી લીટી જેવું નથી હોતું; એ ફરજોની ભારી હોય છે અને ઘણી વાર એ ફરજો પરસ્પર વિરુદ્ધ પણ હોય છે. અને માણસને જીવનમાં હમેશ એક ફરજ અને બીજી ફરજ વચ્ચે પસંદગી કરવાનું આવે છે. તે વખતે અને આજે પણ, એક નાગરિક તરીકે નહીં, પરંતુ યુદ્ધની પ્રથા સામે આંદોલન ચલાવનાર એક સુધારક તરીકે, મારે યુદ્ધમાં માનનારા પણ કાયરતાને લઈને કે હીન હેતુઓને લઈને અથવા બ્રિટિશ સરકાર સામેના ક્રોધને લઈને ભરતી ન થનારા માણસોને સલાહ આપવાની હતી ને તેમને દોરવાના હતા. મેં તેમને કશા પણ સંકોચ વિના સલાહ આપી કે, તમે જ્યાં સુધી યુદ્ધમાં માનતા હો અને બ્રિટિશ બંધારણને વફાદાર હો ત્યાં સુધી તેને ભરતી થઈને ટેકો આપવાનો તમારો ધર્મ છે.... ઘા સામે સામો ઘા કરવામાં હું માનતો નથી, પરંતુ ચાર વરસ અગાઉ બેતિયા પાસેના ગ્રામવાસીઓને મેં બેધડક કહ્યું હતું કે, અહિંસા વિશે જે કશું જાણતા ન હોય તે હથિયારના બળથી પોતાની બહેનોની ઇજ્જતનું તથા માલમિલકતનું રક્ષણ કરવામાં નિષ્ફળ નીવડે એ કાયરતા છે.... અને મેં હમણાં પણ હિંદુઓને બેધડક કહ્યું છે કે, તમે અહિંસામાં સંપૂર્ણપણે માનતા ન હો અને તેનું સર્વથા આચરણ કરી શકતા ન હો, તો તમારી બહેનોને ઉપાડી જનારાઓ સામે તેમની ઇજ્જતનું હથિયારના બળથી રક્ષણ કરવાનું ચૂકશો તો તમે ધર્મ સમક્ષ અને માનવજાત સમક્ષ ગુનેગાર ઠરશો. અને તે બધી સલાહ અને મારું અગાઉનું આચરણ મારા અહિંસાના ધર્મના ઉપદેશ સાથે સુસંગત છે એટલું જ નહીં, તેનું સીધું પરિણામ છે, એમ હું માનું છું. એ ઉમદા સિદ્ધાંતનો ઉપદેશ

સહેલો છે; પણ તેને સમજવાનું અને વેરઝેર તથા કલહોથી, અશાંતિ અને રાગદ્વેષોથી ભરેલી દુનિયામાં તેને અમલમાં મૂકવાનું કેટલું બધું મુશ્કેલ છે એની મને દિવસેં દિવસે વધુ ને વધુ પ્રતીતિ થતી જાય છે. અને તેમ છતાં, એના વિના જીવન જીવવા જેવું નથી, એ શ્રદ્ધા પણ દિવસે દિવસે ઊંડી થતી જાય છે. ૧૧૭

કેવળ અહિંસાના ગજથી માપતાં મારા વર્તન માટે કશો બચાવ નથી. ઘવાયેલાઓની સેવાનું કામ કરનારાઓ અને વિનાશક શસ્ત્રો વાપરનારાઓ વચ્ચે હું કશો ભેદ જોતો નથી. બંને યુદ્ધમાં ભાગ લે છે અને તેના કાર્યને આગળ ધપાવે છે. બંને યુદ્ધનો ગુનો કરવાવાળા છે. પરંતુ આટલાં વરસના આત્મનિરીક્ષણ પછી પણ મને લાગે છે કે, હું જે સંજોગોમાં હતો તે જોતાં, બોઅર યુદ્ધ વખતે, યુરોપના મહાયુદ્ધ વખતે અને ૧૯૦૬ની સાલના નાતાલના કહેવાતા ઝૂલુ 'બળવા' વખતે પણ મેં લીધેલો માર્ગ લેવાની મારી ફરજ હતી.

જીવનનું નિયમન અનેક બળો કરે છે. માણસ પોતાની કાર્યદિશા કોઈ એક સર્વસામાન્ય સિદ્ધાંતની રાહે કરાવી શકતો હોય, અને એ સિદ્ધાંત એવો સરળ હોય કે, અમુક પ્રસંગે તેનો અમલ કરવા માટે એક ક્ષણનો પણ વિચાર કરવાની જરૂર ન રહે, તો જીવનયાત્રા સુગમ બની જાય. પણ જેને વિશે નિર્ણય એટલી સહેલાઈથી કરી શકાય એવું એક પણ કાર્ય હું યાદ કરી શકતો નથી.

હું પાકો યુદ્ધનિષેધક હોવાથી, વિનાશકારી શસ્ત્રોની તાલીમ લેવાની તકો મને મળી હોવા છતાં મેં કદી પણ તેમનો લાભ લીધો નથી. કદાચ એ રીતે જ, હું માનવવધના દોષમાંથી ઊગરી ગયો છું. પરંતુ શસ્ત્રબળના પાયા પર રચાયેલા રાજ્યતંત્ર નીચે હું જ્યાં સુધી રહેતો હોઉં તથા તેણે મારે માટે નિર્માણ કરેલી અનેક સુખસગવડો

તથા હકોનો હું સ્વેચ્છાએ ઉપભોગ કરતો હોઉં, ત્યાં સુધી એ રાજ્યની સરકાર કોઈ યુદ્ધમાં સંડોવાઈ હોય, તો મારે યથાશક્તિ તેને મદદ કરવી જોઈએ. હા, એ સરકાર સાથે મેં અસહકાર કર્યો હોય અને તેના દ્વારા મને મળતા હકોનો મારાથી બની શકે એટલા પ્રમાણમાં વધુમાં વધુ ત્યાગ કર્યો હોય તો જુદી વાત છે.

એક દાખલો આપું : હું એવી એક સંસ્થાનો સભ્ય છું, જેની થોડા એકર જમીન પર પાકનું વાવેતર કરવામાં આવ્યું છે અને એ પાકને વાંદરાં ગમે ત્યારે આવીને વણસાડે એવું જોખમ છે. હું જીવમાત્રને પવિત્ર માનું અને તેથી વાંદરાંઓને કશી પણ ઈજા કરવી એને હું અહિંસાનો ભંગ લેખું છું. પરંતુ પાક બચાવવા માટે વાંદરાંઓ પર હુમલો કરવા પ્રેરવાને તથા દોરવણી આપવાને હું અચકાઉં નહીં. આવો દોષ કરવાપણું ટાળી શકાય તો મને ગમે. પણ એ સંસ્થા છોડી દઈને અથવા તેને વિખેરી નાખીને જ હું એ વસ્તુ ટાળી શકું. પરંતુ હું એમ કરતો નથી, કારણ કે, જ્યાં ખેતીવાડી ન હોય અને તેથી સ્વલ્પ અંશે પણ હિંસા માટે અવકાશ ન હોય એવો સમાજ મળવાની હું આશા રાખતો નથી. તેથી પાપભીરુ બનીને, નમ્રતાપૂર્વક અને તિતિક્ષાથી હું વાંદરાંઓ પર ગુજારવામાં આવતી ઈજામાં ભાગ લઉં – એવી આશાથી કે, કોક દિવસ એમાંથી નીકળવાનો માર્ગ મળી રહેશે.

એ જ ભાવનાથી પ્રેરાઈને યુદ્ધના ઉપર ગણાવેલા ત્રણ પ્રસંગોમાં મેં ભાગ લીધો હતો. જે સમાજનો હું છું તેની સાથેનો મારો સંબંધ હું તોડી શકતો નહોતો. એમ કરવું એ મારે માટે ગાંડપણ ગણાય. અને એ ત્રણ પ્રસંગોએ બ્રિટિશ સરકાર સાથે અસહકાર કરવાનો વિચાર સરખો મારા મનમાં નહોતો. સરકાર સાથેની મારી આજની સ્થિતિ સર્વથા ભિન્ન છે અને તેથી તેનાં યુદ્ધોમાં સ્વેચ્છાએ મારે

ભાગ લેવો ન જોઈએ તથા શસ્ત્ર ધારણ કરવાની અથવા લશ્કરી કામગીરીમાં બીજી કોઈ રીતે ભાગ લેવાની મને બળજબરીથી ફરજ પાડવામાં આવે તો મારે જેલ વહોરવાનું કે ફાંસીએ ચડવાનું પણ જોખમ ખેડવું જોઈએ.

પણ એથીયે કોયડાનો ઉકેલ આવતો નથી. રાષ્ટ્રીય સરકાર હોત તો, કોઈ પણ યુદ્ધમાં મારે સીધો ભાગ તો ન જ લેવો જોઈએ એ ખરું, પરંતુ હું એવા પ્રસંગો કલ્પી શકું જ્યારે, લશ્કરી તાલીમ લેવા ઈચ્છનારાઓને તે આપવાના પક્ષમાં મત આપવાનો મારો ધર્મ થઈ પડે. કેમ કે, તેના બધા સભ્યો અહિંસાને વિશે મારા જેટલી શ્રદ્ધા ધરાવતા નથી, એ હું જાણું છું. કોઈ પણ વ્યક્તિને કે સમાજને બળાત્કારે અહિંસક ન બનાવી શકાય.

અહિંસા બહુ ગૂઢ રીતે કામ કરે છે. અહિંસાની દૃષ્ટિથી તપાસવા બેસીએ તો ઘણી વાર માણસનાં કાર્યોમાં કશી સમજ પડતી નથી. એ જ રીતે, ઘણી વાર એમ પણ બને છે કે, માણસનાં કાર્યો હિંસક દેખાય અને છતાં તે અહિંસાના શ્રેષ્ઠ અર્થમાં સર્વથા અહિંસક હોય અને પાછળથી એવું પુરવાર પણ થાય. આમ હોવાથી, મારા વર્તન વિશે હું એટલો દાવો કરી શકું કે, ઉપરના પ્રસંગોએ મારું આચરણ અહિંસાના હિતની દૃષ્ટિથી પ્રેરાઈને કરવામાં આવ્યું હતું. તેમાં રાષ્ટ્રના કે અન્ય કોઈ ક્ષુદ્ર હિતનો વિચાર નહોતો. કોઈ બીજા હિતને ભોગે રાષ્ટ્રનું કે બીજું કોઈ હિત સાધવામાં હું માનતો નથી.

મારી દલીલ આથી આગળ લઈ જવાની જરૂર નથી. પોતાના વિચારો સંપૂર્ણ રીતે દર્શાવવા માટે ભાષા આખરે કંગાળ વાહન છે. અહિંસા મારે માટે કેવળ ફિલસૂફીનો સિદ્ધાંત નથી. એ મારા જીવનનો નિયંતા અને પ્રાણ છે. હું જાણું છું કે હું ઘણી વાર નિષ્ફળ નીવડું છું – કેટલીક વાર સજાણપણે, પણ મોટે ભાગે

અજાણપણે. એ બુદ્ધિના નહીં પણ હૃદયના ક્ષેત્રની બાબત છે. એમાં સાચી દોરવણી સતત ઈશ્વરની ઉપાસનાથી, અપાર નમ્રતા અને સ્વાર્પણથી, પોતાની જાતનું બલિદાન આપવાને સદૈવ તૈયાર રહેવાથી, મળે છે. એના પાલન માટે સર્વોચ્ચ કક્ષાની નિર્ભયતા અને હિંમત જોઈએ.

પરંતુ મારા અંતરમાં બળતી જ્યોત સ્પષ્ટ અને અચળ છે. સત્ય અને અહિંસા વિના આપણામાંના કોઈનોયે ઉગારો નથી. યુદ્ધ ખોટું છે, હડહડતું પાપ છે, એ હું જાણું છું. માણસને યુદ્ધનો રસ્તો છોડ્યા વગર છૂટકો નથી એ પણ હું જાણું છું. લોહી રેડીને કે કૂડકપટથી મેળવેલી સ્વતંત્રતા એ સ્વતંત્રતા નથી, એ પણ હું દૃઢપણે માનું છું. મારું કોઈ પણ કાર્ય અહિંસાને ક્ષતિ પહોંચાડનારું લેખવામાં આવે, કે હું કદી પણ, કોઈ પણ જાતનાં કે રૂપનાં હિંસા કે અસત્યનો પક્ષકાર લેખાઉં, તેના કરતાં તો, મારે નામે ચડાવાતાં કામોનો બચાવ ન થાય એ બહેતર છે. અહિંસા અને સત્ય એ જ આપણો જીવનસિદ્ધાંત છે, નહીં હિંસા નહીં અસત્ય. ૧૧૮

મારી મર્યાદાઓનું મને ભાન છે. એ ભાન એકમાત્ર બળ છે. મારા જીવનમાં હું જે કંઈ કરી શક્યો હોઉં તે, બીજી કોઈ પણ વસ્તુ કરતાં, વિશેષે કરીને મારી પોતાની મર્યાદાઓના જ્ઞાનનું ફળ છે. ૧૧૯

મારી આખી જિંદગીમાં મારા બોલવાનો અને કહેવાનો અનર્થ થવા વિશે મને નવાઈ નથી રહી. દરેક લોકસેવકની એ જ દશા છે. તેણે પોતાનું હૈયું કઠણ રાખવું ઘટે છે. દરેક અનર્થનો જવાબ આપવો પડે અને ખુલાસો આપવો પડે તો જિંદગી વસમી થઈ પડે. અને મારું તો જીવનસૂત્ર થઈ પડ્યું છે કે જ્યાં પ્રવૃત્તિને ખાતર

આવશ્યક હોય તે સિવાયના કોઈ પણ પ્રસંગે અનર્થોના ખુલાસામાં ન ઊતરવું; આ નિયમથી મારો ઘણો સમય અને ચિંતા બચ્યાં છે. ૧૨૦

મારો એકમાત્ર દાવો સત્ય અને અહિંસાનો છે. કશી પણ દૈવી શક્તિ ધરાવવાનો હું દાવો કરતો નથી. મારે એ જોઈતી પણ નથી. હું મારાં કમજોરમાં કમજોર અન્ય ભાઈભાંડુઓના જેવો જ છું. હું તેમના જેવાં જ હાડમાંસનો બનેલો છું, ષડ્‌રિપુઓના હુમલાઓને પાત્ર છું અને તેમની જેમ જ ભૂલો પણ કરી બેસું છું. મારી સેવાઓને ઘણી મર્યાદાઓ છે, પરંતુ અપૂર્ણતાઓ હોવા છતાં, આજ સુધી તો તેના પર ઈશ્વરના આશીર્વાદ ઊતરતા રહ્યા છે.

કેમ કે, ભૂલનો એકરાર એ ઝાડુ સમાન છે. તે કચરો તથા ગંદકી વાળી નાખે છે અને ભોંયતળિયાને અગાઉના કરતાં વધારે સ્વચ્છ બનાવે છે. એ એકરાર કરીને હું વધારે સામર્થ્ય અનુભવી રહ્યો છું. અને પાછાં પગલાં ભરવાથી ધ્યેયને તો અવશ્ય લાભ જ થશે. સીધા માર્ગ ઉપરથી ફંટાઈને ચાલવાનો આગ્રહ રાખીને માણસ પોતાને લક્ષ્યે પહોંચ્યાનું કદી પણ જાણ્યું નથી. ૧૨૧

મારા 'મહાત્મા'પદને હું એના કિસ્મત પર છોડું છું. મને 'મહાત્મા' કહેનાર અગર તો મારો ચરણસ્પર્શ કરનાર પર ઘાતકી ગુનાના આરોપસર કામ ચલાવવામાં આવવું જોઈએ એવો કાયદો જો કોઈ કરાવે તો અસહકારી છતાં ઘણી ખુશીપૂર્વક તે કાયદો પાસ કરાવવામાં મદદ કરવા હું તૈયાર છું. જ્યાં મારો કાયદો ચાલે છે ત્યાં – એટલે આશ્રમમાં – તો તેમ કરવું ગુનો ગણવામાં આવે જ છે. ૧૨૨

પણ હવે આ પ્રકરણો બંધ કરવાનો સમય આવી પહોંચ્યો છે.... હવેનું મારું જીવન એટલું બધું જાહેર થયું કે કશું પ્રજા નથી

જાણતી એવું ભાગ્યે જ હોય.... મારું જીવન ખુલ્લું છે. મારા સંબંધમાં કશું જ ગુપ્ત નથી અને ગુપ્તતાને હું ઉત્તેજન આપતો નથી. ૧૨૩

સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ એક જ માર્ગ છે, એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો, પણ વચન વ્યર્થ નથી. ૧૨૪

હિંદુસ્તાન આવ્યા પછી પણ હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. ૧૨૫

અવિચારી જનસમુદાયના જયજયકારોથી હું ખરેખર ત્રાસી ગયો છું. તેઓ જો મારા પર થૂંકતા હોત તો હું ક્યાં છું તેની મને ચોક્કસ ખબર પડત. એમ હોત તો, હિમાલય જેવડી કે બીજી ભૂલોનો એકરાર કરવાપણું, પાછાં પગલાં ભરવાપણું, પુનર્રચના કરવાપણું ન રહેત. ૧૨૬

ક્યાંયે પ્રતિષ્ઠા મેળવવાની મને ઝંખના નથી. એ તો રાજાઓના દરબાર માટે જરૂરી આભૂષણ છે. હું જેમ હિંદુઓનો, તેમ જ મુસલમાનો, ખ્રિસ્તીઓ, પારસીઓ તથા યહૂદીઓનો સેવક છું. સેવકને પ્રેમની જરૂર હોય, પ્રતિષ્ઠાની નહીં. અને હું વફાદાર સેવક રહીશ ત્યાં સુધી એ તો મને મળવાનો જ છે. ૧૨૭

કોણ જાણે કેમ યુરોપ અને અમેરિકાની મુલાકાતથી હું ભડકું છું.

એટલે મને મારા દેશના લોકો કરતાં આ મોટા ખંડના લોકો વિશે વધુ અવિશ્વાસ છે એમ નહીં, પણ મને મારે વિશે જ અવિશ્વાસ રહે છે. આરોગ્યને કારણે અથવા દશ્યો જોવાને અર્થે પશ્ચિમયાત્રા કરવાની મને જરાયે ઈચ્છા નથી. તેમ જ ત્યાં જઈને સભાઓ ગજાવવાની જરાયે ઈચ્છા નથી. મને મહાત્મા તરીકે ગવાવાની ચીડ છે. જાહેર ભાષણો અને જાહેર સમારંભોનો ભયાનક ત્રાસ સહન કરવા જેવી મારી તબિયત પાછી કદી થશે કે કેમ તે વિશે શંકા છે. એટલે જો ઈશ્વરની મને કદી યુરોપ મોકલવાની ઈચ્છા હોય તોપણ હું તો ત્યાંના આમવર્ગના હૃદયમાં પ્રવેશ કરવાને અર્થે, ત્યાંના યુવકવર્ગની સાથે હૃદયની ગોષ્ઠી કરવાના અર્થે અને સમાનધર્મીઓને – એક સત્ય સિવાય બાકી બીજા ગમે તેનો ભોગ આપી શાંતિ મેળવવા ચાહનારાઓને – મળવાના સદ્‌ભાગ્યને અર્થે જાઉં.

પણ મને લાગે છે કે મારી પાસે એવો સંદેશ નથી કે જે મારે પોતે જઈને યુરોપને આપવાનો હોય. સત્ય અને અહિંસાનો મારો સંદેશો તો વિશ્વને માટે છે, પણ હજી સુધી તો મને એમ લાગે છે કે એ સંદેશ મારા પોતાના દેશમાં કરેલા મારા કામ મારફતે જ હું ઉત્તમ રીતે આપી શકું. જો એ સંદેશની સફળતા હિંદુસ્તાનમાં પ્રત્યક્ષ બતાવી શકું તો એ સંદેશ પૂરેપૂરો અપાઈ ગયો એમ કહેવાય. જો હિંદને મારા સંદેશનો કશો ઉપયોગ નથી એવા અનુમાન ઉપર હું આવું તો તે સંદેશમાં મને ગમે તેટલી શ્રદ્ધા હોય તોય તે સંદેશ સાંભળનારાઓ બહાર શોધવા હું ન જ જાઉં. એટલે જો હું હિંદુસ્તાનની બહાર જાઉં તો તે એ વિશ્વાસને કારણે કે મારા સંદેશનો હિંદુસ્તાનમાં અચૂક, ભલે ધીમો, સ્વીકાર થઈ રહ્યો છે,

– એ વાત બધાને હું કદાચ સિદ્ધ ન કરી આપી શકું તે જુદી વાત છે.

એટલે મને યુરોપ બોલાવનારા મિત્રોની સાથે હું ફરી ફરીને પત્રવ્યવહાર ચલાવતો હતો તે દરમિયાન મને લાગ્યું કે મારે કાંઈ નહીં તો મોં. રોમે રોલાંને મળવાને માટે યુરોપ જવાની જરૂર છે. યુરોપની સામાન્ય મુલાકાતના સંબંધમાં મને પોતાને મારે વિશે અશ્રદ્ધા હોવાને લીધે, પશ્ચિમના એ વિપશ્ચિત પુરુષની મુલાકાતને હું મારી યુરોપયાત્રાનું મુખ્ય કારણ બનાવવા ઈચ્છતો હતો. એટલે મેં તેમને મારી મૂંઝવણ લખી જણાવી અને તેમને અતિશય સ્પષ્ટ રીતે પૂછ્યું કે, 'યુરોપ હું કેવળ આપને મળવાના જ મુખ્ય કારણે આવું તો આપ યોગ્ય ગણો કે નહીં ?' ઉત્તરમાં તેમણે જણાવ્યું કે, 'સત્યની ખાતર પણ મારે જણાવવું જોઈએ કે કેવળ મને મળવાના જ મુખ્ય કારણે આપ યુરોપ આવો એ તો ન જ બને. કેવળ મને મળવાની ખાતર આપ આપનું કામ છોડીને આવો એમ હું ન ઈચ્છું.' અને મોં. રોમે રોલાંની મુલાકાતનું કારણ છોડીને બીજે કારણે તો યુરોપ જવાને મારું અંતર કહેતું જ નહોતું. મારા નિર્ણયને માટે મને દુઃખ થાય છે, પણ એ જ નિર્ણય સાચો લાગે છે. કારણ જ્યારે યુરોપ જવાને મને અંતરની જરાયે પ્રેરણા થતી નથી, ત્યારે અહીં ઘણુંયે કરવાનું છે એવો આદેશ મને સતત મળી રહ્યો છે. ૧૨૮

આ સંસારમાં કોઈનો પણ તિરસ્કાર કરવા હું મને અસમર્થ માનું છું. ઈશ્વરપરાયણતાથી ખૂબ સંયમ કેળવીને મેં ચાળીસ વર્ષ થયાં કોઈનો પણ દ્વેષ કરવાનું છોડી દીધું છે. આ બહુ મોટો દાવો છે એ હું જાણું છું. છતાં અત્યંત નમ્રતાપૂર્વક હું તે રજૂ કરું છું. પણ જ્યાં જ્યાં દુષ્કર્મ વર્તતું હોય ત્યાં ત્યાં તેને ધિક્કારવા તો હું સમર્થ છું જ

અને ધિક્કારું પણ છું. અંગ્રેજોએ જે શાસનપ્રણાલી હિંદુસ્તાનમાં ઊભી કરી છે તેને હું ધિક્કારું છું, તેનો દ્વેષ કરું છું. અંગ્રેજ વર્ગ હિંદુસ્તાનમાં જે શિરજોરી કરી રહ્યો છે તેનો હું પૂરેપૂરો દ્વેષી છું. હિંદુસ્તાનને નિર્દયપણે ચૂસવાની નીતિને હું હૃદયથી ધિક્કારું છું. અને તે જ પ્રમાણે જે ઘૃણિત પ્રથાને માટે કરોડો હિંદુઓ જવાબદાર થઈ પડ્યા છે તે અસ્પૃશ્યતાને પણ હું ધિક્કારું છું. પણ હું નથી ધિક્કારતો શિરજોરી કરનાર અંગ્રેજને કે નથી ધિક્કારતો હિંદુને. જે જે પ્રેમના ઉપાયો મારાથી લઈ શકાય તેમ છે તે તે ઉપાયો વડે તેમને સુધારવા હું પ્રયત્ન કરું છું. ૧૨૯

કેટલાક દિવસો પૂર્વે આશ્રમનો એક અપંગ થઈ ગયેલો વાછડો રિબાતો હતો. તેની દવા કરી, પશુના દાક્તરની સલાહ લીધી. તેમણે તેના જીવવાની આશા છોડી. અમે પણ જોઈ શક્યા કે તે રિબાય છે. તેને પડખું ફેરવતાંયે દુઃખ થાય.

મને લાગ્યું કે આવી સ્થિતિમાં આ વાછડાનો પ્રાણ લેવો એ ધર્મ છે, અહિંસા છે. મેં સાથીઓની સાથે મસલત કરી. તેઓમાંના ઘણાએ મારા અભિપ્રાયને ટેકો આપ્યો. પછી આખા આશ્રમના લોકોની પાસે વાત કરી. તેમાં એક ભાઈએ ખૂબ દલીલથી સખત વિરોધ કર્યો. મજકૂર ભાઈની દલીલ એ હતી કે જેને પ્રાણ આપવાની શક્તિ નથી તે પ્રાણહરણ ન કરે. મને આ દલીલ આ પ્રસંગે અસ્થાને લાગી. જ્યાં સ્વાર્થભાવનાથી કોઈ બીજાનો પ્રાણહરણ કરે ત્યાં તેવી દલીલને સ્થાન હોય. છેવટે દીન ભાવે પણ દઢતાપૂર્વક પાસે ઊભા રહીને દાક્તરની મારફતે ઝેરની પિચકારી દેવડાવી વાછડાના પ્રાણહરણ કર્યાં. પ્રાણ જતાં બે મિનિટથી ઓછો વખત ગયો હશે.

હું જાણતો હતો કે આ કામ ચાલુ લોકમતને પસંદ ન પડે,

એમાં ચાલુ લોકમત હિંસા જ જોશે. પણ ધર્મ લોકમતનો વિચાર ન કરે. જ્યાં હું ધર્મ જોઉં ત્યાં બીજા અધર્મ જુએ તોપણ, મારે તો મને સૂઝેલો ધર્મ જ આચરવો જોઈએ એમ હું શીખ્યો છું, અને એ જ બરાબર છે એમ મારી આગળ અનુભવે સિદ્ધ કર્યું છે. વાસ્તવિક રીતે મેં માનેલો ધર્મ અધર્મ હોઈ શકે. પણ કેટલીક વાર અણજાણ ભૂલ કર્યા વિના અધર્મની ખબર પડતી નથી. લોકમતને વશ થઈ કે બીજા કોઈ ભયને વશ થઈ હું જેને ધર્મ માનું તે ન આચરું તો ધર્માધર્મનો નિર્ણય હું કોઈ દહાડો કરવા ન પામું. ને છેવટે હું ધર્મહીન થઈ જાઉં. આવા જ કારણથી પ્રીતમે ગાયું છે કે :

*'પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને'*

અહિંસાધર્મનો પંથ એ પ્રેમપંથ છે. તે પંથે માણસને ઘણી વેળા એકાકી વિચરવું પડે છે.

જેવું વાછરડાને વિશે તેવું મારે વિશે હું ઇચ્છું? તેવું મનુષ્યને વિશે હું કરવા તૈયાર થાઉં? આ પ્રશ્ન મેં મનની સાથે ને મિત્રોની સાથે ચર્ચ્યો. મને લાગ્યું કે બંનેને એક જ ન્યાય લાગુ પડે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે'એ મહાવાક્ય અહીં લાગુ ન પડે તો વાછરડાને ન હણાય એમ મને સ્પષ્ટ લાગ્યું. એવાં દૃષ્ટાંતો કલ્પી શકાય કે જ્યારે હણવામાં અહિંસા અને ન હણવામાં હિંસા હોય. મારી દીકરી, જે અભિપ્રાય આપવા યોગ્ય નથી, તેની ઉપર આક્રમણ કરનાર કોઈ ચડી આવે, મને તેને જીતવાનો બીજો માર્ગ ન જ મળે તો હું દીકરીનો પ્રાણ લઉં, અને આક્રમણ કરનારની તલવારને વશ થાઉં તેમાં હું શુદ્ધ અહિંસા જોઉં. દરદોથી પીડાતાં પ્રિયજનોને આપણે હણતા નથી કેમ કે આપણી પાસે તેમની સેવા કરવાનાં સાધનો હોય છે ને તેમને સમજ હોય છે. પણ સેવા શક્ય ન હોય,

જીવવાની આશા ન જ હોય, તે બેશુદ્ધ હોય અને મહાદુઃખ ભોગવતાં હોય, તો તેમના પ્રાણહરણમાં હું લેશમાત્ર પણ દોષ ન જોઉં.

જેમ દરદીના સારાને સારુ તેની વાઢકાપ કરતાં દાક્તર હિંસા નથી કરતો પણ શુદ્ધ અહિંસાધર્મ પાળે છે, તેમ જ મારતાં પણ અહિંસાનું પાલન હોઈ શકે. વાઢકાપમાં મનુષ્ય સાજો થવાનો સંભવ છે, પ્રાણહરણમાં તો પ્રાણ જ જાય છે એવી દલીલ કરવામાં આવી છે. પણ વિચાર કરતાં જણાશે કે બંનેમાં સાધ્ય વસ્તુ એક જ છે. પ્રાણ હરીને અને વાઢકાપ કરીને શરીરમાં રહેલા આત્માને દુઃખમુક્ત કરવાની ધારણા સામાન્ય છે. શરીરની વાઢકાપ કરીને સુખ શરીરને નહીં પણ આત્માને આપવાનું છે. આત્મારહિત શરીરમાં સુખદુઃખ ભોગવવાની શક્તિ જ નથી.

મૃત્યુદંડનો જે ડર અત્યારે સમાજમાં જોવામાં આવે છે, તે અહિંસાધર્મના પ્રચારમાં ભારે બાધા કરનારી વસ્તુ છે. કોઈને ગાળ દેવી, તેનું બૂરું ઇચ્છવું, તેને તાડન કરવું, તેને રિબાવવું એ બધું હિંસા જ છે અને કેટલીક વેળા રિબાવવું એ મૃત્યુદંડના કરતાં અતિશય ઘોર હિંસા હોઈ શકે. જે મનુષ્ય પોતાના સ્વાર્થને સારુ બીજાને રિબાવે છે, તેનાં નાકકાન કાપે છે, તેને પૂરી મૂકી ખાવાનું નથી આપતો ને બીજી રીતે તેનું અપમાન કરે છે, તે મૃત્યુદંડ દેનાર કરતાં બહુ વધારે નિર્દયતા વાપરે છે. જેમણે અમૃતસરની ગલીમાં લોકોને કીડાની જેમ પેટે ચલાવ્યા, તેમણે જો તેમને મારી નાખ્યા હોત તો તે ઓછા ઘાતકી ગણાત. પેટે ચાલનારા આજ જીવે છે એમ કહી કોઈ પેટ ચલાવવાની શિક્ષાને મૃત્યુદંડના કરતાં હલકી માને તો તે અહિંસાને નથી જાણતા એમ કહેતાં મને જરાયે સંકોચ નથી થતો. એવા અનેક પ્રસંગો છે કે જ્યારે માણસે તેમને

વટાવી જવા મોતને વધાવવું ઘટે. જેઓ આ ધર્મ ન સમજે તે અહિંસાના મૂળતત્ત્વને નથી જાણતા.

*'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને'*

'હે નાથ ! હું અસત્ય આચરીને જીવું તેના કરતાં મને તું મોત આપજે,' એ પ્રાર્થના આપણી ઈશ્વર પ્રત્યે નિત્ય હોય.

'હે દુશ્મન ! મારું અપમાન કરે, મારી પાસેથી તું અમાનુષી કર્મ કરાવે તેના કરતાં તું મને મારી નાખ, તો હું તારો પાડ માનું,' આવી પ્રાર્થના અહિંસાધર્મનું પાલન કરનાર મનુષ્ય દુશ્મન પ્રત્યે કરશે.

આ દૃષ્ટાંતો રજૂ કરવાની મતલબ એ બતાવવાની છે કે મૃત્યુદંડ એ હંમેશાં હિંસા નથી જ. વાછડાની સ્થિતિમાં રહેલા પશુનો પ્રાણ લેવો એ ઉપરનાં દૃષ્ટાંતોની સાથે બંધ બેસે કે નહીં એ ભલે નોખો પ્રશ્ન ગણાય, એ વિશે ભલે મતભેદ હોય. અહીં તો મારે અહિંસાને વિશે ચાલતી કેટલીક ગેરસમજ બતાવવી છે.

કેવળ મરણમાંથી જ માનવી અથવા પશુને થોડા કાળને સારુ પણ બચાવી લેવામાં અહિંસા છે જ એ માન્યતા વહેમ છે, અને એથી આજે દેશમાં ઘોર હિંસા થઈ રહેલી હું જોઉં છું. એક રિબાતા પશુના પ્રાણ લેવાથી થયેલા આઘાતની સાથે જ્યારે હું અસંખ્ય પ્રકારની ચાલતી નિર્દયતાને વિશેની ઉદાસીનતાને સરખાવું છું ત્યારે આપણે અહિંસાધર્મી છીએ કે આપણે અહિંસાને નામે જાણે કે અજાણે અધર્મ આચરનારા છીએ એ પ્રશ્ન સાહેજે ઉત્પન્ન થાય છે.

આપણા અવિચાર અને આપણી ભીરુતાને લીધે હું તો ડગલે ને પગલે હિંસા થતી જોઈ રહ્યો છું. આપણી પાંજરાપોળો અને

ગોશાળાઓ હિંસાનાં સ્થાન થઈ પડ્યાં છે. સ્વાર્થથી અંધ થઈ આપણે રોજ આપણાં પશુઓ ઉપર અત્યાચાર કરીએ છીએ, તેમને રિબાવીએ છીએ. તેમને વાચા હોય તો તેઓ આપણને અવશ્ય કહે: 'અમને આમ રિબાવો છો તેના કરતાં અમને મારી નાખો તો તમારો પાડ માનીએ.' તેમની આંખોમાં આવી માગણી મેં તો અનેક વાર વાંચી છે.

આ ઉપરથી એમ કહી શકાય કે સ્વાર્થને વશ થઈને કે ક્રોધમાં કોઈ પણ જીવને દીધેલું દુઃખ કે તેનું ઇચ્છેલું અનિષ્ટ કે પ્રાણહરણ તે હિંસા. નિઃસ્વાર્થ બુદ્ધિથી, શાંત ચિત્તથી કોઈ પણ જીવના ભૌતિક કે આધ્યાત્મિક ભલાને સારુ તેને દીધેલું દુઃખ કે તેનું પ્રાણહરણ શુદ્ધ અહિંસા હોઈ શકે. આવું દુઃખ કે પ્રાણહરણ ક્યારે અહિંસા કહેવાય તે પ્રત્યેક દૃષ્ટાંત વિચારીને જ કહી શકાય. છેવટમાં અહિંસાની પરીક્ષા ભાવના ઉપર આધાર રાખે છે. ૧૩૦

મહાત્માના પદ કરતાં મને સત્ય અનંતગણું પ્રિય છે. હું મહાત્મા નથી એમ જાણું છું, અલ્પાત્મા છું એવું મને બરોબર ભાન છે, તેથી મહાત્માપદે મને કદી ભમાવ્યો કે ભુલાવ્યો નથી. મારે કબૂલ કરવું જોઈએ કે હું તો પ્રતિક્ષણ હિંસા કરીને જ શરીરને નિભાવું છું, અને તેથી જ તેને વિશેનો રાગ ક્ષીણ થતો જાય છે. આશ્રમની રક્ષા કરતાં પણ હિંસા કરી રહ્યો છું. પ્રત્યેક શ્વાસ લેતાં ઝીણાં જંતુઓની હિંસા હું કરું છું એમ જાણતો છતાં શ્વાસને રૂંધતો નથી. વનસ્પતિ આહાર કરવામાં પણ હિંસા કરું છું છતાં આહારનો ત્યાગ કરતો નથી. મચ્છરાદિના ક્લેશથી બચવાને સારુ ઘાસલેટ ઈત્યાદિ વસ્તુઓનો ઉપયોગ કરતાં તેમનો નાશ થાય છે એમ જાણતો છતાં આ નાશક પદાર્થોનો ઉપયોગ છોડતો નથી. સર્પોના ઉપદ્રવમાંથી આશ્રમવાસીઓને બચાવવાને સારુ, જ્યારે તેને માર્યા

વિના દૂર ન કરી શકાય, ત્યારે તેને મારવા દઉં છું. બળદોને ચલાવતાં આશ્રમના માણસો તેને પરોણા વતી મારે છે તે સહન કરી લઉં છું. આમ મારી હિંસાનો અંત જ નથી. અને હવે વાંદરાનો ઉપદ્રવ મને મૂંઝવી રહેલ છે. વાંદરાને મારી નાખવાનો નિશ્ચય હું કદી કરી શકીશ કે નહીં એની મને ખબર નથી. એવા નિશ્ચયથી હું દૂર ભાગતો જાઉં છું. અત્યારે તો કેટલીક ઉપયોગી સૂચનાઓથી મને મિત્રો મદદ કરી રહ્યા છે, પણ આશ્રમની ખેતી રહો વા ન રહો છતાં હું વાંદરાનો કદી નાશ કરીશ જ નહીં એવી પ્રતિજ્ઞા કરવાની મારામાં આજ તો હિંમત નથી. એ મારી નમ્ર કબૂલાતથી મિત્રો મારો ત્યાગ કરે તો હું લાચાર થાઉં અને એ ત્યાગને હું સહન કરું. પણ અહિંસા વિશેની મારી નબળાઈ અથવા અપૂર્ણતાને છુપાવીને કોઈની મૈત્રી રાખવાની મને ઇચ્છા નથી. મારે વિશે હું એટલો જ દાવો કરી શકું કે અહિંસા આદિ મહાવ્રતોને ઓળખવાં અને તેનું સંપૂર્ણ પાલન મનથી, વચનથી અને કાયાથી કરવાનો હું સતત પ્રયત્ન કરી રહ્યો છું. તે પ્રયત્નમાં થોડી અથવા ઘણી સફળતા પણ મળી છે. છતાં મારે હજુ એ દિશામાં બહુ લાંબો પંથ કાપવાનો છે, એનું મને ભાન છે. ૧૩૧

હું તો ગરીબ સાધુ છું. છ રેંટિયા, જેલની થાળીઓ, બકરીના દૂધનું એક વાસણ, ખાદીના છ લંગોટ અને ટુવાલ આટલી મારી ઐહિક પૂંજી છે, અને મારી કીર્તિની ઝાઝી કિંમત ન હોઈ શકે.* ૧૩૨

હું રાજકીય વમળમાં ખેંચાયો ત્યારે મેં મારી જાતને પૂછ્યું કે, અનીતિથી, અસત્યથી અને જેને રાજકીય લાભ કહેવામાં આવે છે તેનાથી અસ્પૃષ્ટ રહેવાને મારે શું કરવું જોઈએ? હું એવા ચોક્કસ

* માર્સાઈના જકાત અધિકારીઓ સમક્ષ, તા. ૧૧ સપ્ટે. ૧૯૩૧.

નિર્ણય પર આવ્યો કે, જેમની વચ્ચે હું જીવું છું તથા જેમની મુશ્કેલીઓ હું રોજ રોજ જોતો રહું છું, તેમની સેવા મારે કરવી હોય તો મારે સઘળી માલમિલકતનો, પરિગ્રહમાત્રનો ત્યાગ કરવો રહ્યો.

મારા દિલમાં આ માન્યતા પેદા થઈ કે તરત જ મેં સર્વસ્વનો ત્યાગ કર્યો, એમ હું કહું તો તે સાચું ન કહેવાય. આરંભમાં એ દિશામાં મારી પ્રગતિ ધીમી હતી એ મારે કબૂલ કર્યે જ છૂટકો, અને આજે જ્યારે હું એ મથામણના દિવસોનું સ્મરણ કરું છું ત્યારે મને યાદ આવે છે કે, આરંભમાં એ વસ્તુ દુઃખદ પણ લાગી હતી. પરંતુ વખત જતાં મને લાગ્યું કે, હું જેને મારી ગણતો હતો એવી બીજી અનેક વસ્તુઓ પણ મારે ફેંકી દેવી જોઈએ. અને પછી તો એવો વખત પણ આવ્યો કે, એ વસ્તુઓનો ત્યાગ ખરેખર સુખદ થઈ પડ્યો. આમ, ઉત્તરોત્તર વધતા જતા વેગથી એક પછી એક વસ્તુઓ મારી પાસેથી સરી ગઈ. અને હું મારા અનુભવો વર્ણવી રહ્યો છું, એટલે હું કહી શકું કે, મારા ખભા પરથી ભારે બોજો દૂર થઈ ગયો અને મને લાગ્યું કે, હવે હું કશા ભાર વિના ચાલી શકું છું તથા મારા માનવબંધુઓની સેવાનું કાર્ય પણ અતિશય આરામથી અને એથીયે વધારે આનંદથી કરી શકું છું પછી તો કોઈ પણ વસ્તુનો પરિગ્રહ તકલીફ દેનારો અને ભારરૂપ બની ગયો.

એ આનંદના કારણની તપાસ કરતાં મને માલૂમ પડ્યું કે, હું કોઈ પણ વસ્તુ મારી પોતાની તરીકે રાખું તો આખી દુનિયાની સામે થઈને મારે તેની રક્ષા કરવાની જરૂર હતી. મને માલૂમ પડ્યું કે, એ વસ્તુ ઘણા લોકોને જોઈતી હતી તેમ છતાં તેમની પાસે તે ન હતી; અને કેટલાક દુકાળનો ભોગ બનેલા ભૂખ્યા લોકો મને એકાંત સ્થળે જોઈને તેઓ એ વસ્તુમાં મારી સાથે ભાગ પડાવવા

જ નહીં પણ મારી પાસેથી તે છીનવી લેવા માગે તો, મારે પોલીસની મદદ માગવાની પણ જરૂર પડે, અને મેં મનમાં વિચાર્યું. તેમને એ જોઈતી હોય અને તેઓ એ લઈ લે તો, તેઓ કોઈ દુષ્ટ હેતુથી પ્રેરાઈને એમ નથી કરતા, પણ તેમની જરૂરિયાત મારી જરૂરિયાત કરતાં વધારે હોવાને કારણે એમ કરે છે.

અને મેં મારા મનમાં વિચાર્યું, પરિગ્રહ મને ગુનો લાગે છે; મારી પાસે કેટલીક વસ્તુઓ હું તો જ રાખી શકું – જ્યારે હું જાણું કે, એવી જ વસ્તુઓ પોતાની પાસે રાખવાની ઇચ્છા રાખનારા બીજાઓ પણ તેમ કરી શકે છે. પણ આપણે જાણીએ છીએ, આપણા પૈકીનો દરેક જણ અનુભવ ઉપરથી કહી શકે, કે એ અશક્ય છે, એટલે, અપરિગ્રહ, અકિંચનત્વ જ એક એવી વસ્તુ છે જે સૌ પોતાની પાસે રાખી શકે અથવા બીજા શબ્દોમાં કહીએ તો સ્વેચ્છાપૂર્વકનો ત્યાગ....મારા દિલમાં આવી પાકી શ્રદ્ધા ઘર કરી બેઠી હોવાથી આ દેહ પણ ઈશ્વરની ઇચ્છા પર છોડી દેવાની અને મારે હસ્તક રહે ત્યાં સુધી એ વ્યસનોને માટે, સુખોપભોગ માટે, આનંદ માણવા માટે નહીં પણ સમગ્ર જાગ્રત અવસ્થા દરમિયાન કેવળ સેવાને માટે જ વપરાવો જોઈએ એવી મને સતત ઝંખના રહ્યા કરે છે. અને દેહને વિશે જો આ સાચું હોય તો પછી કપડાંલત્તાં તથા આપણી વપરાશની બીજી વસ્તુઓની બાબતમાં તો પૂછવું જ શું ?

અને ઐચ્છિક ગરીબાઈના આ વ્રતનું શક્ય એટલું પૂર્ણપણે – સંપૂર્ણ પૂર્ણતા તો અશક્ય છે, પણ માનવીને માટે શક્ય હોય એટલા પ્રમાણમાં પૂર્ણપણે – પાલન કરનારાઓ, એ આદર્શ સ્થિતિએ પહોંચનારાઓ સાખ પૂરે છે કે, તમારી પાસે જે કંઈ હોય

તે બધાનો તમે ત્યાગ કરો છો ત્યારે તમે ખરેખર જગતની સઘળી દોલતના માલિક બનો છો.* ૧૩૩

જુવાનીમાંથી જ હું ધર્મશાસ્ત્રોને સદાચારની કસોટીએ ચડાવી તેની કિંમત આંકવાની કળા શીખ્યો હતો. તેથી મને ચમત્કારોની વાતોમાં કશો રસ પડતો નહીં. ઈશુએ જે ચમત્કારો કર્યા કહેવાય છે તે અક્ષરેઅક્ષર સાચા છે એમ મેં માન્યું હોત તોપણ તેના જે ઉપદેશો શાશ્વત નીતિનિયમને અનુકૂળ ન હોત તે મારે ગળે ઊતરી ન શકત. ગમે તેમ પણ ધર્મગુરુઓનાં વચનો મારે સારુ, ને હું માનું છું કે કરોડોને સારુ પણ, જેવી જીવંત શક્તિ છે તેવી સામાન્ય મનુષ્યોએ ઉચ્ચારેલા એ જ શબ્દો નથી.

ઈશુ અનેક જગદ્‌ગુરુઓમાંના એક હતા એમ હું માનું છું. એમના જમાનાના ભક્તોને મન તેઓ 'ઈશ્વરથી ઉદ્‌ભવેલા એકમાત્ર પુત્ર' હતા. એ ભક્તોના મનમાં જે માન્યતા હતી તે મારા મનમાં પણ હોવી જોઈએ એવું નથી. એમને હું ઈશ્વરના અનેક પુત્રોમાંના એક ગણું છું. તેથી મારા જીવન પર એમની જરાયે ઓછી અસર થતી નથી. 'ઉદ્‌ભવેલા' એ વિશેષણના અક્ષરાર્થ કરતાં વધારે ઊંડો અને ભવ્ય અર્થ હું કરું છું. એમના જમાનામાં એ ઈશ્વરની સૌથી વધારે સમીપ હતા.

ઈશુનો ઉપદેશ જેમણે સ્વીકાર્યો તેમને સારુ અચૂક દૃષ્ટાંતરૂપ બની તેણે એ લોકોના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું. પણ જેમણે પોતાનાં જીવન પલટવાની તકલીફ લીધી નહીં તેમને સારુ એ દૃષ્ટાંતની કશી કિંમત નહોતી. જેમ મૂળ કાચી ધાતુ બળી શુદ્ધ થઈને સોનું નીકળે છે તે જ પ્રમાણે દ્વિજત્વ પામેલા જ્ઞાનીનાં પાપ બળી જાય છે.

* ૧૯૩૧ના સપ્ટેમ્બરની ૨૭મી તારીખે લંડનના ગિલ્ડહૉલમાં આપેલા વ્યાખ્યાનમાંથી.

મારાં અનેક પાપોનો મેં નિખાલસમાં નિખાલસ એકરાર કર્યો છે. પણ એ પાપોનો ભાર માથે લઈને હું ફરતો નથી. મને લાગે છે કે હું ઈશ્વર પ્રત્યે પ્રગતિ કરી રહ્યો છું. જો એ ખરું હોય તો મારું કુશળ જ છે. કેમ કે હું ઈશ્વરની સન્નિધિના પ્રકાશની હૂંફ અનુભવું છું. મારાં તપ, અનશન અને પ્રાર્થના મને સુધારશે એવો આધાર રાખીને હું બેસી રહું તો એ બધાંની કશી કિંમત નથી એ હું જાણું છું. પણ હું આશા રાખું છું કે એ બધાં એક જીવાત્માની તેના સર્જનહારને ખોળે એનું થાકેલું શિર મૂકી દેવાની તાલાવેલીનાં લક્ષણો છે. એમ હોય તો એ બધાની પાર વિનાની કિંમત છે. ૧૩૪

એક અંગ્રેજ મિત્ર છેલ્લાં ત્રીસ વર્ષથી એવું સમજાવવા મારી કેડે પડ્યા છે કે, હિંદુ ધર્મથી મારે માટે અધઃપતન સિવાય બીજું કશું નથી અને તેથી મારે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવો જોઈએ. હું જેલમાં હતો ત્યારે જુદી જુદી જગાએથી 'સિસ્ટર થેરેસાનું જીવનચરિત'ની ઓછીવત્તી નહીં, ત્રણ નકલો મને મોકલાયેલી, અને તે એ આશાએ કે એનો દાખલો અનુસરી હું ઈશુ ખ્રિસ્તને એકમાત્ર ઈશ્વરપુત્ર ને મારા ત્રાતા તરીકે સ્વીકારું. મેં એ ભક્તિપૂર્વક વાંચ્યું પરંતુ સંત થેરેસાના અનુભવના પુરાવા પરથી પણ હું તે વાત ન સ્વીકારી શક્યો. જો અત્યારની મારી ઉંમરે ને આ દશાએ આ પ્રશ્નની બાબતમાં મારું મન નવો વિચાર ગ્રહણ કરી શકે તેમ હોય, તો મારે કહેવું જોઈએ કે હું તેને માટે તૈયાર છું. પણ એ ગમે તેમ હોય, આટલી માનસિક તત્પરતા ધરાવવાનો હું દાવો રાખું છું કે, પોતાનું સૉલ નામ હતું ત્યારે પૉલને જે અનુભવો થયા તેવા મને થાય તો હું ધર્માંતર કરવામાં આનાકાની ન કરું. પરંતુ આજ તો હું રૂઢિગત ખ્રિસ્તી ધર્મ સામે બળવાખોર છું, કેમ કે મને ખાતરી છે

કે એણે ઈશુ ખ્રિસ્તના સંદેશાને બગાડી મૂકેલ છે. ઈશુ ખ્રિસ્ત એશિયાવાસી હતા; એમનો સંદેશો અનેક માધ્યમોમાં થઈને ગયો છે; અને રોમન બાદશાહનું એને જ્યારે પીઠબળ મળ્યું ત્યારે એ સામ્રાજ્યવાદી પંથ બન્યો, અને આજ સુધી એ જ એ રહેલ છે. અલબત્ત, એમાં ઉમદા પણ વિરલ અપવાદો છે. પણ તેનું સામાન્ય વલણ મેં બતાવ્યું તેવું જ છે. ૧૩૫

મારું મગજ નાનું છે. મેં ઝાઝું સાહિત્ય વાંચ્યું નથી. મેં બહુ દુનિયા પણ જોઈ નથી. મેં જીવનમાં કેટલીક વસ્તુઓ પર મારું લક્ષ કેન્દ્રિત કર્યું છે અને એ સિવાય મને બીજો રસ નથી. ૧૩૬

મને છાંટાભાર શંકા નથી કે કોઈ પણ પુરુષ કે સ્ત્રી મારા જેટલો પ્રયાસ કરે અને મારા જેવી આશા અને શ્રદ્ધા કેળવે તો જેટલી સિદ્ધિ મેં પ્રાપ્ત કરી છે તેટલી તેઓ પણ પ્રાપ્ત કરી શકે. ૧૩૭

હું ધારું છું કે અહિંસક રીતે જીવવાની તથા મરવાની કળા મને આવડે છે. પરંતુ પૂર્ણ કાર્ય દ્વારા તેનો દાખલો પૂરો પાડવાનું હજી મારે બાકી છે. ૧૩૮

'ગાંધીવાદ' જેવી કોઈ વસ્તુ છે જ નહીં, અને મારે મારી પાછળ કંઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કંઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા રોજેરોજના જીવન અને પ્રશ્નોને લાગુ પાડવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે. એટલે મનુસ્મૃતિના જેવી સ્મૃતિ મૂકી જવાનો પ્રશ્ન મારી બાબતમાં ઊઠતો નથી. એ મહાન સ્મૃતિકાર અને મારી વચ્ચે સરખામણી જ ન હોય. મેં જે અભિપ્રાયો બાંધ્યા છે અને જે નિર્ણયો પર હું આવ્યો છું તે છેવટના નથી. હું એ કાલે બદલું. મારે દુનિયાને નવું કશું શીખવવાનું નથી. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે. મેં માત્ર મારાથી બન્યા

એટલા વિશાળ પ્રમાણમાં એ બંનેના પ્રયોગો કર્યા છે. એમ કરવામાં મેં કેટલીક વાર ભૂલો કરી છે ને એ ભૂલોમાંથી હું શીખ્યો છું. એટલે જીવન અને એના પ્રશ્નોમાંથી મને સત્ય અને અહિંસાના આચરણના પ્રયોગો કરવાનો અવકાશ મળી ગયો છે. સ્વભાવથી હું સત્યવાદી હતો, પણ અહિંસક નહોતો. એક જૈન મુનિએ એક વાર સાચું કહેલું કે હું જેટલો સત્યનો પૂજારી છું તેટલો અહિંસાનો નથી. એ મુનિનું એમ પણ કહેવું હતું કે સત્યને ખાતર અહિંસાને જતી કરવી પડે તો હું કરી શકું એવો છું. વસ્તુતઃ સત્યની ઉપાસના કરતાં કરતાં જ મને અહિંસા લાધી છે. આપણાં શાસ્ત્રોએ કહ્યું છે કે સત્યથી ઊંચો ધર્મ એકે નથી. (सत्यान्नास्ति परो धर्मः) વળી તે બધાં એમ પણ કહે છે કે અહિંસા એ પરમ ધર્મ છે. (अहिंसा परमो धर्मः) હું માનું છું કે આ બે સૂત્રમાં 'ધર્મ' શબ્દ જુદા જુદા અર્થમાં વપરાયેલો છે.

મારું તત્ત્વજ્ઞાન – મારા વિચારોને માટે એવડું મોટું નામ વાપરી શકાય તો – મેં ઉપર જે કહ્યું એટલામાં આવી જાય છે. તમે એને 'ગાંધીવાદ' ન કહેશો. એમાં 'વાદ' જેવું કશું નથી. અને એને માટે મોટા સાહિત્યની કે પ્રચારની જરૂર નથી. મારા વિચારો સામે શાસ્ત્રવચનો ટાંકવામાં આવ્યાં છે, છતાં કોઈ પણ વસ્તુને ખાતર સત્યનો ભોગ આપવો ન જોઈએ એ મારા વિચારને હું હંમેશના કરતાં વધારે દૃઢતાથી વળગી રહ્યો છું. મેં કહેલાં સાદાં સત્યો પર જેમનો વિશ્વાસ હોય તેઓ તેમને આચરણમાં ઉતારીને તેમનો પ્રચાર કરી શકશે. કેટલાક લોકોએ મારા રેંટિયાની ઘણી હાંસી કરી છે, અને એક તીખા ટીકાકારે તો એક વાર એમ પણ કહેલું કે રેંટિયો લોકોને એવો અળખામણો થઈ પડશે કે એ રેંટિયાનાં લાકડાં હું મરીશ ત્યારે મારી ચિતાને માટે કામ આવશે. છતાં એથી મારી

રેંટિયા પરની શ્રદ્ધા ડગી નથી. મારા આખા રચનાત્મક કાર્યક્રમની જડ અહિંસામાં છે, એ હું જગતને પુસ્તક લખીને થોડો જ સમજાવી શકનાર હતો? મારું જીવન જ એ બતાવી શકે. ૧૩૯

તમે જ મને થૉરો જેવો ગુરુ આપ્યો. તેના 'સવિનય કાયદાભંગનો ધર્મ' (ડ્યૂટી ઑફ સિવિલ ડિસઓબિડિયન્સ) વિશેના નિબંધ દ્વારા દક્ષિણ આફ્રિકાની મારી પ્રવૃત્તિને શાસ્ત્રીય સમર્થન મળ્યું. ગ્રેટ બ્રિટને મને એવો જ બીજો ગુરુ રસ્કિન આપ્યો. તેનો ગ્રંથ 'સર્વોદય' (અનટુ ધિસ લાસ્ટ) વાંચીને એક જ રાતમાં વકીલ અને નગરવાસીમાંથી, ડરબનથી દૂર અને નજીકમાં નજીકના રેલવે સ્ટેશનથી ત્રણ માઈલ છેટે આવેલા એક ખેતર પર વસતા ગામડિયામાં મારું રૂપાંતર થઈ ગયું. અને રશિયા પાસેથી મને મારા ત્રીજા ગુરુ ટૉલ્સ્ટૉય મળ્યા. મારી અહિંસાને માટે તેમણે બુદ્ધિને સંતોષી શકે એવો તર્કશુદ્ધ પાયો રચી આપ્યો. દક્ષિણ આફ્રિકાની મારી હિલચાલ જ્યારે પ્રારંભિક દશામાં હતી અને તેની અદ્‌ભુત શક્યતાઓ મારે હજી ઓળખવી બાકી હતી તે વખતે તેમણે તેને આશીર્વાદ મોકલ્યા હતા. મારા પર લખેલા એક પત્રમાં તેમણે ભવિષ્ય ભાખ્યું હતું કે દુનિયાના કચડાયેલા લોકોને માટે આશાના સંદેશારૂપ નીવડવાને સરજાયેલી હિલચાલને તમે દોરી રહ્યા છો. એટલે તમે જોઈ શકશો કે મારા આજના કાર્યની વિચારણા વિલાયત કે પશ્ચિમના દેશો પ્રત્યેની દુશ્મનાવટની કોઈ ભાવનાથી પ્રેરાઈને મેં કરી નથી. 'સર્વોદય'(અનટુ ધિસ લાસ્ટ)નો સંદેશ હૃદયમાં ઉતારીને અને પચાવીને નાઝીવાદ અથવા ફાસીવાદને અનુમોદન આપવાનો ગુનો હું કેમ કરું ? વ્યક્તિને અને તેની સ્વંતત્રતાને કચડી નાખવાનો એ વાદોનો પંથ નથી શું ? ૧૪૦

મારા જીવનમાં મારે વિશેની એકે વસ્તુ મેં ગુપ્ત રાખી નથી.

મારી નબળાઈઓના મેં વખતોવખત જાહેર એકરાર કર્યા છે. વાસના મને ખેંચે તો તેવો એકરાર કરવાની હિંમત મારામાં છે એમ હું માનું છું. મારી પોતાની પત્ની પરત્વે પણ વાસનાતૃપ્તિની મને ઘૃણા ઊપજી અને એ બાબતમાં મેં મારી પૂરતી કસોટી પણ કરી લીધી, ત્યારે સને ૧૯૦૬માં મેં બ્રહ્મચર્યનું વ્રત લીધું, અને તે દેશની સેવામાં વધુ ભક્તિ અને પરાયણતા કેળવવા ખાતર લીધું. તે દિવસથી મારા ખુલ્લા જીવનની શરૂઆત થઈ.... મારું બ્રહ્મચર્ય શરૂ થયું તે દિવસથી અમ પતિપત્નીના ખરા સ્વાતંત્ર્યનો આરંભ થયો. મારી સ્ત્રી તેના પ્રભુ અને માલિક તરીકેની મારી સત્તામાંથી મુક્ત થઈને સ્વતંત્ર સ્ત્રી બની, અને હું મારી વાસના જે એણે તૃપ્ત કરવી પડતી તેની ગુલામીમાંથી છુટકારો પામ્યો. મને મારી સ્ત્રી પ્રત્યે હતું તેવું આકર્ષણ તેવા અર્થમાં બીજી કોઈ સ્ત્રી પ્રત્યે કદી થયું નથી. હું મારી સ્ત્રીને પતિ તરીકે અને મારી મા સમક્ષ લીધેલા સોગંદને એટલો વફાદાર હતો કે બીજી કોઈ સ્ત્રીની ગુલામી ન કરું. પણ જે રીતે મારામાં બ્રહ્મચર્યનો વિકાસ થયો તે બિનાએ મને સ્ત્રીને માણસની માતા તરીકે જોતાં શીખવ્યું. અને તેથી સ્ત્રીજાતિ પ્રત્યે હું અનિવારપણે ખેંચાયો.... મારા બ્રહ્મચર્યમાં એના પાલનને લગતા જૂના સનાતની નિયમો જેવું કશું નહોતું. જરૂર જણાતી ગઈ તેમ તેમ હું મારા પોતાના એવા નવા નિયમો ઘડતો ગયો. પણ મેં એમ કોઈ દિવસ માન્યું નથી કે બ્રહ્મચર્યના પાલનને સારુ સ્ત્રીજાતિ જોડે સંપર્કમાત્ર તજવો જોઈએ. બ્રહ્મચર્યના પાલન અર્થે એકબીજાનો નિર્દોષમાં નિર્દોષ સંપર્ક પણ તજવા કહેનારો અંકુશ એ બળજોરીપૂર્વક કરેલો વિકાસ છે ને તેની કશી અથવા ખરી કિંમત નથી. આથી સેવાકાર્યોને અંગે આવતા સ્વાભાવિક સંપર્કોને હું કદી રોકતો નહીં. પરિણામે દક્ષિણ આફ્રિકામાં કેટલીયે યુરોપિયન તેમ જ હિંદી બહેનોને સારુ વિશ્વાસપૂર્વક

આંતરજીવનની વાતો કરવાનું હું ઠેકાણું બન્યો. અને જ્યારે દક્ષિણ આફ્રિકામાં હિંદી બહેનોને સત્યાગ્રહમાં જોડાવાની હાકલ મેં કરી ત્યારે હું તેમનામાંનો જ એક હોઉં એમ મને લાગ્યું. આ વખતે મને પહેલવહેલું ભાન થયું કે સ્ત્રીજાતિની સેવા કરવાની ખાસ યોગ્યતા મારામાં છે. આ (મારે મન રસમય) વાતને ટૂંકાવું તો હિંદમાં આવ્યા પછી હિંદી સ્ત્રીવર્ગમાં એવી જ આત્મીયતાથી ભળતાં મને વાર ન લાગી. જે સ્વાભાવિકતાથી હું એમના હૃદયના વિશ્વાસ અને આસ્થાનું ભાજન બન્યો એ મારે સારુ સાનંદાશ્ચર્યનો વિષય હતો. મુસલમાન બહેનોએ પણ દક્ષિણ આફ્રિકાની પેઠે જ અહીં પણ મારો પડદો ન રાખ્યો. આશ્રમમાં હું સૂઉં છું ત્યાં આસપાસ બધે સ્ત્રીઓ સૂઈ રહે છે. કારણ તેઓ મારા સાંનિધ્યમાં પોતાને દરેક રીતે સુરક્ષિત માને છે. વાચક યાદ રાખે કે સેગાંવ આશ્રમમાં એકાંત બિલકુલ હોતું નથી.

જો સ્ત્રીઓ તરફ આ ઉંમરે પણ મારામાં કામવાસના જાગે તો મારામાં એકથી વધુ સ્ત્રીઓ કરવાની હિંમત છે. હું છૂપા કે ઉઘાડા સ્વેચ્છાચારને માનતો નથી. સ્વેચ્છાચાર મારી નજરમાં કૂતરાનો આચાર છે. છૂપા પ્રેમમાં તે ઉપરાંત નામર્દાઈ પણ છે. ૧૪૧

'તમે તમારા દીકરાને જ તમારી સાથે નથી રાખી શક્યા ને તે સ્વેચ્છાચારી બનેલ છે, તો તમે તમારું ઘર જ સંભાળીને બેસી રહો એ વધારે સારું નહીં ?'

આ ટાણો ગણાય. હું એને એમ નથી ગણતો કેમ કે, એ સવાલ કોઈને ઊઠી શકે તેના પહેલાં મને ઊઠી ચૂક્યો હતો. હું પૂર્વજન્મને અને પુનર્જન્મને માનનારો છું. સહુ સંબંધો પૂર્વના સંસ્કારોનું ફળ હોય છે. ઈશ્વરના કાયદા અગમ્ય છે. એ અખંડ શોધનો વિષય છે. તેનો પાર કોઈ પામવાનું નથી.

મારા પુત્રની બાબતમાં હું જે સમજ્યો છું તે આ છે. મારે ઘેર કુપુત્ર જન્મે તો તે મારા પાપનું ફળ માનું. મારા પ્રથમ પુત્રનો જન્મ કેવળ મારી મૂર્છિત દશાનું ફળ છે. વળી એ એવા કાળમાં મોટો થયો કે જ્યારે હું ઘડાઈ રહ્યો હતો ને મને પોતાને ઓછો ઓળખતો હતો. આજે પૂરી રીતે ઓળખવાનો દાવો નથી કરતો, પણ તે કાળના કરતાં હું મારી જાતને વધારે ઓળખું છું એમ માનું છું. વળી એ ઘણો કાળ મારાથી વિખૂટો રહ્યો, તેનું ઘડતર બધું મારા હાથમાં નહોતું. આથી એનું જીવન અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવું થયું. એની મારી સામે ફરિયાદ રહી છે કે મેં જેને ખોટી રીતે પરમાર્થ માન્યો હતો તેમાં તેને અને તેના ભાઈઓને હોમ્યા. એ જાતનો આરોપ ઓછાવત્તા પ્રમાણમાં બીજા પુત્રોએ પણ સંકોચાતાં સંકોચાતાં મૂક્યો છે, પણ ઉદાર દિલે તેઓએ મને માફી આપી છે.' મોટા દીકરાએ તો મારા ફેરફારો પ્રત્યક્ષ અનુભવ્યા એટલે તે તેણે માનેલા મારા અપરાધો ભૂલી નથી શક્યો. આવી સ્થિતિમાં તેને મેં ખોયો એનું કારણ હું છું એમ સમજી સમસમી બેસી રહ્યો છું છતાં એ વાક્ય છેક બરોબર નથી. કેમ કે પ્રભુ એને સદ્‌બુદ્ધિ આપે ને મારાથી તેની સેવા કરવામાં જેટલી ઊણપ રહી ગઈ હોય તેને સારુ તે મને માફી આપે એવી પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના હંમેશાં ચાલે છે. મનુષ્ય સ્વભાવે ઊર્ધ્વગામી છે એવો મારો દૃઢ વિશ્વાસ હોવાથી, તે પોતાની અજ્ઞાનનિદ્રામાંથી જાગશે એવી આશા મેં મુદ્દલ નથી છોડી. એટલે જેમ આખો સંસાર છે તેમ એ પણ મારી અહિંસાનું ક્ષેત્ર છે. સફળતા ક્યારે મળશે કે મળશે કે નહીં તેની ચિંતા મેં કદી કરી નથી. મને જે સૂઝે તે કર્તવ્યમાં હું શિથિલ ન રહું એટલું મને સંતોષ આપવા બસ છે. 'મનુષ્ય કર્તવ્યનો અધિકારી છે, ફળનો કદી નહીં' એ ગીતાવાક્યને હું કુંદનરૂપ ગણું છું. ૧૪૨

એક ભાઈએ મને છાપાની કાપલી મોકલી છે. તેમાં ખબર છે કે મારા નામનું મંદિર ચણાવી તેમાં મારી મૂર્તિની પૂજા થાય છે. આને હું ભૂંડામાં ભૂંડા સ્વરૂપની મૂર્તિપૂજા માનું છું. જેણે આવું મંદિર ચણાવ્યું તેણે પોતાના પૈસા બગાડ્યા. ગામડાંના ભોળા લોકોને ઊંધે રસ્તે દોર્યા અને મારા જીવનને અવળું ચીતરી મારું અપમાન કર્યું છે. આથી પૂજાનો અર્થ સરતો નથી, ઊલટો અનર્થ થાય છે. નિર્વાહને સારુ અથવા સ્વરાજ્યને સારુ યજ્ઞરૂપે કાંતવું એ જ મારે મન ખરું ચરખાપૂજન છે. પોપટિયા પારાયણ નહીં પણ ગીતાના ઉપદેશનું પાલન એ જ ખરું ગીતાપૂજન. ગીતાના ઉપદેશ પ્રમાણે આચરણ કરવામાં મદદરૂપ થાય એટલી હદ સુધી ગીતાપાઠ થાય તો યોગ્ય ગણાય. મનુષ્યની નબળાઈનું નહીં પણ તેના ગુણોનું અનુકરણ એ જ એની સાચી પૂજા છે. જીવતા માણસની મૂર્તિ બનાવી તેની પૂજા કરવાથી આપણે હિંદુ ધર્મને છેલ્લે પગથિયે ઉતારીએ છીએ. મૃત્યુ પહેલાં કોઈ માણસને પૂર્ણપણે સારો ન કહી શકાય. અને મૃત્યુ પછી પણ જેને એનામાં આરોપેલા ગુણોમાં વિશ્વાસ હશે તે જ તેને સારો કહેશે. સાચી વાત એ છે કે એક ઈશ્વર માણસના હૃદયને જાણે છે. માટે કોઈ જીવંત અથવા મૃત માણસને પૂજવાને બદલે જે પૂર્ણ છે અને સત્યનું રૂપ છે એવા ઈશ્વરને પૂજવામાં ને ભજવામાં સુરક્ષિતપણું છે. હવે એવો પ્રશ્ન જરૂર ઊઠી શકે કે ફોટા રાખવા એ પણ પૂજાનો પ્રકાર છે કે નહીં? હું એ વિશે અગાઉ લખી ચૂક્યો છું. એ પ્રથા ખર્ચાળ છે છતાં નિર્દોષ ગણી આજ લગી મેં તે સહન કરી છે. એથી મૂર્તિપૂજાને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે સહેજ પણ હું ઉત્તેજન આપતો હોઉં તો એ પણ હાસ્યાસ્પદ અને હાનિકારક ગણી તજું.

મંદિરનો માલિક જો મૂર્તિને ખસેડી એ મકાનમાં ખાદીનું કેન્દ્ર ખોલે તો આવકારવા લાયક થશે, ને હાલ પાપ કરે છે તેમાંથી બચશે. ત્યાં ગરીબો મજૂરીને સારુ પીંજે ને કાંતે, બીજા યજ્ઞને અર્થે પીંજે ને કાંતે. બધા ખાદી પહેરતા થાય. આ જ ગીતાનો કર્મયોગ છે. તે જીવનમાં ઉતારવાથી તેની અને મારી સાચી પૂજા કરી ગણાય. ૧૪૩

મારી ત્રુટિઓ અને ભૂલોને પણ મારી સફળતા અને શક્તિની માફક હું ઈશ્વરની એનાયત સમજું છું અને બંને હું તેને ચરણે ધરું છું. ઈશ્વરે મારા જેવા અપૂર્ણ મનુષ્યને આવા મહાપ્રયોગને માટે કેમ પસંદ કર્યો હશે? અહંકારથી નથી કહેતો, પણ મને ચોખ્ખું ભાસે છે એટલે કહું છું કે પરમાત્માને હિંદુસ્તાનનાં કરોડો મૂંગાં, અજ્ઞાન ગરીબોને માટે કામ લેવું હતું એટલે તેણે મારા જેવા અપૂર્ણને પસંદ કર્યો. મારા કરતાં વધારે પૂર્ણ પુરુષને જોઈને એ બાપડાં કદાચ મૂંઝાઈ જાત. પોતાની જેમ ભૂલો કરનારા મને જોઈને તેમને પણ વિશ્વાસ બેઠો કે પોતે પણ પોતાની ભૂલો સુધારી શકે અને આગળ વધી શકે. પૂર્ણ પુરુષને કદાચ તેઓ પિછાની પણ ન શકત અને તેને ગુફામાં ચાલ્યા જવું પડત. મારા પછી જે આવશે તે પૂર્ણ હશે અને તેનો સંદેશો ઝીલવાને માટે પણ તમે એટલા સમયમાં લાયક થઈ ગયા હશો. ૧૪૪

અણુબૉમ્બે હિરોશિમાને ધરતી પરથી ભૂંસી નાખ્યાની ખબર મેં પ્રથમ સાંભળી ત્યારે મારું રૂંવાડું સરખું પણ ફરક્યું નહીં. ઊલટું મેં મારા મનને કહ્યું, 'હવે જો દુનિયા અહિંસા નહીં અપનાવે તો માનવજાત અવશ્ય પોતાનો વિનાશ વહોરશે.' ૧૪૫

દુનિયાનાં અનેક દુષ્કર્મોનો કાજી હું બનતો નથી. હું પોતે અપૂર્ણ હોવાથી અને સહિષ્ણુતા તથા ઉદારતાની મને ગરજ હોવાથી,

ફળદાયી સમજાવટ માટેની તક હું ખોળી કે પેદા કરી શકું ત્યાં સુધી, દુનિયાની અપૂર્ણતાઓ હું સહી લઉં છું. ૧૪૬

જ્યારે અશુભ એવું કશું જ કરવાને હું અસમર્થ થઈ પડીશ અને જ્યારે મારી વિચારસૃષ્ટિમાં એક ક્ષણને સારુ પણ કટુ અગર રોષભરી એવી વસ્તુ સ્થાન નહીં પામી શકે ત્યારે જ મારી અહિંસા આખા જગતના અંતરને અસર કરશે. ૧૪૭

પોતાની જાતને ઈશ્વરમાં સંપૂર્ણપણે સમાવી દેનારે ભલું અને બૂરું, સફળતા અને નિષ્ફળતા તેના ઉપર છોડીને નિશ્ચિંત બનવું જોઈએ. મને લાગે છે કે હું એ સ્થિતિએ નથી પહોંચ્યો, અને તેથી, મારો પ્રયત્ન અધૂરો છે. ૧૪૮

એક સ્થિતિ એવી હોય છે, જ્યારે માણસને પોતાના વિચારો પ્રગટ કરવાની જરૂર રહેતી નથી. તેના વિચારો જ કર્મ હોય છે. તે સંકલ્પથી કર્મ કરે છે. એવી સ્થિતિ આવે છે ત્યારે તે અકર્મમાં કર્મ જુએ છે. એટલે કે અકર્મથી કર્મ થાય છે એમ કહેવાય.... એ દિશામાં મારો પ્રયત્ન રહે છે. ૧૪૯

દુનિયાભરનાં અનેક સ્થળો પરથી મને પૂછવામાં આવેલા એક સવાલનો જવાબ આપવાનું આજે મેં ખાસ પસંદ કર્યું છે. તે સવાલ આવો છે: તમારા મુલકમાં પોતપોતાના રાજદ્વારી આશયો પાર પાડવાને ખાતર રાજકીય પક્ષો હિંસાનો વધારે ને વધારે ઉપયોગ કરવા લાગ્યા છે એનો તમે શો ખુલાસો આપશો? બ્રિટિશ હકૂમતનો અંત લાવવાને પાછલાં ત્રીસ વરસથી અહિંસાનો જે મહાવરો લેવામાં આવ્યો છે તેનું તો આ પરિણામ નથી! તો પછી હજીયે દુનિયાને માટે તમારો અહિંસાનો સંદેશ કામ આવે ખરો? મારા પર પત્ર લખીને સવાલ પૂછનારાઓની લાગણીની મતલબ મેં મારી ભાષામાં આપી છે.

આના જવાબમાં મારી અહિંસાની નહીં પણ મારી નાદારીનો મારે એકરાર કરવો જોઈએ. આ પહેલાં મેં સ્પષ્ટ કહ્યું છે કે પાછલાં ત્રીસ વરસ દરમિયાન જેનો પ્રયોગ થયો તે દુર્બળની અહિંસા હતી. મારો આ જવાબ બરાબર અથવા પૂરતો છે કે નથી તે બીજા લોકોએ કહેવાનું છે. ઉપરાંત બીજી એક વાત પણ સ્વીકારવી રહે છે કે પલટાયેલા સંજોગોમાં એવી અહિંસા કશા ખપમાં આવે તેવી નથી. હિંદને સબળાની અહિંસાનો અનુભવ નથી. હું વારંવાર કહ્યા કરું તે શૂરાની અથવા સબળાની અહિંસા દુનિયામાં સૌથી જોરાવર શક્તિ છે તેથી મારો કશો અર્થ ન સરે. એ હકીકતનો ચાલુ તેમ જ મોટા પ્રમાણમાં પ્રત્યક્ષ પ્રયોગ કરી બતાવવો જોઈએ. મારી જેટલી શક્તિ છે તે બધી વાપરીને હું એનો જ પ્રયાસ ચલાવું છું અને મારી બધી શક્તિ સરવાળે નજીવી હોય તો શું ? એવું ન હોય કે હું શેખચલ્લીને રસ્તે ચડ્યો છું ? આવી વિફળ શોધમાં મારી પાછળ આવવાને અથવા મારી સાથે જોડાવાને મારે બીજાઓને શા સારું બોલાવવા? આ બધા સવાલો મુદ્દાના ને પ્રસ્તુત છે. તે બધાનો મારો જવાબ તદ્દન સીધો ને સરળ છે. હું કોઈને મને અનુસરવાને કે મારી જોડે સામેલ થવાને કહેતો નથી. દરેક સ્ત્રીપુરુષ પોતાના અંતર્યામીનો અવાજ ન સાંભળી શકે તો પોતાનાથી જે કંઈ બને તે કરી છૂટે. પરંતુ કોઈ સ્ત્રી કે કોઈ પુરુષ બીજાની પાછળ પાછળ ગાડરની જેમ ન જાય.

બીજો એક સવાલ પણ પૂછવામાં આવ્યો છે અને આવે છે. તમને ખાતરી હોય કે હિંદુસ્તાન અવળે રસ્તે ચડ્યું છે તો ખોટે રસ્તે ચાલનારાની સાથે તમે સંબંધ કાં રાખો? તેમના ભેગા કેમ રહો ? તમે એકલા એકલા તમારે રસ્તે કેમ નથી જતા? અને તમે એવી શ્રદ્ધા કેમ ન રાખો કે મારી વાત સાચી હશે તો મને આજે

છોડી ગયેલા મિત્રો ને અનુયાયીઓ મને શોધતા આવશે? આને હું તદ્દન યોગ્ય સવાલ લેખું છું. એની સામે દલીલ કરવાની કોશિશમાં હું નહીં પડું. હું એટલું જ જણાવું કે મારી શ્રદ્ધા પહેલાંના જેટલી જ દૃઢ છે. સંભવ છે કે મારી કાર્યપદ્ધતિ ખામીવાળી હોય. આવી અટપટી પરિસ્થિતિમાં દિશા બતાવનારા આગળ બની ગયેલા પુરાણા તેમ જ નીવડેલા દાખલા મોજૂદ છે. પરંતુ એને અંગે એક જ સાવચેતી રાખવાની છે. આમાં જડ યંત્રવત્ ચાલવાનું ન હોય. તેથી મને સલાહ આપનારા સૌ કોઈને હું જણાવું છું કે મારી સાથે ખામોશીથી કામ લો અને અહિંસાના અસ્રાની ધાર જેવા દુર્ગમ માર્ગ સિવાય આજની વ્યથિત દુનિયાને માટે ઊગરવાની બીજી કોઈ આશા નથી એ મારી શ્રદ્ધામાં સામેલ થાઓ. એ સત્યને પોતાના જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવવામાં મારા જેવા કરોડો સંભવ છે કે ન ફાવે પરંતુ એ નિષ્ફળતા અહિંસાના સનાતન નિયમની નહીં, એ કરોડોની હશે. ૧૫૦

ભાગલા મારા સઘળા પ્રયત્ન છતાં આવ્યા. એથી મને દુ:ખ થયું છે. પણ ભાગલા જે રીતે આવ્યા તેનાથી મને વિશેષ દુ:ખ થયું છે. આજના દાવાનળને બૂઝવવાના પ્રયત્નમાં करेंगे या मरेंगेની પ્રતિજ્ઞા મેં લીધી છે. હું મારા દેશબંધુઓને ચાહું છું તે જ રીતે હું સારી માનવજાતને ચાહું છું, કેમ કે, ઈશ્વર પ્રત્યેક માનવીના હૃદયમંદિરમાં વિરાજે છે અને માનવજાતની સેવા દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાને હું ઝંખું છું. અમે આચરેલી અહિંસા દુર્બળની અહિંસા હતી, એટલે કે, એ અહિંસા જ નહોતી, એ સાચું છે. પરંતુ હું કહું છું કે, મારા દેશબંધુઓ આગળ મેં એ વસ્તુ ધરી નહોતી. તેમ જ તેઓ દુર્બળ હતા અથવા નિ:શસ્ત્ર હતા કે લશ્કરી તાલીમ વિનાના હતા એટલા માટે નહીં પરંતુ ચાહે તેટલા ઉમદા

ધ્યેયને અર્થે વાપરવામાં આવેલાં દ્વેષ અને હિંસા કેવળ દ્વેષ અને હિંસા પેદા કરે છે અને સુલેહશાંતિ સ્થાપવાને બદલે તેને જોખમાવે છે, એવું મને મારા ઈતિહાસના અભ્યાસે શીખવ્યું હતું, તેથી મેં તેમની આગળ અહિંસાનું શસ્ત્ર ધર્યું હતું. હિંદ પાસે જો દુનિયાને આપવા માટે કોઈ વારસો હોય તો તે આ ક્ષમા, કરુણા અને શ્રદ્ધાનો ઉપદેશ છે. અને એ તેની સૌથી ગૌરવવંતી વસ્તુ છે. એ વારસાનો યશ અમારા પ્રાચીન ઋષિમુનિઓ અને સાધુસંતોને ઘટે છે. અણુબૉમ્બની શોધ દ્વારા દુનિયાએ વિનાશનું જોખમ પોતાને માથે વહોરી લીધું છે તેની સામે હિંદ અહિંસા વડે કામ લેશે એવી મને શ્રદ્ધા છે. સત્ય અને પ્રેમનું શસ્ત્ર અજેય છે, પરંતુ આપણા જેવા તેના ભક્તોમાં જ કોઈ એવો દોષ રહેલો છે જેણે આપણને આજના આત્મઘાતી કલહમાં હોમ્યા છે. એટલા માટે ઊંડા ઊતરીને હું મારું અંતર તપાસવાનો પ્રયત્ન કરી રહ્યો છું. ૧૫૧

મારા જીવનમાં હું અનેક કસોટીઓમાંથી પસાર થયો છું. પણ આ કસોટી કદાચ સૌથી આકરી નીવડે એમ બને. મને એ ગમે છે. એ જેમ જેમ વધારે જલદ થતી જાય છે તેમ તેમ હું ઈશ્વર સાથે વધુ ને વધુ નિકટતા અનુભવી રહ્યો છું તથા તેની અપાર કૃપાને વિશેની મારી શ્રદ્ધા વધુ ને વધુ ઊંડી બનતી જાય છે. એ શ્રદ્ધા જ્યાં સુધી છે ત્યાં સુધી મારે માટે સઘળું કુશળ છે, એ હું જાણું છું. ૧૫૨

જો હું પૂર્ણતા પ્રાપ્ત કરી ચૂકેલો હોત તો મારા પાડોશીનાં દુઃખ જોઈ અત્યારે હું જે રીતે દુઃખી થાઉં છું તેવો દુઃખી ન થાત. પૂર્ણ મનુષ્ય તરીકે હું તે ધ્યાનમાં લેત, તેનો ઉપાય બતાવત અને મારામાંના અજેય સત્યના સામર્થ્ય વડે હું તે ઉપાયો બીજાઓની પાસે લેવડાવત. પણ હજી તો હું કાચમાંથી જોતો હોઉં તેમ ઝાંખું

ઝાંખું જોઈ શકું છું. અને તેથી ધીરજપૂર્વક ને મહેનતભરી રીતોથી મને સૂઝે છે તે વસ્તુ મારે સામાને ગળે ઉતારવી પડે છે.... મટાડી શકાય તેવા આધિવ્યાધિમાં દેશને ડૂબેલો જાણવા છતાં... જો હું એ બધાના દુઃખથી દુઃખી ન થાઉં તો મારી માણસાઈ લાજે. ૧૫૩

હું દુનિયા આગળ જાહેર કરવા માગું છું કે, વિરુદ્ધમાં ચાહે તે કહેવામાં આવે અને પશ્ચિમના લોકો પૈકી ઘણાઓનો આદર અને વિશ્વાસ પણ હું ખોઈ બેઠો હોઉં, અને એ માટે શરમથી મારું માથું નીચું નમે છે, તેમ છતાં, તેમની મૈત્રી અથવા તેમના પ્રેમને ખાતર પણ, મારે મારા અંતરના અવાજને દબાવવો જોઈએ નહીં; તેને જોઈએ તો અંતરાત્મા કહો કે મારી મૂળભૂત અંતઃપ્રકૃતિની પ્રેરણા કહો. મારી વેદનાનો પોકાર કરવાને મારા દિલમાંથી મને કંઈક પ્રેરી રહ્યું છે. એ શી વસ્તુ છે તે હું બરાબર જાણી શક્યો છું. જે મને કદી પણ છેતરતી નથી એવી મારા દિલમાંથી એ કંઈક વસ્તુ હવે મને કહે છે: 'તારે આખી દુનિયાની સામે ઊભા રહેવાનું છે, પછી ભલે તારે એકલાને એમ ઊભા રહેવું પડે. દુનિયા તારા તરફ લોહિયાળ આંખોમાંથી જુએ તોયે તું જેવો છે તેવા તારે દેખાવું જોઈએ. ડર મા. તારા હૃદયમાં જે સૂક્ષ્મ શક્તિ વિરાજે છે તેના પર શ્રદ્ધા રાખ, જે કહે છે: 'પત્નીને તજ, મિત્રોને તજ, સૌ કોઈને તજ, પણ જેને અર્થે તું જીવ્યો છે અને જેને અર્થે તારે મરવાનું છે તેની હસ્તીની સાખ પૂર, એમ કહે છે તે નાનકડી વસ્તુ પર શ્રદ્ધા રાખ. ' ૧૫૪

એક જ અન્યાય અથવા એક જ દુઃખના પણ અસહાય સાક્ષી બની રહેવું પડે ત્યાં સુધી, મારો આત્મા સંતુષ્ટ થવાનો ઈન્કાર કરે છે. પરંતુ મારા જેવા દુર્બળ, કમજોર અને ક્ષુદ્ર જંતુ માટે, હરેક અન્યાયનું નિવારણ કરવાનું અથવા મારા જોવામાં આવતા સઘળા

અન્યાયોના દોષમાંથી મને પોતાને મુક્ત માનવાનું, શક્ય નથી. મારો આત્મા મને એક બાજુએ ખેંચે છે, મારાં હાડમાંસ અને ઇંદ્રિયો મને ઊલટી દિશામાં ખેંચે છે. એ બે બળોની અસરમાંથી મુક્ત થઈ શકાય છે, પણ એ મુક્તિ બહુ ધીમે ધીમે અને ભારે પ્રયત્ન દ્વારા પ્રાપ્ત કરી શકાય. કાર્ય કરવાનો યંત્રવત્ ઈન્કાર કરવા થકી નહીં, પણ કેવળ અનાસક્ત રીતે બુદ્ધિપૂર્વક કાર્ય કરવા થકી જ હું મુક્તિ મેળવી શકું. આ મથામણ સતત ઇંદ્રિયનિગ્રહ અને ઇંદ્રિયદમનમાં પરિણમવી જોઈએ. તો જ આત્મા સર્વથા મુક્ત બની શકે. ૧૫૫

હું માનું છું કે, સત્યનો ઉપદેશ જગતના સઘળા ધર્મપ્રવર્તકોએ આપ્યો છે. મારી નિંદા કરનારાઓ સામે હું કદી પણ રોષની લાગણી ન અનુભવું, અને ખૂનીની ગોળીથી વીંધાઈને પડું તોયે રામનામ રટતો પ્રાણત્યાગ કરું, એવી સદા પ્રાર્થના કરતો રહું છું. છેલ્લી ક્ષણે હું મારા ખૂની સામે ક્રોધ અથવા ઠપકાનો એક શબ્દ પણ ઉચ્ચારું તો મને પાખંડી ગણવામાં આવે તેની હું ફરિયાદ નહીં કરું. ૧૫૬

મારામાં એ વીરની અહિંસા છે ખરી? એ એકમાત્ર મારું મૃત્યુ પુરવાર કરી આપશે. કોઈ મને મારી નાખે અને હું ખૂનીને માટે પ્રાર્થના કરતો કરતો તથા રામનું નામ રટતો રટતો તેમ જ તે મારા હૃદયમંદિરમાં વિરાજે છે એવા ભાન સાથે પ્રાણત્યાગ કરું તો જ, મારામાં વીરની અહિંસા હતી એમ કહી શકાશે. ૧૫૭

મારા શરીર તથા મનની શક્તિ ધીમે ધીમે ક્ષીણ થતી જાય એ રીતે – એક હારેલા માણસ તરીકે, મરવાની મને ઇચ્છા નથી. કોઈ ખૂનીની ગોળીથી મારો દેહ પડે એમ બને. હું એ આવકારું. પરંતુ

મારા છેલ્લા શ્વાસ સુધી મારું કર્તવ્ય બજાવતો બજાવતો હું મુડદું થઈને પડું એ મને અત્યંત ગમે. ૧૫૮

શહીદ થવાની મને તાલાવેલી નથી, પરંતુ જેને હું ધર્મ ગણું છું તેની રક્ષા કરવાનું જે મારું પરમ કર્તવ્ય છે તે બજાવવા જતાં જો શહીદી વહોરવી પડે તો... તે મારી મોટી કમાણી હશે. ૧૫૯

ભૂતકાળમાં મારો જાન લેવાને મારા પર હુમલાઓ કરવામાં આવ્યા છે, પણ ભગવાને મને આજ સુધી બચાવી લીધો છે અને હુમલો કરનારાઓએ તેમના કૃત્ય માટે પસ્તાવો કર્યો છે. પરંતુ હું એક બદમાશને પૂરો કરું છું એવી માન્યતાથી પ્રેરાઈને કોઈ મને ગોળીથી ઠાર કરે તો ખરા ગાંધીજીને નહીં પણ તેને જે બદમાશ લાગ્યો હતો તેને તેણે મારી નાખ્યો હશે. ૧૬૦

હું જો જીર્ણ માંદગીને કારણે મરણ પામું, અરે, એક ફોલ્લી કે ચાંદાથી મરણ પામું, તો લોકો તમારા પર ક્રોધે ભરાય એ જોખમ વહોરીને પણ, દુનિયા આગળ જાહેર કરવાની તમારી ફરજ છે કે, ગાંધી જેનો દાવો કરતો હતો એવો ખુદાનો બંદો તે નહોતો. તમે એમ કરશો તો એથી મારા આત્માને શાંતિ મળશે. આ પણ નોંધ રાખજો: હમણાં જ એક દિવસ કોઈકે બૉમ્બ વતી કરવા ધાર્યું હતું તેમ કોઈ મને ગોળીથી ઠાર કરીને મારા જીવનનો અંત લાવવાનો પ્રયત્ન કરે અને હું તેની ગોળી દુઃખના એક પણ પોકાર વિના ઝીલી લઉં અને રામનું નામ રટતો રટતો પ્રાણત્યાગ કરું તો જ મારો એ દાવો સાચો ઠરશે.* ૧૬૧

મારા મરણ બાદ કોઈ મારા દેહને સરઘસમાં લઈ જવાનો

* આ શબ્દો ગાંધીજીએ ૧૯૪૮ જાન્યુઆરીની ૨૯મી તારીખે, તેમના પર જીવલેણ ગોળી છોડવામાં આવી તેના વીસ કરતાંયે ઓછા કલાક અગાઉ ઉચ્ચાર્યા હતા.

પ્રયત્ન કરે તો હું અફસૂસ તેમને કહું કે, – મારું મુડદું બોલી શકે તો – ભલા, મને એમાંથી છોડો અને હું મર્યો હતો ત્યાં જ મને બાળી મૂકો. ૧૬૨

મારા મરણ પછી કોઈ એક જ વ્યક્તિ સંપૂર્ણપણે મારો પ્રતિનિધિ નહીં બની શકે. પરંતુ મારો સ્વલ્પ અંશ તમારા પૈકી ઘણાના જીવનમાં જીવતો રહેશે. દરેક જણ ધ્યેયને પ્રથમ સ્થાન આપે અને પોતાની જાતને છેલ્લી મૂકશે તો પોલાણ ઘણે અંશે ભરાઈ જશે. ૧૬૩

હું પુનર્જન્મ માગતો નથી. પણ હું આવતે જન્મે જન્મું તો અંત્યજ જ જન્મું અને તેમને પડતાં દુઃખો અનુભવું. હું બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર પણ નહીં, અતિશૂદ્ર જ જન્મવા ઇચ્છું છું. ૧૬૪

# સંદર્ભ

**આત્મ૦** – સત્યના પ્રયોગો અથવા આત્મકથા, ગાંધીજી, પ્રકાશક, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૧૪. આ પુસ્તકના સંદર્ભ માટે વાપરેલી આવૃત્તિ ૧૯૫૬.

**હ૦બં૦** – હરિજનબંધુ, સાપ્તાહિક પત્ર (૧૯૩૩થી ૧૯૫૬), સંસ્થાપક મહાત્મા ગાંધી.

**નવ૦** – નવજીવન, સાપ્તાહિક પત્ર (૧૯૧૯થી ૧૯૩૨), તંત્રી મહાત્મા ગાંધી.

**ક૦વ૦મ૦ગાં૦** – કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી, પ્રકાશક, ધી પબ્લિકેશન ડિવિઝન, મિનિસ્ટ્રી ઑફ ઇન્ફરમેશન ઍન્ડ બ્રૉડકાસ્ટિંગ, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી. આ પુસ્તકના સંદર્ભ માટે વાપરેલી આવૃત્તિ ૧૯૫૮.

**સિલેક્શન્સ૦** – સિલેક્શન્સ ફ્રૉમ ગાંધી, નિર્મળકુમાર બોઝ, પ્રકાશક, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૧૪. આ પુસ્તકના સંદર્ભ માટે વાપરેલી આવૃત્તિ ૧૯૪૮.

**મો૦ક૦ગાં૦** – મહાત્મા, લાઇફ ઑફ મોહનદાસ કરમચંદ ગાંધી, વૉલ્યૂમ ૧થી ૮, ડી. જી. તેંદુલકર, પ્રકાશક વિઠ્ઠલભાઈ કે. ઝવેરી અને ડી. જી. તેંદુલકર, મુંબઈ-૬. આ પુસ્તકના સંદર્ભ માટે વાપરેલી આવૃત્તિ વૉલ્યૂમ-૧, ૨, ૧૯૫૧; વૉલ્યૂમ-૩-૪, ૫, ૧૯૫૨; વૉલ્યૂમ-૬, ૭, ૧૯૫૩; વૉલ્યૂમ-૮, ૧૯૫૪.

**લા૦ફે૦** – મહાત્મા ગાંધી, ધી લાસ્ટ ફેઝ, વૉલ્યૂમ ૧ અને ૨. પ્યારેલાલ, પ્રકાશક, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૧૪. આ પુસ્તકના સંદર્ભ માટે વાપરેલી આવૃત્તિ વૉલ્યૂમ ૧, ૧૯૫૬ અને વૉલ્યૂમ ૨, ૧૯૫૮.

**મા૦મ૦ગાં૦** – ધી માઈન્ડ ઑફ મહાત્મા ગાંધી, આર. કે. પ્રભુ અને યુ. આર. રાવ, પ્રકાશક, ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, લંડન. આ પુસ્તકના સંદર્ભ માટે વાપરેલી આવૃત્તિ ૧૯૪૫.

૧. આત્મ૦ ૪
૨. આત્મ૦ ૪
૩. આત્મ૦ ૪-૫
૪. આત્મ૦ ૫
૫. હ૦બં૦ ૨૫-૩-'૩૪, ૧૦
૬. આત્મ૦ ૩
૭. આત્મ૦ ૩
૮. આત્મ૦ ૪
૯. આત્મ૦ ૫
૧૦. આત્મ૦ ૫
૧૧. આત્મ૦ ૬
૧૨. આત્મ૦ ૭
૧૩. આત્મ૦ ૮
૧૪. આત્મ૦ ૧૦
૧૫. આત્મ૦ ૧૧
૧૬. આત્મ૦ ૧૩
૧૭. આત્મ૦ ૧૭
૧૮. આત્મ૦ ૧૭-૮
૧૯. આત્મ૦ ૧૮-૯
૨૦. આત્મ૦ ૧૯
૨૧. આત્મ૦ ૧૯
૨૨. આત્મ૦ ૧૯
૨૩. આત્મ૦ ૨૧
૨૪. આત્મ૦ ૨૨
૨૫. આત્મ૦ ૨૨
૨૬. આત્મ૦ ૨૨-૩

૨૭. આત્મ૦ ૨૩
૨૮. આત્મ૦ ૨૯
૨૯. આત્મ૦ ૩
૩૦. નવ૦ ૧૭-૪-'૨૧,૨૬૨
૩૧. આત્મ૦ ૩૩
૩૨. આત્મ૦ ૩૩
૩૩. આત્મ૦ ૩૩-૪
૩૪. આત્મ૦ ૩૪, ૩૬
૩૫. ક૦વ૦મ૦ગાં-૧, ૩
૩૬. આત્મ૦ ૪૨-૩
૩૭. આત્મ૦ ૪૩-૪
૩૮. આત્મ૦ ૪૫-૬
૩૯. આત્મ૦ ૫૫
૪૦. આત્મ૦ ૫૬-૭
૪૧. આત્મ૦ ૫૯
૪૨. આત્મ૦ ૭૩
૪૩. આત્મ૦ ૭૩
૪૪. આત્મ૦ ૭૪
૪૫. આત્મ૦ ૭૭
૪૬. આત્મ૦ ૮૪
૪૭. આત્મ૦ ૮૬
૪૮. આત્મ૦ ૯૦
૪૯. આત્મ૦ ૯૪
૫૦. આત્મ૦ ૯૫
૫૧. આત્મ૦ ૯૫
૫૨. આત્મ૦ ૯૮
૫૩. આત્મ૦ ૯૯
૫૪. આત્મ૦ ૧૦૩-૪
૫૫. આત્મ૦ ૧૧૭
૫૬. આત્મ૦ ૧૧૭
૫૭. આત્મ૦ ૧૨૧
૫૮. આત્મ૦ ૧૨૨
૫૯. આત્મ૦ ૧૨૨
૬૦. આત્મ૦ ૧૨૫
૬૧. આત્મ૦ ૧૪૧
૬૨. આત્મ૦ ૧૪૧-૨
૬૩. આત્મ૦ ૧૪૨
૬૪. આત્મ૦ ૧૪૩
૬૫. આત્મ૦ ૧૪૬
૬૬. આત્મ૦ ૧૪૮
૬૭. આત્મ૦ ૧૫૨
૬૮. આત્મ૦ ૧૬૯-૭૦
૬૯. આત્મ૦ ૧૭૧
૭૦. આત્મ૦ ૧૭૧-૨
૭૧. આત્મ૦ ૧૭૪
૭૨. આત્મ૦ ૧૭૫
૭૩. આત્મ૦ ૧૭૭-૮
૭૪. આત્મ૦ ૧૭૮-૯
૭૫. આત્મ૦ ૧૮૪-૫
૭૬. આત્મ૦ ૧૮૫-૬
૭૭. આત્મ૦ ૧૮૬
૭૮. આત્મ૦ ૧૮૬
૭૯. આત્મ૦ ૧૮૯-૯૦
૮૦. આત્મ૦ ૧૯૦
૮૧. આત્મ૦ ૨૪૭-૮
૮૨. આત્મ૦ ૧૯૩
૮૩. આત્મ૦ ૧૯૪-૫
૮૪. આત્મ૦ ૧૯૫-૬
૮૫. આત્મ૦ ૧૯૯
૮૬. આત્મ૦ ૨૫૦
૮૭. આત્મ૦ ૨૫૧
૮૮. નવ૦ ૧૭-૪-'૨૧,૨૬૨
૮૯. આત્મ૦ ૨૫૪
૯૦. આત્મ૦ ૨૬૧
૯૧. આત્મ૦ ૨૭૨-૩
૯૨. આત્મ૦ ૨૮૭
૯૩. આત્મ૦ ૨૮૮
૯૪. આત્મ૦ ૨૮૯
૯૫. આત્મ૦ ૨૮૯
૯૬. આત્મ૦ ૨૯૩-૪
૯૭. આત્મ૦ ૨૯૪
૯૮. આત્મ૦ ૨૯૪-૫
૯૯. આત્મ૦ ૨૯૯
૧૦૦. આત્મ૦ ૨૯૯
૧૦૧. આત્મ૦ ૩૦૫
૧૦૨. આત્મ૦ ૩૦૫
૧૦૩. આત્મ૦ ૩૦૮
૧૦૪. આત્મ૦ ૩૦૯
૧૦૫. આત્મ૦ ૩૧૧
૧૦૬. આત્મ૦ ૩૧૧-૨
૧૦૭. આત્મ૦ ૩૧૨
૧૦૮. આત્મ૦ ૩૧૪
૧૦૯. આત્મ૦ ૩૧૪
૧૧૦. આત્મ૦ ૩૧૫
૧૧૧. આત્મ૦ ૩૩૧-૨
૧૧૨. આત્મ૦ ૩૩૬
૧૧૩. આત્મ૦ ૩૧૬-૭
૧૧૪. આત્મ૦ ૩૧૮
૧૧૫. આત્મ૦ ૩૧૯
૧૧૬. આત્મ૦ ૩૨૦
૧૧૭. સિલેક્શન્સ૦ ૧૬૭-૮
૧૧૮. સિલેક્શન્સ૦ ૧૬૮-૭૦
૧૧૯. સિલેક્શન્સ૦ ૨૧૪
૧૨૦. નવ૦ ૩૦-૫-'૨૬,૩૦૬
૧૨૧. મો૦ક૦ગાં૦-૨, ૧૧૩
૧૨૨. નવ૦ ૨૦-૩-'૨૭,૨૨૯
૧૨૩. આત્મ૦ ૪૫૨
૧૨૪. આત્મ૦ ૪૫૪
૧૨૫. આત્મ૦ ૪૫૪
૧૨૬. મા૦મ૦ગાં૦ ૭
૧૨૭. મા૦મ૦ગાં૦ ૮
૧૨૮. નવ૦ ૨૯-૪-'૨૮,૩૦૨
૧૨૯. નવ૦ ૯-૮-'૨૫, ૩૮૫
૧૩૦. નવ૦ ૩૦-૯-'૨૮, ૩૭
૧૩૧. નવ૦ ૨૮-૧૦-'૨૮,૬૮
૧૩૨. મો૦ક૦ગાં૦-૩
૧૩૩. મો૦ક૦ગાં૦-૩,૧૫૫-૭
૧૩૪. હ૦બં૦ ૧૯-૪-'૩૬, ૪૪-૫
૧૩૫. હ૦બં૦૭-૩-'૩૬,૧૦૨
૧૩૬. મો૦ક૦ગાં૦-૪, ૩૫૬

૧૩૭. હ૦બં૦ ૪-[illegible]
૨૩૭
૧૩૮. લા૦ફે૦-૨, ૪૭૫
૧૩૯. હ૦બં૦ ૨૦-૭-'૩૬,
૧૭-૮
૧૪૦. હ૦બં૦ ૯-૮-'૪૨,
૨૪૪
૧૪૧. હ૦બં૦ ૫-૧૧-'૩૯,
૨૮૦
૧૪૨. હ૦બં૦ ૧૦-૮-'૪૦,
૧૭૫
૧૪૩. હ૦બં૦ ૨૪-૩-'૪૬,
૫૩
[illegible]
૧૪૫ લા૦ફે૦-૨, [illegible]
૧૪૬. મો૦ક૦ગાં૦-૧, [illegible]
૧૪૭. નવ૦ ૫-૭-'૨૫, ૩૪૧
૧૪૮. લા૦ફે૦-૨, ૪૫૩
૧૪૯. હ૦બં૦ ૨૬-૧૦-'૪૭,
૩૪૧
૧૫૦. હ૦બં૦ ૨૯-૬-'૪૭,
૧૮૧
૧૫૧. લા૦ફે૦-૨, ૨૪૬
૧૫૨. લા૦ફે૦-૨, ૨૪૬
[illegible] ૨૧,૯૫
[illegible]ગાં૦ ૬
[illegible] લા૦ફે૦-૨, ૩૨૪
[illegible]૦-૨, ૧૦૧
[illegible] લા૦ફે૦-૨, ૩૨૭
૧૫૮. લા૦ફે૦-૧, ૫૬૨
૧૫૯. મા૦મ૦ગાં૦ ૯
૧૬૦. મા૦મ૦ગાં૦ ૯
૧૬૧. લા૦ફે૦-૨, ૭૬૬
૧૬૨. લા૦ફે૦-૨, ૪૧૭
૧૬૩. લા૦ફે૦-૨, ૭૮૨
૧૬૪. સિલેક્શન્સ૦ ૨૩૮

---

Acc. No. 130365
Date 14-9-2010
SIMLA

હું મારા ઘરની આસપાસ દીવાલ ચણી લેવા તથા મારી બારીઓ બંધ કરી દેવા નથી માગતો. મારા ઘરની આસપાસ સઘળા દેશોની સંસ્કૃતિના પવનની લહેરીઓ છૂટથી વાતી રહે એમ હું ઈચ્છું છું. પણ પવનની એવી કોઈ લહરી દ્વારા જમીનથી અધ્ધર થઈ જવાનો હું ઈનકાર કરું છું. સાહિત્યમાં રસ ધરાવતાં આપણાં તરુણ સ્ત્રીપુરુષો અંગ્રેજી ભાષા તેમ જ બીજી વિશ્વભાષાઓ પેટ ભરીને શીખે એમ હું ઈચ્છું છું. અને પછી તેઓ જગદીશચંદ્ર બોઝ, પ્રફુલ્લચંદ્ર રૉય અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પેઠે પોતાના અભ્યાસનો લાભ હિંદને તથા દુનિયાને આપે એવી તેમની પાસેથી અપેક્ષા રાખું. પરંતુ એક પણ હિંદવાસી પોતાની માતૃભાષાને ભૂલે, તેની અવગણના કરે કે તેનાથી શરમાય અથવા પોતાની માતૃભાષામાં પોતે વિચાર કરી શકતો નથી કે પોતાના વિચારો સારામાં સારી રીતે દર્શાવી શકતો નથી એમ તેને લાગે, એમ હું ઈચ્છતો નથી. મારો ધર્મ ચોકાપંથી નથી.

- ગાંધીજી

Library IIAS, Shimla
GJ 891.474 G 151 K
00130365

SABARMATI ASHRAM
000791 Ahmedabad
GANDHIJINU JEEVAN
EMNA J SHABDOMA GUJ
MRP: Rs.5

Rs.5.00

ISBN 81-7229-039-X